કુમાર


ઊગતી પ્રજાનું માસિક

જેઠ '૮૩ તંત્રી : રવિશંકર રાવળ અંક ૪૨



ઉનાળો
ચિત્રકાર: કનુ દેસાઈ

ગયા અંકમાં આ સ્થળે આવેલી ખાદીની જાહેર ખબરમાં ગામનું નામ CELROL છે તેને બદલે CHEBROLE (Guntur Dist. South India) એમ જોઇએ.



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૬ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



જેઠ '૮૩ના કુમારનું મુખચિત્ર

આમ્રપલ્લવી

ચિત્રકાર: કનુ દેસાઇ

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

વર્ષ ૪ અંક ૬ :: જેઠ ૧૯૮૩

મર્દાનગી

ઘણાખરા હીંમતને જ મર્દાનગી માને છે; પણ મર્દાનગી અને હીંમત બંને એક વસ્તુ નથી. મર્દાનગી એટલે એકલી હીંમત નહિ. હીંમત ઉપરાંત બીજા વધારે ગુણનો તેમાં સમાવેશ થાય છે.

આવી પડેલી મુસીબતોની સામે થવા પુરતી હીંમત કદાચ કોઈમાં હોય; પણ એ મુસીબતોને ઠેઠ સુધી વેઠી લેવાની અને એની સામે યુદ્ધ ખેલી પાર મુકવાની જે રીત એમાં જ મર્દાનગી જણાઈ આવે છે.

હીંમતવાન માણસ એક વખત હીંમત ભીડીને દુઃખની સામે તો થાય છે; પણ પછી ઘણીવાર અધવચથી હારી ખાય છે, કાં તો હતાશ થઇ બેસે છે, અથવા તો રોદણાં રડતોરડતો તે વેઠે છે. મર્દ તો, જીવનને ચોમેરથી ઘેરી લે અને દુઃખના ઘાથી છિન્નભિન્ન કરી નાખે એવા ભીષણ સંજોગોને પણ સામી છાતીએ ઝીલી લે છે, હસતે મોંએ તેની સામે જંગ માંડે છે અને 'ચું' સરખું પણ કર્યા વિના વીરતાથી તેને અંત લગી વેઠી લે છે.

મર્દ હમેશાં સમજીને જ બેઠો હોય છે કે આ દુનિયામાં માણસને એક યા બીજી રીતે મુસીબતો તો આવી જ પડતી હોય છે—એ અનિવાર્ય છે, અને તેનો નિવેડો લાવવાનો ખરો માર્ગ એ જ છે કે હસતે મોંએ તેનો સામનો કરવો અને પુરુષાર્થથી તેની પાર ઉતરવું.

સાથેસાથે, મર્દ તો એમ પણ માને છે કે દુઃખની કસોટીએ ચડ્યા વિના માણસનું પાણી જણાતું નથી. મુસીબતો તો માણસનું ખરૂં હીર બહાર લાવે છે, તેની શક્તિઓને કસે છે, ઝળકાવે છે ને ઝેબ આપે છે અને તેના ઉચ્ચત્તમ પુરુષત્વને પ્રકાશમાં આણે છે.



ગઇ તા. ૨-૩-૪ જુનને દિવસે વઢવાણમાં યુવકસંમેલન ભરાયું. યુવાનો પોતાને વિષે પોતાની જાતે વિચાર કરતા થયા છે એ આપણા ઉગતા આવતા જયવારાના યુગનું એક સુચિહ્ન છે. એમની મિજલસ વચ્ચે રજુ થએલા મારા વિચારો સમસ્ત કુમાર જગતની મિજલસમાં રજુ કરવા જેવા લાગવાથી આ નીચે ઉતાર્યા છે.

આપણા મુરબ્બીઓ, વડીલો કે અધિકારીઓ તરફથી આજ સુધી જે શિક્ષણ અપાતું આવ્યું છે તેથી બનેલી પ્રજા એટલે આજનો યુવાનવર્ગ-આપણે. અત્યારે આપણને સમજાય છે કે હવે પછીના માર્ગમાં એ મુરબ્બીઓ, વડીલો કે વિદ્વાનો આપણને જરા ય હાથ આપી શકે એમ નથી. અત્યારે જ આપણી અસહાયતા આપણને દેખાય છે. ચાલુ શિક્ષણના મોહમાં, સરકારી કે દરબારી નોકરીઓના લોભમાં અને ખાલી આશાઓના ઓઠા પાછળ આપણી જાતનો જે ભોગ અપાયો છે તેનો વિચાર કરૂણ અને અસહ્ય છે.

માબાપોએ પોતાનાં બાળકો માટે કૉલેજની ડિગ્રીથી મળતી કોઇએક નોકરીનો જ ખ્યાલ રાખ્યો હતો; ન કે પુત્રને વિદ્યા, સંસ્કાર કે જીવનની કોઇ ઉચ્ચ દશા અપાવવાનો. જો તેઓ બરોબર સમજ્યા હોત તો તેના સંસ્કાર માટે વધારે કાળજી રાખત. જે વિદ્યા-સંસ્કાર કૉલેજમાં અપાય છે તે તેમના બાપદાદાના સંસ્કારોના મૂળ ઉપર ભયંકર રીતે પ્રહારો કરી રહ્યા છે એ સમજતાં છતાં કેવળ ધન ને નોકરીની ખાતર પોતાના ધર્મ અને કુળસંસ્કારોનો ધુમાડો થવા દે છે. તેમના લગ્નજીવનમાં અસમાનતા આવવાથી જીવનના ઉત્સાહ અને પ્રેરણા હરાઇ ગયાં છે. અકાળે કુટુંબનો ભાર માથે આવી પડવાથી આજનો જુવાન બીચારો નવા જીવન-પ્રયોગ કે સાહસ આદરી શકતો નથી, નવી તાલીમ લઈ શકતો નથી, નવા પ્રદેશોમાં ઝંપલાવી શકતો નથી.

હજુ તેને કુળનું અભિમાન અને જાતિની સંકુચિતતા ડારે છે: હજુ સંકલ્પો અને દાનોથી આળા થઇ ગએલા હાથ કામે લાગતાં આંચકો ખવડાવે છે. છતાં પેટ ભરવાનો સવાલ ઉભો જ છે. વગવસીલા અને ખુશામતથી કયાંક પામર આવક પર તે ચોંટી જાય છે—તેને ચોંટી જવું પડે છે. વડીલોએ તેને રક્ષણ આપવું બંધ કર્યું છે; સ્નેહીઓ ભાર ખમી શકે એમ નથી. એટલે એણે કમાવું જ રહ્યું.

ને એ કેવી રીતે કમાતો દેખાય છે? ખાનદાન વર્ગના છોકરાઓ, ઉચ્ચ જ્ઞાતિના ફરજંદો પોસ્ટના કલાર્કો છે, રેલવેના ગાર્ડો છે, પોલિસની નોકરીમાં છે, કારકુનોના સૈન્યમાં છે. ત્યાં રહીને પણ તેમની અધોગતિ પુરી થઇ નથી. મહેનત કરી જીવતી પ્રજાને હેરાન કરવામાં, સ્વઉદ્યોગથી નભી રહેલા વેપાર કે મજુરીના માર્ગમાં તેઓ અનેક રીતે અડચણરૂપ થાય છે. લાંચ, સ્વાર્થ ને ખુશામત તેમને એ માર્ગે દોરે છે. પ્રામાણિક પગારથી પોતાના પેટનું પુરૂં નહિ થતુ હોવાથી તેમને એ માર્ગે લપસતા જોઇએ છીએ. પરિણામે ખેડુત, મજુર, વેપારી અને કારીગર પણ પોતાના સ્વતંત્ર ધંધાથી કાયર થાય છે; તેને પડતો મુકીને નોકરી શોધે છે; નોકરીના ઓઠા પાછળ થોડી સત્તા અને દમ શોધે છે. એમ પરંપરા વધતી જતાં, આપણા દેશમાં પરાધીનતાની સાંકળો વીંટાતી જ આવી છે.

અને એ પરાધીનતાઓનો તે કંઇ પાર છે? પરાધીનતા વિચારોની, આચારની, ફરવાહરવાની, જીવવાની—આજનો જુવાન નિશાળ કે કૉલેજ છોડીને કરે શું? વેપારી પાસે જાય તો તેને નામું આવડવું જોઇએ, પત્રવ્યવહાર આવડવો જોઇએ, ટાઇપિંગ, માલની લેવડદેવડ, બંદરનો વ્યવહાર, પોસ્ટનો વ્યવહાર, રેલવેનો વ્યવહાર જાણવો જોઇએ. એકડે એકથી બી. એ. થતાં સુધીમાં આમાંનું એક પણ જાણ્યું ન હોય તેનું વેપારીને ત્યાં શું સ્થાન?

દુકાન માંડવા નાણાં જોઇએ, માણસોને રીઝવતાં આવડવું જોઇએ, ખરીદી જાણવી જોઇએ, હીંમત જોઇએ, ધીરજ જોઇએ. B. A. થઈ ગએલા કેટલામાં આ બધું હોય છે?

દરબારી કે સરકારી નોકરીમાં પણ ખાતાનો અનુભવ મળતાં સુધી ઉમેદવારી જ કરવાની. ઉપરી અધિકારીના રીતરિવાજો સાચવવા માટે પ્રામાણિકપણું અને સ્વમાન વટાવવાં જોઇએ. ગરીબોને દબાવવા—નીચોવવા હૃદયની લાગણી કચરી નાખવી જોઇએ. અને બાકી સારી કેળવણીનું ફળ આવું જ જીવન હોય તો એવી કેળવણીને આપણે ક્યાં સુધી દેશમાં ઉત્તેજન આપીશું?

ખાનદાનના છોકરાથી જોડાની દુકાન ન થાય, પતરાંનો સામાન ન બનાવાય, શેરીઓ ને પોળોમાં ફરી ઘરઘરનું જાતજાતનું રીપેર કામ ન કરાય, ફેરિયા તરીકે વેચવા ન નીકળાય—એવાં ભુતોને તો હજુ વડીલો અને મુરબ્બીઓ બાથ ભરી જ રહ્યા છે અને પોતાની અને કુટુંબની ગરીબી વધારી રહ્યા છે. ઉલટું 'બુભુક્ષિતઃ કિં ન કરોતિ પાપમ્' એ પ્રમાણે જ્યાંત્યાં ખાનદાન કહેવાતા કુળોનાં બાળકો

નોકરીએ લાગ્યા છે ત્યાં કોઈક જ અપવાદ સિવાય સામાન્ય રીતે બધે સ્થળે ગરીબ અને નીચેની પ્રજા ઉપર લાંચ રૂશ્વત, દબાણ ધમકી અને વસીલાનું સામ્રાજ્ય વર્તતું દેખાય છે.

શિક્ષક જેવા પવિત્ર ધંધામાં પણ છોકરાઓ પાસેથી ફી વસુલ કરવાની ને ટયુશનો મેળવવાની જ યુક્તિઓ કરતા શિક્ષકોની ખોટ નથી. રાજ્યના અન્યાય ઠેઠ સુધી પાર ઉતારનારા પણ એવા જ માણસો હોય છે. રેલવે કે પોલિસના જુલમ વધારવા આપણામાંથી જ ત્યાં ગએલા માણસો છે. અંગ્રેજ સરકારના રાજ્યનું વહીવટદાર સૈન્ય આપણી કૉલેજો અને હાઈ સ્કુલોમાંથી જ પાકયું છે. દેશની બેડીઓ વધારવામાં, ઉદ્યોગનાં બારાં નાશ કરાવવામાં અંધ હાજી ભણનારા એ જ વહીવટદારો નહિ તો બીજું કોણ દેખાય છે ? આ બધાનું કારણ આજનો પતિત થએલો યુવાન છે.

અને આ બધાનો અંત લાવવાની શક્તિ પણ યુવાનમાં જ છે.

આ યુવાનોના પ્રશ્નનો નિકાલ એક સાથે જ આવી જાય તે અસંભવિત છે; પણ જેમનામાં કંઇક ચારિત્ર્યની જ્યોત પ્રગટી છે, જેમણે જીવનને કુસંગતિથી અને પ્રમાદથી બચાવ્યું છે, એવા યુવાનો પોતાના પ્રામાણિક પ્રયત્નો પર જ વિશ્વાસ રાખી દુનિયામાં ધસારો કરે તો જરૂર પોતાને યોગ્ય સન્માન અને સ્થાન પામશે. યુવાનોએ નિશ્ચય કરવો જોઇએ કે પોતે જ્યાં જશે ત્યાં તેને લાંચ રૂશ્વતનું વાતાવરણ કલુષિત કરી શકશે નહિ, ખોટા અને અન્યાયી વર્તનમાં તે સામેલ થઈ શકશે નહિ અથવા એવી પ્રવૃત્તિ ચલાવતા માણસોનું હથિયાર થશે નહિ કે ગરીબ, અભણ અને અનાથ પાસેથી તેમની સ્થિતિનો ગેરલાભ લેશે નહિ. નોકરી કરવી તો તરવારની ધાર પર રહીને કરવી, કામ કરવું તો મિનિટ-મિનિટ હક્ક કરી આપવી, એ સિદ્ધાંત

> **આપણા સામાજિક દોષો પાણીથી કે શબ્દોથી ધોવાય એવા નથી. આપણા પરસેવાથી જ આપણે તે ધોવા પડશે. અને આજે તેમ નહિ કરીએ તો કાલે આપણા લોહીથી ધોવા પડશે.**
>
> (કાલેલકર)

પર જીવનારા જુવાનનો દુનિયામાં બધે ખપ છે,—અરે ખપ શું, ખોટ છે. અને એ ખોટ પુરવાની માગણી સદાકાળ ઉભી જ છે.

એકદમ પૈસાદાર થઈ જવાનાં સ્વપ્નાં ઘડનારા મોટા આળસુ છે—બીજાઓના હક્ક દબાવનારા છે. જગતનાં તત્ત્વો તેમને શી રીતે સહાયક થઈ શકે ? અનેકની સેવા કરીને, અનેકને સુખ આપીને જે પોતાનો ભાગ મેળવે છે તે જ ખરો પુરુષાર્થી છે, તેને જ ચિરસ્થાયી સંપત્તિ વરે છે.

યુવાન ભાઇઓ ! તમે ઉદ્યોગ કે નોકરી વિના મુંઝાતા હો તો ઘર, શેરી કે વતનમાં જ આંટા મારવા બંધ કરો અને એકદમ જ્યાં તમારી જગ્યા થાય ત્યાં જવાનો નિશ્ચય કરો. ભલે દુનિયાને છેડે જવાનું થાય. તમારી જગ્યાને લાયક સાબીત થવા છેલ્લી શક્તિ સુધી ટક્કર લો. કુદરત માણસ તરફ બહુ મહેરબાન હોય છે, પણ માણસ તેની જુજ જેવી કસોટીમાંથી નીકળવા પણ તૈયાર હોતો નથી, એટલે દુઃખ અને નિરાશાનાં રૂપો સામે જોતો બેસે છે.

તમારા કુટુંબ કે પત્ની કે બાળકોનો વિયોગ થોડો વખત ખમવા તૈયાર થાવ. મારા એક સ્નેહીએ દેશમાં પોતાનું દારિદ્રયમય જીવન જોઈ એકાએક તેનો ત્યાગ કર્યો, વર્ષો સુધી પોતાનાં બાળકો અને પત્નીનો વિયોગ સહન કર્યો, મહાસાગર પર તોફાને ચડેલાં વહાણ જેવું જીવન વર્ષો સુધી ખેંચ્યું પણ અંતે પોતાના પુત્રો અને પત્નીને સુખસંપત્તિનો વારસો આપ્યો. આવાં માણસોના જીવનનો ઇતિહાસ જાણ્યા વિના આપણે તેમની ઈર્ષ્યા કરતા હોઇએ છીએ, આપણને અન્યાય થતો માનીએ છીએ અને જગતને ખાલી શાપો આપીએ છીએ.

આવી મનોદશા છોડી દેજો. જગતના કોઇ પણ પગથિયેથી ઉદ્યમ શરૂ કરો અને તમારી લાયકી સિદ્ધ કરી વધારે માગો તો મળશે. નિશાળનાં કે કૉલેજનાં બેચાર વર્ષો ખર્ચ કરીને ખેંચી કહાડવાં પડે છે તો આખી જીંદગીના મંડાણ રૂપ ઉદ્યમ કે નોકરીમાં સફળ થવા પુરતી ભૂમિકામાં કંઇ જ ભોગ આપ્યા વિના મુલ્ય અંકાવી શકશો નહિ.

અંગત પ્રયોગ માટે આ સૂચના કર્યા પછી એક બીજી વાત કહેવાની રહે છે. આખો યુવકવર્ગ પરસ્પરની સહાય માટે ગામેગામ અથવા મુખ્ય શહેરોમાં Y. M. C. A. જેવું યુવક સહાયકારી મંડળ સ્થાપે તો ઘણું ઉપકારક થશે. યુવકો ત્યાં મળેહળે, વાંચે યા વ્યાયામ કરવાની ગોઠવણ રાખી શકે. જુદાજુદા વર્ગના, ન્યાતના અને અભ્યાસવાળા જુવાનો ચોક્કસ નિયમોને અધીન રહી હળતામળતા થશે તો પરસ્પર પાસેથી ઘણું શીખશે; અને પોતાના સ્થાનમાં વારંવાર અનુભવી માણસોનો પરિચય ગોઠવી નવીનવી જીવનદિશાઓ સમજવા યત્ન કરશે તો ઘણો લાભ થવા સંભવ છે. એકાદ નાની સૂચના કે હકીકત કોઇને આખા જીવનનો રસ્તો સુઝાડનાર બની જાય.

અત્યારે કેટલાએક શ્રીમાનો, મીલમાલિકો અને લોકોપકારી સંસ્થાના અધ્યક્ષો કેળવાએલા, પ્રામાણિક અને સહિષ્ણુ જુવાનોને શોધે છે. તમે

તેમની નજરમાં ઉતરશે એવા હો તો તમારા માટે જગ્યા થતાં વાર નહિ લાગે. પણ તમે તમારી જાત ઉપર પહેલેથી મોટી કીમત લગાવી ન બેસતા. તમારૂં કામ અને તમારી સેવાવૃત્તિ જ તે નક્કી કરી આપશે. તમે જ્યાં જાઓ ત્યાં સમય તત્પર રહેજો. કામ હાથમાં લીધા પછી તેની માહીતી કે વહીવટમાં તમે ઉણા ઉતરશો તો તમારૂં જ હિત કમી થશે.

તમે ડૉક્ટર કે વકીલ થાઓ તો તમારી શક્તિ કે જ્ઞાન જગતમાં દંભ અને તકરાર વધારવામાં ન વાપરતા. અધિકારી થાઓ તો લોકોની સેવાને ધ્યેય માનજો. જગતની બધી જગ્યાઓ પર પહેલાં યુવકોનો જ આધકાર થાય છે. પણ યુવક જ્યારે પતિત થાય છે ત્યારે જગતના બધા વ્યવહારમાં અવ્યવસ્થા અને અંધેર દેખાવા લાગે છે.

તમે શિક્ષક થવાનું પસંદ કરો તો તમારી આવકથી તમે સંતુષ્ટ રહેશો એમ માનીને જ એ સ્થાન પસંદ કરજો. એ ધંધામાં પૈસાની રેલમછેલ નહિ થાય પણ નિત્યનિત્ય જીવન-વિકાસનો નવો અભ્યાસ એ જીવનમાં છે જ. તમે ધારશો તો શ્રીમાનો અને બળવાનો તમારી એકનિષ્ઠા અને અભ્યાસ-પરાયણતા આગળ માથું ઝુકાવશે. તમે એમને શરણ થશો તો તમારૂં બિરદ જશે. એ વખતે એ ધંધો તજી દેજો પણ એ પદનું ગૌરવ ઓછું કરતા મા.

મોટા પગારો અને એકદમ ધનપ્રાપ્તિનાં સ્વપ્નો કરીએ એવી આપણા દેશની સ્થિતિ નથી. એટલે જે કામ મળે તેનાથી શરૂઆત કરવામાં ઢીલ ન કરશો. તમને ખાતરી હોય કે તમે જરૂર કોઈ મોટી જગ્યાને લાયક છો તો તે જગ્યા માટે રાહ જોવામાં તમારો વખત ખાલી જવા ન દેતા. કંઇ અભ્યાસ કે લોકોપકારી કાર્ય તો હાથ પર રાખજો જ. તમારી કોઇ કદર ન કરે તો જગતને ગાળો દેવાનો તમને હક્ક નથી. તમે તમારો ચાલુ ખર્ચ બહુ જ થોડો અને નિયમિત રાખશો તો જ આ ઢીલના સમયમાં ટકી શકશો; નહિતો હાર ખાશો. અમુક પગારને લીધે અમુક કલાક જ કામ કરવું એવો આગ્રહ તમારા શેઠ કે ઉપરી જોડે બતાવતા નહિ. દરેક સારો શેઠ કે ઉપરી પોતાના હાથ તળે કામ કરતા માણસોની જરૂરિયાતો, આરામ અને સન્માનનો વિચાર કરે છે. તે નહિ કરે તો તેના પોતાના હક્કમાં નુકસાન થવાનું છે. પણ તમે તમારી છાપ એકનિષ્ઠ કામ કરનાર તરીકે પાડી બતાવજો. તમે કામ બરોબર કરી બતાવ્યું હોય તો બીજી જગ્યાએ જતી વેળા શેઠને તમારી લાયકાત વિષે સ્પષ્ટ કહેવાનો હક્ક મળે છે.

તમારા ધંધા કે કામની વેળાએ ઘરની પંચાત કે વહે-વારની વાતો કદિ આવવા દેતા નહિ. તમારી રીતભાત જ એવી રાખજો કે તમારાં સગાંવહાલાં એ વખત દરમ્યાન તમારાથી ચેતતાં રહે. આ વાત નજીવી જેવી છે, પણ ઘણા જણને તેમની નોકરી કે ધંધામાં નુકસાનકર્તા થઇ પડયાના દાખલા છે.

જુનાં માણસોનો યુગ ઉતરે છે; યુવકોનો વારો આવ્યો આવે છે. તમે તેમની જગ્યા લઇ તમારાં દુઃખો અને સાથે આખા દેશનાં દુઃખોનું નિવારણ કરવા શા વિચારો કરો છો, શાં કાર્યો કરી બતાવો છો તેનો હિસાબ ગોઠવી રાખજો.

આપણને થયું છે શું ?


ગમે તે ધંધામાં આપણે નજર કરીએ તો જણાશે કે દરેક કારીગર પોતાનું કામ કાળજી અને મહેનતથી દિલ દઇને કરતો લાગતો નથી. કોઈ એકાદ કામ હાથમાં લે છે તો કરતાંકરતાં હજાર જાતના ચાળા કરે છે. બીડી પીતા ઉભા રહે છે, પાન ચાવે છે, ચા પીવા જાય છે, નકામું જોવા ઉભા રહી જાય છે, વાતો કરે છે વગેરે; પણ ધારેલા વખત સુધી કામમાં ધ્યાન આપતા નથી. આ દુર્ગુણ આખી પ્રજા-માં પેઠો લાગે છે. કારકુનો, અમલદારો, કારીગરો, બધાં જાણે કામ ઘસડતા હોય તેમ લાગે છે. દેશનો આ દુર્ગુણ દૂર કરવાનો બોજો ઉગતી પ્રજાને શિર આવે છે. થોડાં જ વર્ષ પછી તમારામાંના ઘણા જણ ધંધે લાગવાના, અને તમે પણ ધંધાદારીમાં ગણાવાના. તે વખતે તમારે કેમ વર્તવું તેનો વિચાર હાલ જ કરી રાખો. તમે દરેક જણ આદર્શ-ધંધાદારી થવા યત્ન કરશો તો આખો દેશ ધામેધીમે તેવો થતો જશે, અને દેશનું દારિદ્રય કપાતું જશે.

એકોપાસના

માણસે એકને જ ધારવો જોઇએ. જે એકને જ ધારે છે, એકની જ ઉપાસના કરે છે, આમરણ એકને જ વળગી રહે છે, મૃત્યુની પેલી પાર પણ જેને એક જ છે તે બધું પામે છે. પણ જે ઘડીક આ લે છે ને ઘડીક તે લે છે તેને પસ્તાવું પડે છે. એકમાં જ જે એકાગ્ર થઇ સર્વસ્વને હોમી દે છે તે સર્વ-સ્વને મેળવે છે. પણ જે એકમાંથી છટકે છે તેને જીવનભર ફાંફાં મારવાનાં રહે છે. જે લઇએ તે એક લઇએ. વિદ્યા તો એક, ઉદ્યોગ તો એક, ગુરુ તો એક, પંથ તો એક ને ઇશ્વર તો એક. એક સાથે એક થતાં એકમાં અનેક અને અનેકમાં એકનું દર્શન થશે. એકનો જ્ઞાતા સર્વજ્ઞ થશે. એકનો પંડિત પંડિતશિરોમણિ થશે. એકનિષ્ણાત અનેકનિષ્ણાત થશે.

પણ એ એકને ઉપાસવો જ અઘરો છે. અનેકનો મોહ મનને ભમાવે છે. એકની સ્થિરતાને અનેક અસ્થિર કરે છે. એકના વિશ્વાસમાં—વફાદામાં અનેકનો વિશ્વાસ અને વફાઇ ઉભાં છે. એક સાધવો સહેલો નથી. એ એક પ્રભુ હોય કે પત્થર. જીવનમાં આવી આપણી એકોપાસના છે ? (શિક્ષણ પત્રિકા)

ગઈ મિજલસમાં ચર્ચેલા મુદ્દાને લગતો એક કિસ્સો હમણાં જ બન્યો છે. મ્હૈસુર યૂનિવર્સિટીની ઇન્ટરમીડિયેટ પરીક્ષાના પરિણામપત્રકમાં કારકુનની ભુલથી, પહેલા વર્ગમાં પાસ થતા એક વિદ્યાર્થીનું નામ જાહેર થવું રહી ગયું. બીજે દિવસે, પરિણામમાં થએલી ભુલો જાહેર થઈ એમાં એનું નામ પહેલા વર્ગમાં હતું ! પરંતુ એ દીન વિદ્યાર્થી તો તળાવ-માં ડુબી ક્યારનો આત્મઘાત કરી ચુકયો હતો !



સૌન્દર્ય–શરીરનું–બે પ્રકારનું હોય છે : અવયવોના સમતોલ વિકાસનું અને ચહેરાનું. આ બંનેનું યોગ્ય મિલન ઝાઝું નજરે પડતું નથી. ભાઇ પુરુષોત્તમદાસ મંગળદાસમાં એ મિલન સપ્રમાણ હતું. આ સાથે આપેલાં ચિત્રોમાંના ભાઇ જયકૃષ્ણ પુરાણીમાં એ નજરે પડે છે. અમદાવાદ મ્યુનિસિપલ શાળાઓના ફિઝિકલ ડાયરેક્ટર અને ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક ભાઈ જયકૃષ્ણના શરીરમાં ક્રમિક વિકાસનાં વિવિધ તત્ત્વો સરસ સમાએલાં છે. ૭ વર્ષથી નિયમિત વ્યાયામ કરનાર આ ભાઇનું વજન ૧૨૩ રતલ, ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ અને વય ૨૫ વર્ષનું છે. સુપ્રસિદ્ધ શ્રી અંબાલાલ પુરાણી અને શ્રી છોટાલાલ પુરાણીના એ ભાઇ થાય. વ્યાયામના ઉપાસક અને અભ્યાસક હોઇ કુસ્તીના એ સરસ જાણકાર છે.

તંદુરસ્તીના રાજમાર્ગ

ખરી કકડીને ભુખ લાગ્યા વિના કદિ કાંઈ ખાતા નહિ; પછી ભલે સામે મિષ્ટાન્નના ગંજ ખડકયા હોય.

કુદરતી તરશ લાગ્યા વિના કાંઈ પણ પીતા નહિ; સોડા લેમન કે શરબતની ભલે નદીઓ વહેતી હોય.

રાત્રે વહેલા સુઇ પરોઢીએ નિયમિતપણે વહેલા ઉઠો; અને ત્યાં સુધી નીરાંતની મીઠી ઉંઘ લો. મોડી રાતના ઉજાગરા ને પહોર દહાડો ચડતાં સુધીનું ઘારણ એ તંદુરસ્તીનાં દુશ્મન છે.

વાંચવા લખવા કે કામકાજના નિયમિત વખત પ્રમાણે મહેનત કરો; અને વચ્ચે નિયમિત આરામ, ગમ્મત ને વિનોદ લો.

અને વિચાર નિર્મળ કર્યા એટલે આચાર એની મેળે શુદ્ધ બની જવાના.

તંદુરસ્તીના આ રાજમાર્ગ છે.

ઔદ્યોગિક અમેરિકાનો ક્રાંતિકાર
મોટરેનો રાજા
હેન્રી ફૉર્ડ

આજથી ઓગણપચાસ વર્ષ પહેલાં અમેરિકાના એક પંદર વરસના છોકરાએ નિશાળનાં બારણાંને નમસ્કાર કરી કારખાનામાં કામે જવા માંડ્યું. દરરોજના દસ કલાક કામ કરતો ત્યારે અઠવાડિયે એને નવ રૂપિયા મળતા. આટલા ટુંકા રોજમાં પુરૂં નહિ થવાથી એ એના બચના વખતમાં ઘડિયાળો દુરસ્ત કરી પૈસા મેળવતો. આપણા આજના છોકરાઓ તો કહેશે કે અમને કોઇ ઘડિયાળ સમી કરવા આપે જ નહિ ને? પણ આવી ફરિયાદ કરતાં પહેલાં તેમણે પોતાની લાયકાત તપાસવી જોઇએ. આ છોકરાએ તો બાર વરસની વયે એક આખી ઘડિયાળ ઉકેલી તેનું ચક્કરે ચક્કર છુટું કરી પાછી ફરી આખી બેસાડી દીધી હતી! એ વખતે આજના જેટલા સાંચાઓ શોધાયા નહોતા. આજે આપણી ચોમેર અનેક જાતના સાંચાઓ ઉભરાય છે, છતાં આપણા આળસુ પાદશાહોને કશાની સામે નજર સરખી કરવાની ફુરસદ નથી!

તે જે કારખાનામાં હતો ત્યાંના સાંચાકામનો પુરેપુરો અનુભવ મળી ગયો એટલે તરત જ એણે એ નોકરી છોડી દીધી ને વધારે નવો અનુભવ મેળવવા ઓછા પગારની એક બીજી નોકરી શોધી કાઢી. એ ચાલાક છોકરો આજે એક સેકંડના લગભગ પંદર રૂપિયા કમાય છે! દુનિયાનો એ સૌથી મોટો શ્રીમંત છે એટલું જ નહિ, પણ પૈસા માટે જે થોડા શ્રીમંતો જ ધિક્કાર નથી પામ્યા તેમાંનો એક છે. કોઈને એની ઇર્ષ્યા નથી થતી કેમકે એણે પોતાનું ધન બહુ જ પ્રામાણિક રીતે મેળવ્યું છે.

'તમે આજ રમો છો એવાં વિવિધ પ્રકારનાં રમકડાં એ વખતે નહોતાં થયાં, એટલે જુદાંજુદાં ઓજારો વડે જ હું રમતો ને આજ સુધી એ જ મારાં રમકડાં રહ્યાં છે.' ઇ. સ. ૧૮૬૩ના જુન મહિનાની ૩૦ મી તારીખે, જ્યાં એનો જન્મ થયો હતો તે અમેરિકાના મિશિગન પરગણાના ડીઅરબૉર્ન ગામના ખેતરમાં ગાળેલા પોતાના બાળપણ વિષે હેન્રીફૉર્ડ ઉપરના શબ્દો કહે છે.

એનાં માબાપ મધ્યમ સ્થિતિનાં ખેડુત હતાં. એનો બાપ ગામનો પાદરી હોવાથી ઠીક પ્રતિષ્ઠાવાળો ગણાતો. ધાર્યું હોત તો ફૉર્ડને વધારે ભણાવી એ કૉલેજમાં પણ મોકલી શક્યો હોત. પણ આપણા ભાઇસાહેબને સાંચાકામ સિવાય દુનિયાના એકકે કામમાં મજા નહોતી પડતી;--પોતાના ખેતરના કામમાં યે નહિ. એ વખતે તો ખેતી એ જ મુખ્ય, પ્રતિષ્ઠાવાળો અને કમાણીવાળો ધંધો ગણાતો. પણ ફૉર્ડ કહે છે કે મને ખેતરનું વૈતરૂં ગમતું જ નહિ. જુદાંજુદાં ઓજારો વડે દિવસ આખો ઘસજુંસ કરવા સિવાય ને ખરાખોટા સાંચા બનાવી તેમને દોડાવવાની માથાકુટ કરવા સિવાય હેન્રી એની જિંદગીમાં બીજું કાંઇ જ કરવાનો નથી, એમ લાગવાથી એના બાપને એની ભારે ચિંતા થતી.

એક વાર ફૉર્ડ એના બાપ સાથે પોતાની બળદગાડીમાં બેસી ડીઅરબૉર્નથી ડેટ્રૉઇટ જતો હતો. એવામાં રસ્તા પર એની નજર એક મોટા વરાળયંત્ર પર પડી. એ અરસામાં નવું શોધાએલું એ ભારે યંત્ર મોટા બોજા ખેંચવા માટે, અથવા તો કણુસલામાંથી દાણા છુટા પાડવાનો સંચો ચલાવવા માટે વપરાતું. ફૉર્ડે એની જિંદગીમાં એ પહેલવહેલું ઘોડા વગરનું એન્જિન જોયું.

થોડે દૂર ગયા પછી ગાડીમાં હેન્રીને ન જોતાં એના બાપને ફાળ પડી. ખટારો ઉભો રાખી એણે પાછા ફરી જોયું તો નાનો હેન્રી પેલા એન્જિન હાંકનાર સાથે વાતો કરતો હતો ને એ એન્જિન કેવી રીતે બન્યું ને કેવી રીતે કામ કરતું એ સંબંધી જેટલી મળે એટલી માહીતી પ્રશ્નો પુછીપુછી મેળવતો હતો!

કુમાર અવસ્થાનો વાંચવાનો શૉખ તો સર્વવિદિત છે. કુતૂહલ અને નવું જાણવાની જિજ્ઞાસાની એ અવસ્થામાં છોકરાઓ જે હાથ ચડે તે ઉત્સાહપૂર્વક વાંચ્યે જ રાખે છે. ફૉર્ડ શું વાંચતો હતો? નિશાળનાં ચોપડાં? ના.

નિશાળની ચોપડીઓએ કદિ મહાપુરુષો ઘડ્યા સાંભળ્યા છે? મહાન વૈજ્ઞાનિકો, ખગોળવેત્તાઓ, સાહસવીરો, શોધકો કે લોકનેતાઓ જે જે પાક્યા છે તે, કાં તો ખેતરમાં કોઇ ઝાડના છાંયા નીચે આડે પડખે પડ્યાપડ્યા, કોઇ લુહારની કોડ કે દરિયાકાંઠે ડોલતી હોડીમાં અથવા ઘરને માનીતે ખુણે પેસીને મનગમતી ચોપડીઓ વાંચી તેમાંથી પ્રેરણા ને જ્ઞાન મેળવતા, ભાવિ સ્વપ્નો અને મહત્ત્વાકાંક્ષાઓ ઘડતા.

ડીઅરબૉર્નના ટ્રૅક્ટરના કારખાનાની ફૉર્ડની ઑફિસમાં સંખ્યાબંધ બુકકેસ ખીચોખીચ ભરેલાં પડ્યાં છે. એમાંના એકાદમાં ઠેઠ ૧૮૬૦ની સાલનાં 'ઇંગ્લિશ મિકૅનિક-વર્લ્ડ ઑફ્ સાયન્સ'નો અકબંધ ફાઇલો હજી પણ નજરે ચડે છે. ફૉર્ડની એ હમેશની સાથી હતી; એનું પાનેપાનું એને હૈયે હતું.

આમ, હથિયારોના સહવાસ અને અનુભવ તથા પુસ્તકોની પ્રેરણા પીપી જુવાન થતા જતા ફૉર્ડની કલ્પનામાં એક નવો સાંચો ખડો થયો. તેને ટ્રૅક્ટર (વરાળયંત્રથી ચાલતું હળ) બનાવવાનો વિચાર થયો. પોતાની નજર સામે રાતદિવસ ખેતરમાં કાળી મજુરી કરતાં માણસોને જોઇને એને થયું કે ટ્રૅક્ટર બનાવી શકાય તો માણસની ઘણી મહેનત ઓછી થઇ જાય. પણ તે દરેક ખેડુત ખરીદી શકે એટલું સસ્તું બનવું જોઇએ. પોતાની આ કલ્પનાને સાકાર કરવા ફૉર્ડે એના બાપના ખેતરમાં પેટીઓનાં ખોખાં ભરવાની એક વખારમાં કલાકો, દિવસો ને મહિનાઓ—જેટલો મળે એટલો બધો નવરાશનો વખત ગાળવા માંડ્યો.



હેન્રી ફૉર્ડ

આ દરમ્યાન એણે જુદીજુદી નોકરીઓ કરી. પહેલાં તે ડેટ્રૉઇટમાં એક સોનીને ત્યાં કામે રહ્યો; ત્યાંથી વળી ઇગલ આયર્ન વર્ક્સમાં સાંચાઓ દુરસ્ત કરનાર તરીકે નોકર રહ્યો. પણ એ બધો વખત એના મગજમાં ટ્રૅક્ટર બનાવવાનો વિચાર ઘોળાયા જ કરતો.

અત્યાર સુધી એન્જિન ચલાવવા માટે માત્ર વરાળનો જ ઉપયોગ જાણવામાં આવ્યો હતો; પણ હમણાં હમણાં ગૅસ એન્જિનની શોધ થવા માંડી હતી. ફૉર્ડના માનીતા ચોપાનિયા 'વિજ્ઞાન જગત'માં જેવા એના સમાચાર ને વિગત પ્રગટ થયાં કે તરત હેન્રીએ બીજી બધી પ્રવૃત્તિઓ છોડી દઇ ડીઅરબૉર્નના પોતાના ખેતરોમાં જઇ ત્યાં ગૅસ એન્જિનના અખતરાઓ કરવામાં પોતાનો બધો વખત ગાળવા માંડ્યો. આ વખતે એ પહેલા વર્ગનો સાંચા-કામ-કુશળ ગણાતો થઇ ગયો હતો.

પણ હજી એના બાપને એની આવી ધૂનોમાં કશી શ્રદ્ધા નહોતી, તેમ એના જ્ઞાનથી કશો સંતોષ નહોતો. એ તો હજી એમ જ માનતો કે આમ વાંદરાની જેમ ઓજારો સાથે અટકચાળાં કરવાનું છોડી દઇ હેન્રી ખેતીના કામમાં જોડાય તો જ કંઇક શુક્કરવાર વળવાનો છે. અંતે તેણે, હેન્રી જો હવે ડાહ્યો ડમરો થઇને ખેતીના ધંધામાં બરાબર ધ્યાન આપે તો તેને ૪૦ એકર જમીન આપવાનું જણાવ્યું. હેન્રીએ તે કબુલ રાખ્યું. તેણે સંકેલીને ફેરવી ફેરવી શકાય એવો લાકડાં વહેરવાનો એક સંચો બનાવ્યો, અને તે વડે લાકડાં વહેરી પોતાની કલ્પના મુજબનું મનગમતું એક ઘર બાંધી ત્યાં રહ્યો. ત્યાર પછી થોડે વખતે એ પરણ્યો પણ ખરો.


ફૉર્ડના જીવનમાં એ બહુ અગત્યના દિવસો

હતા. નિશાળને નમસ્કાર તો બહુ વહેલા કર્યા હતા, છતાં આજ સુધીનો એનો સમય અભ્યાસમાં જ વીત્યો હતો. કંઈક ને કંઇક, રોજેરોજ નવું નવું શીખવાનું એણે ચાલુ જ રાખ્યું હતું.

આ સિવાય જીવનમાં જે એક સિદ્ધાંત આ વયે એણે બાંધ્યો અને આચારમાં મુક્યો તે ઘણો જ મહત્ત્વનો છેઃ 'પોતાના ખપની દરેક ચીજ પોતાને હાથે જ બનાવી લેવી.' પોતાના વપરાશની નાનામાં નાની ચીજ પણ તે જાતે જ બનાવી લેતો. આ સિદ્ધાંત એના આખા જીવનભર ફૉર્ડે આચર્યો છે; એ જ એની સફળતાનું રહસ્ય છે. ફૉર્ડ મોટર એ કંઇ અહીંતહીંથી ખેંચી આણેલા સાંચાઓનું માળખું નથી. એનો એકેએક ભાગ ફૉર્ડનો યોજેલો, ઘડેલો ને બનાવેલો છે.

અને 'ખપની દરેક ચીજ હાથે જ બનાવી લેવા'નો આ સિદ્ધાંત અમલમાં મુકવો એ રમતવાત નથી. એને માટે અભ્યાસ જોઇએ, અનુભવ જોઇએ; પણ સૌથી મોટી વાત તો એ કે ધીરજ જોઇએ, ખંત જોઇએ. હતાશ થયું પાલવે જ નહિ. અભ્યાસ ને અનુભવ ઉતાવળે આવતાં નથી. ફૉર્ડ કહે છે કે 'બધી નિરાશાઓનું મુળ ઉતાવળ છે. કોઇ પણ વસ્તુ બનાવવામાં અધીરાઇ શા માટે રાખવી જોઇએ? વિજયને આવતાં હમેશાં વાર જ લાગે છે. એનો માર્ગ ખંતથી ખેડી રાખવો જોઇએ.'

આવી જાતના તત્ત્વજ્ઞાનમાંથી પાકતું પાકતું ધીમેધીમે ઇ. સ. ૧૮૯૩માં ફૉર્ડનું પહેલું ગૅસોલિન એન્જિન (મોટર) તૈયાર થયું. સાઇકલના જેવી એના સિલિન્ડરો હતી; ૨૮ ઇંચના વ્યાસવાળાં, વાળાના આરાવાળાં, નક્કર રબ્બરના ટાયરવાળાં એનાં પૈડાં



પોતે ૧૮૯૩માં બનાવેલી પહેલવહેલી મોટર ઉપર ફૉર્ડ શા આત્મસંતોષથી મલકાતો બેઠો છે !

હતાં; એન્જિન પાણીથી ઠારવાનું હતું; અને અંદરના એક પદાર્થી એને પાવર આપી ચાલુ કરી શકાતું.

ઘણે લાંબે વખતે આટલી ગાડી તૈયાર થઇ હતી. પોતાનો પતિ 'ઘોડા વિના ચલાવી શકાય એવી આ ગાડી' બનાવવામાં રાત ને દિવસ કારખાનામાં કામમાં ગુંથાએલો રહેતો તે વખતે મિસિસ ફૉર્ડ વારંવાર ત્યાં જોવા જતી. ફૉર્ડ કહે છે કે તેને મારામાં બહુ શ્રદ્ધા હતી અને તે વારંવાર મને ઉત્તેજન આપ્યા કરતી.

સવારના ત્રણ વાગ્યે મોટર તૈયાર થઇ અને ફૉર્ડ તેને બહાર ફેરવવા લઇ ગયો. પણ બહુ દૂર સુધી ફેરવી નહિ,—માત્ર ગલીના નાકા સુધી જ. એમાં હજી એક ખામી હતી. તે ગોળ ચક્કર વાળીને પાછી ફેરવી શકાતી નહિ. પણ ફૉર્ડ કહે છે કે તેથી શું? એ વખતે તો મુખ્ય વાત એ જ હતી કે ગાડી ચાલતી થઇ ખરી ને?

તે કલાકના પચીસથી ત્રીસ માઇલ કાપતી; પણ અવાજ પુષ્કળ કરતી. એના એન્જિનના ધડાકાથી આસપાસના પાડોશીઓને બહુ ત્રાસ થતો. એ વખતે મિ. વિલિયમ એવરી ડેટ્રૉઇટનો મેયર હતો. તે બહુ ભલો માણસ હતો અને ફૉર્ડનો મિત્ર હતો. ફૉર્ડ કહે છે કે મારા એન્જિનના અવાજના ત્રાસને લીધે પાડોશીઓ મારી સામે ફરિયાદ માંડે તો તે મારું રક્ષણ કરવા તૈયાર હતો.

કલાકના ત્રીસ માઇલની ઝડપે દોડનારી ગાડી તૈયાર તો થઇ; પણ મરજી મુજબ પાછી ન ફરી શકે એવી ગાડી કાંઇ બજારમાં મુકાય? ફૉર્ડે વિચાર કરવામાં બીજાં બે વરસ કાઢી નાખ્યાં ને ૧૮૯૫માં

નવી ગાડી બનાવવા માંડી અને ત્રણ વરસ સુધી તે તેની પાછળ મથ્યો. આની સાથોસાથ તે ડેટ્રોઇટ એડિસન કંપનીમાં પણ કામ કરતો. આ વખતે તેની ઉપર ત્રીસ વરસની હતી.

ત્યાર પછીના દસકામાં, ઘણાખરા શોધકોની બાબતમાં બને છે તેમ, ફૉર્ડને માથે કેટલા યે તડકાછાંયા વીતી ગયા.



અમેરિકાના બે અગ્રવીર
ઔદ્યોગિક ક્રાંતિકાર ફૉર્ડ અને વિજ્ઞાનવીર એડિસન

અને દરેક માણસ ખરીદી શકે એવડા મોટા જથ્થામાં કેમ તૈયાર કરી શકાય તેની યોજનામાં તે ગૂંથાયો. અને પરિણામ આપણે જોઇએ છીએ; ૧૯૦૨ ની સાલમાં પંદર માસની મહેનતને અંતે એણે ૧૫૦૦ ગાડીઓ તૈયાર કરી હતી; ત્યાર પછી પચીસ વર્ષે આજ એ દર વરસે પંદર

એની આ શોધ પચાવી પડવાને કેટલા યે કાવતરાબાજ હરીફોએ બાજીઓ રચી. પણ ફૉર્ડનો આત્મા અણનમ હતો. એ કોઇથી હારી ખાય એમ નહોતો. એની શ્રદ્ધા અચળ હતી, એનું હૃદય એ બધાની સામે બાથ ભીડવા જેટલું દૃઢ હતું, એનું ભેજું એ સૌને પાણી પાય એવું હતું. એ બધાના પ્રપંચો ફેડીને, તેમની સામે મથીને, ઝગડીને અને પરિણામે તેમને મહાત કરીને તે પાર ઉતર્યો.

અંતે ઇ. સ. ૧૯૦૪માં–પોતે પહેલવહેલી મોટર તૈયાર કરી ત્યાર પછી છેક બાર વર્ષે ફૉર્ડે પોતાની પહેલી રેસિંગ કાર (શરતની મોટર) '૯૯' જાહેરમાં મુકી, અને એ વડે ઍલેક્ઝાન્ડર વિન્ટન નામના એ સમયના શ્રેષ્ઠ ગણાતા મોટરવાળાને હરાવ્યો. ત્યાર પછી થોડા વખતે કલાકના ૯૨ માઇલની ઝડપે બરફ પર મોટર હાંકીને એણે, માણસે કદિ ન હાંકેલી ઝડપ નોંધાવી. અમેરિકા આખું થંભેલે શ્વાસે ને આશ્ચર્યથી ફાટી આંખે આ જોઇ રહ્યું.

પણ આ શરતો કરવામાં ફૉર્ડને રસ પડતો નહિ; એ એનું ધ્યેય પણ નહોતું. હુન્નરઉદ્યોગની શરૂઆતના એ દિવસોમાં જોકે શરતો તો જાહેરખબરનું કામ કરતી, પણ ફૉર્ડે એના તરફ લેશમાત્ર ધ્યાન ન આપ્યું. એને તો પોતાની આ શોધ માનવજાતના કલ્યાણ અર્થે સિદ્ધ કરવી હતી. મોટર સસ્તામાં સસ્તી

લાખ મોટરો બનાવે છે!

પણ એ પચીસ વર્ષ દરમ્યાન, આ સિદ્ધિ લાવવાને એને જે ઝહેમતો ખેડવી પડી છે, જે કપરાં યુદ્ધ કરવાં પડ્યાં છે એનો વિગતવાર ઇતિહાસ અહીં આપ્યો જાય એમ નથી. અમેરિકાના ઉદ્યોગમાં અગાઉ કદિ નહિ નીકળેલી એવી ગુંચો હવે નીકળવા-માંડી; અને ફૉર્ડને એકલે હાથે એ ઉકેલવી પડી.

જ્યૉર્જ બી. સેલ્ડન નામના એક માણસે વર્ષો પહેલાં સરકાર પાસેથી સનદ મેળવેલી હતી. તે કહેતો કે આ સનદથી પોતાને લાઇસેન્સ ફી આપ્યા સિવાય કોઇ પણ માણસ ગૅસ એન્જિનથી ચાલતી ગાડી બનાવી શકે નહિ. બીજા મોટરના કારખાનાઓવાળા સાથે મળી ફૉર્ડે સેલ્ડન પેટન્ટ સામે લડત શરૂ કરી; પણ એક પછી કારખાનાવાળા એની બાજુમાંથી નીકળી જવા માંડ્યા ને ફૉર્ડને એકલાને લડત આગળ ચલાવવી પડી. 'ફૉર્ડની મોટર ખરીદનારા પોતાના ઉપર ફરિયાદી પણ ખરીદી લે છે' એવી મતલબવાળી છાપાંઓમાં પાનાં ભરીભરીને ચેતવણીઓ આપી લોકોને ભડકાવવામાં આવ્યા; ફૉર્ડને મોટરના ઉદ્યોગમાંથી દૂર કરવા એકેએક દાવપેચ ખેલવામાં આવ્યો.

પોતાના છેલ્લા ડૉલર વડે ફૉર્ડ લડતો હતો. કોર્ટનો ચુકાદો એની વિરુદ્ધ જાય તો આજ સુધીમાં મેળવેલી સફળતાનો ભુક્કો અને વિનાશના ભયંકર

અંધારા ખાડા સિવાય કાંઇ નજરે પડતું ન હતું. પણ વીર લડવૈયાની અચળ શ્રદ્ધાથી એ છેલ્લે સુધી પોતાના મુદ્દાને વળગી રહ્યા અને,—અને કોર્ટે ચુકાદો એની તરફેણમાં જ આપ્યો!

ફૉર્ડે મોટર પહેલી જાહેરમાં મુકી ત્યારે લોકો તેને ધનિકોના વૈભવનું એક નવું રમકડું પેદા થયું માનતા હતા. પણ આગળ કહ્યું તેમ ફૉર્ડનો ઉદ્દેશ તો એને એવી સર્વોપયોગી સામાન્ય વસ્તુ બનાવવાનો હતો કે જે સાધારણમાં સાધારણ માણસ પણ વાપરી શકે. પોતાની આ શોધથી જગતનું કંઇ ભલું ન કરી શકાય તો આ બધી માથાકુટ અને એની પાછળ ગાળેલી જીંદગી અને ઝહેમત તે એળે ગઇ સમજતો હતો. અમેરિકાનો ખેડુત ખચ્ચરથી ચાલતા રગશિયા ખટારાને બદલે પોતાની મોટર વાપરીને મહેનતનો બચાવ કરી આરામ મેળવતો થાય, વખતનો બચાવ કરીને તે પોતાના વિકાસ માટે વધારે ઉંચા બીજા કામમાં રોકાતો થાય, અને આ રીતે દેશની જનતાને એક પગથિયું ઉંચે લઇ શકાય તો જ એને માટે ખરચેલી જીંદગી ને ઝહેમત પરમાણ.

આ સ્થિતિ લાવવી હોય, ખેડુત જેવો સામાન્ય માણસ પણ તેનો ઉપયોગ કરી શકે તેમ કરવું હોય તો મોટર એક ખટારા જેટલી સસ્તી કરવી જોઇએ. કોઇ પણ વસ્તુ સસ્તી તો જ વેચી શકાય, જો તેની પડતર સસ્તી બનાવી શકાય. અને એ કેમ બને? માલ મોટી સંખ્યામાં તૈયાર કરીને અને ઝીણામાં ઝીણી બાબતમાં પણ બની શકે તેટલી કરકસર કરીને. પોતાના કારખાનાના છેક નાનામાં નાના મુદ્દાઓ ઉપર પણ ધ્યાન પહોંચાડીને ક્યાં અને કેવી કરકસર કરી શકાય તે પર ફૉર્ડે પોતાનું ભેજું કસવા માંડ્યું; અને માણસની મહેનતમાં, સાંચાઓના હલનચલનમાં, માલની વપરાશમાં, જ્યાંજ્યાં નાણું, વખત અને શક્તિ એળે જતાં હતાં અથવા નિરર્થક વહી જતાં હતાં તે બધાંમાં કરકસર કરી તેમને લેખે લગાડવા માંડ્યાં. આના સમર્થનમાં ફૉર્ડ એક રમુજી ત્રિરાશી કહે છે, કે કારખાનામાં કામ કરતા ૧૨૦૦૦ કામદારોનાં દરેકનાં હમેશનાં દસદસ પગલાં બચાવી શકાય તો રોજનો પચાસ માઇલનો શારીરિક ગતિનો વ્યય અને એળે જતી એટલી શક્તિ તથા સમય બચાવી શકાય! આ ભલે રમુજી લાગે, પણ આવી જ ગણતરીઓથી કરકસર કરીને ફૉર્ડે પોતાની ગાડીઓ એટલી સસ્તી કરી છે કે દુનિયા આશ્ચર્યથી અને એના હરીફો દાઝથી મોંમાં આંગળાં કરડે છે!

અને કેમ ન કરડે? ૧૯૧૪માં ફૉર્ડે જાહેર કર્યું કે તેના કારખાનામાં હલકામાં હલકા ઝાડુ વાળનારને રોજના પંદર રૂપિયા પગાર મળે છે; એ સાલમાં એણે ત્રણ કરોડ રૂપિયાનો નફો વહેંચ્યો છે; એનાં માણસો બીજાં કારખાનાનાં માણસો કરતાં ઓછા કલાક કામ કરે છે; અને છતાં—છતાં એણે બીજા બધા કરતાં વધારેમાં વધારે અને સસ્તામાં સસ્તી મોટરો વેચી છે! દુનિયા અને હરીફો આંગળાં કેમ ન કરડે?

તેના કારીગરો ઓછામાં ઓછા કલાક કામ કરીને બીજાઓ કરતાં વધુમાં વધુ કમાતા. વેપારનાં પાણી જાણે કે તેણે ઉંચાં વાળવા માંડ્યાં. તેણે કરેલી આ ઔદ્યોગિક ક્રાંતિને લીધે ઘણાનાં હિત ડુબવા લાગ્યાં. તેના હરીફો ઇર્ષ્યાથી બળવા લાગ્યા. દેશભરનાં વર્તમાનપત્રો તેના પર તુટી પડ્યાં અને કટાક્ષ, મશ્કરીઓ તથા ચાબખાનો તેના પર વરસાદ વરસાવ્યો. ઝાડુ વાળનારને પંદર રૂપિયા રોજ! સામાન્ય ઝાપટિયા—મજુરની કીંમત સારા યંત્રકામકુશળ—મિકૅનિક જેટલી! કાંઇ ભાંગ બાંગ ખાધી કે શું? લોકોને ગળે ઉતરે જ શાનું? તેની નિંદાઓ અને મજાકોથી છાપાંઓનાં પાનાં ભરાવા લાગ્યાં. પણ ફૉર્ડ આ કશાને ગાંઠે એમ નહોતો. એને મન તો આ રીતે પણ પોતાની જાહેરાત જ થતી લાગી. ઠંડે પેટે તે આ બધું હસીને ખમી રહ્યા. લોકોએ જેમજેમ વધુ લખવા માંડ્યું તેમતેમ તેની વધારે ને વધારે મોટરો બનવા તથા ખપવા લાગી!

આ પછી ફૉર્ડે ફૉર્ડસન ટ્રૅક્ટર (યાંત્રિક હળ)નું કામ સંપૂર્ણ કરી તેને બજારમાં મુક્યું. મોટરથી જેમ તેણે ખેડુતોના આગળ શહેર અને બજાર હાથવેંતમાં લાવી મુક્યાં તેમ આ હળથી તો તેણે તેમની અરધા ઉપરાંતની મહેનત ઓછી કરી નાખી. એની આ શોધ તો એને ઇતિહાસમાં અમર બનાવશે અને ભવિષ્યનાં બાળકો નિશાળમાં તેના પાઠ ભણશે.

પંદર વરસ પહેલાં ફૉર્ડ ડેટ્રૉઇટના એક વર્તમાન-

પત્રવાળાને શ્રદ્ધાના ઉછાળાથી કહ્યું હતું કે એક દિવસ એવો આવશે કે મારા કારખાનામાં એક લાખ માણસ કામ કરતા હશે. બીજે દહાડે ચોપાનિયાંમાં આ વાત છપાઇ; લોકોએ તેના પર ટીકાઓ કરી, ચીંથરાં ફાડ્યાં, તેને હસી કાઢ્યો. પણ આજે એ વાત ખરી ઠરવા આવી છે!

જે કંઇ ઔદ્યોગિક અને આર્થિક બાબતને તે હાથમાં લે છે તેને દૃઢ નિશ્ચયબળ અને અપૂર્વ વ્યવસ્થાશક્તિથી તે કેવી સફળ બનાવે છે તેનો અચ્છો દાખલો ફૉર્ડે ખરીદેલી ડી. ટી. આઇ. રેલવેનો છે. રિવર રૂગમાં આવેલા પોતાના કારખાના તથા લોઢાની ખાણોની વચ્ચે દોડતી ડેટ્રૉઇટ ટૉલેડો આયર્નટન રેલવે જો પોતે ખરીદી લે તો બધો વ્યવહાર પોતે એકહથ્થુ સ્વતંત્રતાથી તથા કરકસરથી ચલાવી શકે, એવા ઇરાદાથી ફૉર્ડે એ રેલવે ખરીદી લીધી. તે વેળા એ રેલવેનું ખાતું અંતનાં ડચકાં ભરતું હતું અને દેવાળું કાઢવાની અણી પર હતું. પરંતુ ફૉર્ડના હાથમાં આવતાં જ તેના દીદાર ફરી ગયા, તે ખાતું આખું તરતું થઇ ગયું અને અત્યારે એ ડી. ટી. આઇ. રેલવેના એકાદ એન્જિનને તમે રિવર રૂગના યાર્ડમાંથી નીકળતું જુઓ તો જાણે એમ જ લાગે કે ટંકશાળમાંથી કોઇ તાજો સિક્કો પડીને હમણાં જ બહાર આવ્યો છે!

મિશિગન પરગણાના હથેલી જેવા સપાટ એ પ્રદેશમાં ડીઅરબૉર્નમાં આવેલા પોતાના ઘરમાં બેઠાંબેઠાં ફૉર્ડ એની ચોમેર પથરાએલી પોતાની સૃષ્ટિ જોઇ શકે છે.

જમણી બાજુએ, પંદરેક માઇલ દૂર, જ્યાં રોજની સાડા પાંચ હજાર મોટરો બને છે તે હાઇલૅન્ડ પાર્કના મોટરના કારખાનામાંથી નીકળતા ધુમાડાના આછા લીસોટા આકાશમાં અદૃશ્ય થતા જણાય છે. નજરની બરોબર સામે, માત્ર થોડા જ માઇલ દૂર પેલું ધોળુંધોળું દેખાય છે એ એના ખેતર પરનું ઘર, જ્યાં એણે કલ્પનાઓભર્યું બાળપણ ને મહેચ્છાઓભરી કુમારાવસ્થા ગાળી હતી; જ્યાં એણે અનેક સાંચાઓ ઘડવાભાંગવામાં આજના ઉદ્યોગનાં અદૃશ્ય બીજ રોપ્યાં હતાં. અને એ ઘર આગળ પેલો રસ્તો પણ દેખાય છે, જે રસ્તે એણે જીવનમાં પહેલવહેલું સ્ટીમ એન્જિન જોયું, ને જેના પરથી એને આ બધાં સ્વપ્નાં પાર પાડવાની કુંચી લાધી.

ત્યાંથી ડાબી બાજુએ પેલું જુનું ટ્રૅક્ટરનું કારખાનું દેખાય છે, જે અત્યારે પ્રયોગશાળા તરીકે વપરાય છે; અને ત્યાંથી ડાબી તરફ દૂરદૂર રિવર રૂગનું એનું જંગી કારખાનું ધમધમી રહ્યું છે, જ્યાં એની ડી. ટી. આઇ. રેલવેના ડબાઓ ને હોડીઓ ખાણોમાંથી કાચું લોઢું લાવીલાવી નાખે છે અને એમાંથી હાઇલૅન્ડ પાર્કના કારનામાં બનતી મોટરો માટે લોખંડ બનાવવામાં આવે છે. ફૉર્ડસન ટ્રૅક્ટર પણ અહીં જ બને છે.

આ બધા પર નજર ફેરવતો ફૉર્ડ આંખ મીચે



જયધ્વજ

: ઇન્દ્રવજ્રા :

‘ આ એક હાથે ઉડતી ધજા લો,
ને અન્ય હાથે ચળકાવો ભાલો;
ખોસી મુકો કમ્મરમાં કટાર,
ઘોડે કુદી એમ થજો સવાર ! ’

હાથે ધરી એ ઉડતી ધજા જે,
કેમે કરી તે ન નમે જ આજે;
ઉડે ધજા એમ ચડે ઝનૂન,
હૈયે વહે કેવળ પાક ખૂન.

આજ્ઞા સુણી કે ન વિચાર વાર,
યુદ્ધે ધસે સૌ થઈ એક હાર;
ને પ્રાણ શી સાચવતા ધજા એ,
શા દેશસેવા વીરલા બજાવે !

ને ભાગ્ય આધીન પડે કદિ જો,
તો સહાય આવી ત્યહીં એક બીજો—
હૈયું ચીરી ત્યાં ફુટવે ધરાઓ,
રોપી રહે ત્યાં પછી એ ધજાઓ.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

છે, અને એની સામે ત્રીસ વર્ષનો—ધીરજ, ખંત, મહેનત, મુસીબતં, આફતો, ઝહેમતો અને પરસેવાથી સીંચેલાં ત્રીસ વર્ષનો ઇતિહાસ ખડો થાય છે; જે દરમ્યાન એણે તો દષ્ટિ સામે એક જ ધ્યેય હમેશાં તરતું રાખેલું: લોકકલ્યાણ કાજે સોઘામાં સોંઘો જથ્થાબંધ માલ તૈયાર કરવો.

એના પુત્ર એડસલ ફૉર્ડની અંગત દેખરેખ નીચે હાઇલૅન્ડ પાર્કમાં જ્યાં એનું મોટરો બનાવવાનું ગંજાવર કારખાનું ધમધમી રહ્યું છે ત્યાં તો ફૉર્ડ ભાગ્યે જ જાય છે. એની દૃષ્ટિ થઈ ગએલાં કામ તરફ નહિ, પણ આગળ વધુ નવું કરવા તરફ જ હમેશાં રહે છે. એટલે એ તો પોતાનો ઘણોખરો વખત પ્રયોગશાળામાં, અથવા તો રિવર રૂગના કારખાનામાં જ્યાં રોજ કંઇ ને કંઈ નવી રસભરી ઉપયોગી શોધો થયા જ કરે છે ત્યાં ગાળે છે; ઑફિસમાં તો ક્વચિત જ એ બેસતો હશે. એ કહે છે કે કારખાનેદારને બેસવાની ખરી જગ્યા ઑફિસ નથી. એણે તો જ્યાં પોતાનાં માણસો રાતદિવસ કામ કરી રહ્યાં હોય, જ્યાં એની સલાહ અને સહાયની જરૂર હોય ત્યાં જ સતત હાજરી આપવી જોઇએ. ઘણાં કારખાનેદારોએ ઑફિસમાં આડે પડખે બેસી રહીને જ પોતાના વેપાર પર પાણી ફેરવ્યું છે.


ઠંડા આસમાની રંગની એની આંખોમાં તમને ઉત્સાહનું ઠંડાપણું ક્યાં ય ન લાગે; એની શાન્ત રીનભાતમાં તમે અતડાપણું ક્યા ય ન જુઓ. ચોસઠ વરસને કાંઠે પહોંચેલા એ જુવાન ડોસાના ઉત્સાહનાં પાણીને હજી એટલી ને એટલી ભરતી રહ્યા કરે છે. એ તો કહે છે કે હજી તો માત્ર મારાં થોડાંક જ સ્વપ્નો પાર પાડી શકાયાં છે; અને એટલું બધું કામ હજી વણખેડ્યું પડ્યું છે કે મેં બાંધેલા મહત્ત્વાકાંક્ષાઓના કિલ્લાઓની ખાલી વાતો કરવાનો મને લેશ માત્ર અવકાશ નથી. હજી તો હું માત્ર શરૂઆત જ કરતો હોઉં એવું લાગે છે. મને જોઇતાં બધાં સાધનો અગાઉ કદિ મળ્યાં ન હતાં. નિવૃત્તિ લેવાનો કે આરામ લેવાનો તો તેને ખ્યાલ સરખો યે નથી આવતો. એ કામ કરતાંકરતાં જ આરામ લઇ લે છે.


"અમેરિકાના સહસ્રાવધિ કોટ્યાધીશોમાંના એકનું જ નામ આપણે આજ સુધી જાણતા હતા,—સખાવતોના રાજા દાનવીર કાર્નેગીનું; આજે બીજાનું સાંભળીએ છીએ,—મોટરોના રાજા હેન્રી ફૉર્ડનું. રૉકફેલર જેવા અપવાદ બાદ કરીએ તો ત્યાંના અસંખ્ય લક્ષ્મીનંદનોમાંના કોઇકને જ આપણે નામથી પણ ઓળખીએ છીએ. પણ આ બે તો જગજાહેર થઇ ગયા છે. ઉદ્યોગી અને સાહસિક પુરુષો, નીચેથી શી રીતે અને કેટલે સુધી ઉંચે ચઢી શકે છે તેનું એ બંને જણ જ્વલંત દૃષ્ટાન્ત છે.

ફૉર્ડના વિચાર અને આચરણોએ અમેરિકાની ઔદ્યોગિક દુનિયામાં આજે ક્રાન્તિ કરી મુકી છે. દુનિયાએ આજ સુધી જે જે ધોરણો બાંધ્યાં છે તે બધાંથી ફૉર્ડના માર્ગ અવળા છે, ને છતાં તે પોતાના ધંધામાં શ્રેષ્ઠ નીવડ્યો છે.

પૈસા રળવાને ખાતર—રળીને સંઘરી રાખવાને ખાતર ધંધો કરવો એ એને મન માનવજાતની અધમતા છે. ખંત, ઉદ્યોગ અને શક્તિથી માણસ ધન તો રળી શકે જ, પણ એ ધન એકઠું ન કરતાં, મજુરોની રોજીમાં વધારો કરીને અથવા માલ વધારે સારો ને સસ્તો બનાવીને મજુરો તથા ગ્રાહકોમાં જ વહેંચી આપવું જોઇએ.

મજુરીનું સામાન્ય ધોરણ અત્યાર સુધી એવું ચાલતું આવેલું છે કે સામાની ગરજ પ્રમાણે ઓછામાં ઓછી રકમ આપી વધારેમાં વધારે કામ લેવું. ફૉર્ડને આ ધોરણ માન્ય નથી. પોતાનું તથા પોતાનાં સ્ત્રીબાળકોનું સહેલાઇથી ગુજરાન ચલાવી શકે અને ભવિષ્યમાં કોઇને બોજારૂપ ન થઈ પડે એટલું તો દરેક મજુરને—અણઘડ વૈતરાને પણ—મળવું જ જોઇએ. અને પોતાના કારખાનામાં ફૉર્ડ હલકામાં હલકા મજુરને છ ડોલરનું રોજ આપે પણ છે; પછી એમાંથી બુદ્ધિ ને શક્તિ પ્રમાણે વધવું સૌસૌના હાથમાં. એના કારખાનાનો ઓછામાં ઓછો પગાર બીજે સારામાં સારો ગણાય છે; અને છતાં એની મોટર બીજાઓ કરતાં અતિશય સસ્તે ભાવે વેચાય છે, ને તો ય દુનિયાભરમાં આંગળીને વેઢે ગણાતા ધનિકોમાં તેનો નંબર ઉપર આવે એટલું ધન તેની પાસે રહે છે! આ બધું શી રીતે થાય છે તેનું વિસ્તારપૂર્વક અને સ્પષ્ટ વર્ણન તેની હમણાં જ બહાર પડેલી My Life and Work નામની આત્મ-





સૌન્દર્યમૂર્તિ એપોલો

પુરુષશરીરના આદર્શ તરીકે યૂરોપમાં પંકાતી, કરારા (ગ્રીક) આરસની ધવલોજ્જ્વલ શિલામાંથી ગ્રીક શિલ્પી કેલેમિસનાં કુશળ ટાંકણાંઓએ ઘડી કાઢેલી એપોલોના આ મૂર્તિ આજથી શુમારે અઢી હજાર વર્ષ પર તો રોમન સમ્રાટોના મહેલો શોભાવતી હશે. ચારસોએક વર્ષ પર રોમન બાદશાહોની વિહારભૂમિ ઍન્ટિયમનાં ખંડેરોમાંથી છિન્નભિન્ન દશામાં એ મળી આવેલી. એના બધા કટકા મળ્યા, પણ ડાબા હાથમાં એણે પકડેલી વસ્તુ ન મળી. કલ્પના થએલી કે એ ધનુષ હોવું જોઇએ; પણ પાછળની શોધખોળ પરથી મનાય છે કે એ હાથમા દુશ્મનને ડારતી ઢાલ ધરી રાખેલી હશે. વેટિકન કલાસંગ્રહ (ઇટાલી)ની બેલ્વેડિયર ગેલેરીમાં એ મૂર્તિ રાખવામાં આવી તે પરથી એ એપોલો બેલ્વેડિયરને નામે ઓળખાય છે. :: ગ્રીક અને રોમન પુરાણોમાં એપોલોને સૂર્યદેવ, સંગીતના દેવ, અશ્વિનીકુમાર, એમ જુદાજુદા રૂપે વર્ણવેલો છે. શરીરસૌન્દર્યમાં તો એ સર્વ દેવોમાં શ્રેષ્ઠ મનાય છે. વીનસ મેડિસિસ જેમ આદર્શ સ્ત્રીશરીરની સર્વશ્રેષ્ઠ મૂર્તિ ગણાય છે, તેમ દેશદેશના પ્રવાસીઓને આજ સૈકાઓથી મુગ્ધ કરતા આ એપોલોને પશ્ચિમની સર્વ પ્રજાઓએ પુરુષશરીરના સર્વોત્કૃષ્ટ આદર્શ તરીકે વધાવ્યો છે. એ શરીરનો એકેએક સ્નાયુ શક્તિશાળી અને સુડોળ છે; એમાં વજ્રની કઠોરતા છે ને સૌન્દર્યનું માર્દવ છે. કવિ બાયરને એનું વર્ણન કર્યું છે: " ઉજ્જ્વલ વિજયરેખા શી ભ્રમર નીચેથી પ્રતાપ વરસતી આંખોવાળો, દુશ્મનની શક્તિઓને ફુત્કારતાં ગૌરવશાળી નસકોરાં ફુલાવતો, અંગાંગ ભાનુના ભર્ગભર્યો, ચેતન ને પ્રકાશના દેવ સમો ભવ્ય, શો ઉભો છે આ આયુધુક વિજયધન્વા ! "

કથામાં એણે આપ્યું છે.

સખાવત—દાન—ધર્માદા વિષે પણ એના વિચારો આવા જ ચમકાવનારા છે. ધર્માદો કરવો એ એને મન પાપ છે. દુઃખી તરફ સહાનુભૂતિ દર્શાવવા કે સહાય કરવા સામે એનો વિરોધ નથી; પણ એવી સ્થિતિ જ કેમ ઉભી થાય એ એને સાલે છે. અને એ માત્ર આમ માનીને જ નથી બેસી રહેતો; એ અમલમાં પણ મુકે છે. પોતાના કારખાનામાં એણે વૃદ્ધો અને અપંગો માટે એવાં કામ ગોઠવ્યાં છે કે જેમાંથી એ લોકોને પુરતું વેતન મળી રહે છે, અને ફૉર્ડને સંપૂર્ણ સાજા માણસ જેટલું કામ મળી રહે છે. એ કહે છે કે દુનિયામાં જેટલા નિરાધારો અને અપંગો છે તેના કરતાં તેમને માટેનાં કામ વધારે છે. માત્ર કોઇની એ તરફ નજર જ નથી પડી. જો એની બરાબર વ્યવસ્થા કરવામાં આવે તો દુનિયામાં કોઇ ધર્માદા સંસ્થા જ ન રહે અને સૌ સ્વમાનપૂર્વક પોતાની રોજી રળી ખાય.

આ તો માત્ર બેત્રણ વાત થઈ. ફૉર્ડ તો જ્યાં નજર કરે છે, ત્યાં નવાં-નવાં દષ્ટિબિંદુ દેખાડે છે. અર્થશાસ્ત્રીને, કારખાનેદારને, વિચારકને, સમાજ સેવકને જાણવાનું અને વિચારવાનું મળે એવું ઘણું એણે પોતાના આત્મવૃત્તાંતમાં લખ્યું છે. એક રીતે વિપ્લવવાદી અને અનેક દિશામાં આંખ ખોલી નાખે એવા વિચાર ધરાવનારો અને અમલમાં મુકનારો એ પુરુષ છે. મોટર અને ટ્રૅક્ટર ઉપરાંત એરોપ્લેન ઉપર પણ એની નજર દોડી છે. હજુ આવતી કાલે એ શું નહિ કરે તે કોઈ કહી શકે તેમ નથી.”

એનું જીવન, એના વિચાર જાણીને આપણને એમ જ થાય છે કે એ તે આ જમાનાનો નિર્દય મશ્કરી કરનારો ભંડખોર હશે; કે કોઇ મહાન શક્તિશાળી પુરુષ હશે! કદાચ એ બંને હશે. એટલું તો જરૂર કે એ આ જમાનાનો અદ્ભુત માણસ છે.

તે લક્ષ્મી રળ્યો છે; પણ એ લક્ષ્મીનો ચાંલ્લો એના કપાળમાં કોઇ આવીને નહોતું કરી ગયું. પોતાનું જ માથું ફોડી લોહી કાઢીને એ લોહી વડે એણે પોતાના કપાળમાં ચાંલ્લો કર્યો છે.

માનવજાતની સેવા કરીને પણ લક્ષ્મી રળી

ઉગતી પ્રજાને માટે ફૉર્ડનો સંદેશો

લેવા અમેરિકાના એક માસિકના તંત્રી ગએલા તેમની આગળ એણે નીચેના વિચારો દર્શાવેલા:

સફળતાની લાંબીચોડી વાતો કરવામાં મને શ્રદ્ધા નથી; પણ એટલું તો હું કહી શકું કે જુવાન માણસો કામના પુરા બદલાની આશા રાખતા હોય તો તેમણે કામ પણ પોતાની શક્તિનો છેલ્લો અણુ ખરચીને કરવું જોઈએ.

કામના બદલામાં પગાર મળે એ તો નજીવી વાત ગણાવી જોઇએ; જુવાનોએ તો એ જ જોવાનું કે તેમને નવો અનુભવ કેટલો મળે છે. જેને કામના પગાર ઉપરાંત અનુભવ નથી મળતો એને કામનો બદલો જ નથી મળતો એમ સમજવું.

ઘણી વાર મુળ વાંધો ત્યાં આવે છે કે જુવાનોને કામ કર્યા પહેલાં ઝટ તેનો બદલો મેળવી લેવાની ઇચ્છા થાય છે. બદલાની આશા ન રાખતાં કામ સાથે તદાકાર થઇ જવું જોઇએ.

કોઈ પણ કામના ઉસ્તાદ—નિષ્ણાત થવાની નેમ પણ બરોબર નથી. ઉસ્તાદનો અર્થ એ કે એને હવે આગળ કશું નવું શીખવાનું નથી રહ્યું. જે ક્ષણે માણસ પોતાની જાતને સંપૂર્ણ—નિષ્ણાત માનતો થયો એ પળથી તેનો વિકાસ અટકે છે. જુવાન માણસોએ તો હમેશાં કાંઇ ને કાંઇ નવું શીખવાને આતુર જ રહેવું જોઇએ અને દરેકે દરેક વસ્તુ વધુ સારી—સારામાં સારી બનાવવા પાછળ પોતાનો બધો સમય અને શક્તિ ખર્ચવા તૈયાર રહેવું જોઇએ.

દુનિયામાં નવું કંઇ જ નથી, પણ જુનામાં અનેક સુધારા કરીને નવું ઉપજાવવાનું છે. આપણે નવી વસ્તુઓ નહિ, પણ નવાં પરિણામો મેળવવાં જોઇએ.

કેળવણી એટલે શું? ખરી કેળવણી તો તે જ, જે માણસને ઉદ્યોગી ને ઉપયોગી જીવન ગાળતાં શીખવે. જે કેળવણી માણસને શોભાના વિદ્વાન બનાવે પણ જીવનમાં કાંઈ ઉપયોગી ન હોય એ કેળવણીની આપણને કશી જરૂર નથી.

નકામી વાતો ના કરતા; ડંફાસો ન મારતા. વાતો કરનારા કામની ગુંચો નથી ઉકેલી શકતા; કામ પાછળ મચનારા જ તે ઉકેલી શકે છે; અને એવા માણસો જ્યારે વાતો કરતા હોય છે ત્યારે પોતે શાને વિષે કહે છે તેનું તેમને બરોબર ભાન હોય છે.

પોતે જે વસ્તુ બનાવતા હોય તે સારામાં સારી કેમ થાય તેમ કરવામાં પોતાના મગજનું અણુએ અણુ ખરચી નાખવું જોઇએ. કોઈ પણ વસ્તુ હજી સંપૂર્ણતાએ પહોંચી જ નથી. મોટરકાર પણ સંપૂર્ણતાએ પહોંચી છે એમ તમે માનો છો? નહિ જ. અત્યારે સારામાં સારી ગણાતી મોટર પણ હજી અપૂર્ણ છે, બાળક જ છે.

શકાય છે એનું જ્વલંત દૃષ્ટાંત એનું જીવન પુરું પાડે છે. ઓછામાં ઓછી કીમતે ઊંચામાં ઊંચો માલ જગત આખાને પુરો પાડવો, અને તેમ છતાં એમાંથી અઢળક ધન મેળવવું, એ બે વિરોધી દેખાતી વાતોનો અદ્ભુત સમન્વય એના જીવનમાં છે.

પ્રજાપ્રભુત્વવાદથી એ અંકાએલો ન હોત તો પોતાની મોટરની શોધને એ સર્વભોગ્ય કરવા શા માટે મથત? પોતાની શોધ વૈભવનું રમકડું ન બનતાં સાર્વજનિક ઉપયોગનું સાધન બને એ જ એની આકાંક્ષા હતી; અને મોટરોને બાબાગાડીઓ જેટલી સોંઘી કરી નાખીને તેણે એ પાર પાડી. એ તો કહે છે કે દરેક વેપારનું મુળ સેવા જ હોવી જોઇએ.

એને માત્ર એક મોટર બનાવનારા તરીકે ઓળખવો એ તો એને ગેરસમજવા જેવું છે. પોતાની હથિયારોની દુકાનમાંથી એ કંઇક એવું શાસ્ત્ર શીખ્યો છે કે જેને પાનેપાને અપ્રતિમ કલ્પનાશક્તિ અને બાળકના જેટલી અચલ શ્રદ્ધાની ફોરમ આવ્યા જ કરે છે. એ શ્રદ્ધાવાન ભવિષ્યવાદી છે; એનામાં અવર્ણ્ય બંધુભાવ ભર્યો છે; આશ્ચર્યચકિત કરી મુકે એવી કેટલીક સાહસિક શક્તિઓનો એ ભંડાર છે; ઔદ્યોગિક જગતનાં ચક્કર ઊંધાં ફેરવી દુનિયાનું ભાગ્ય ફેરવી નાખવાનું એનામાં દૈવત છે. (સંકલિત)

દુનિયાનો સર્વશ્રેષ્ઠ લક્ષ્મીપતિ ફોર્ડ લક્ષ્મી વિષે વિચિત્ર વિચારો ધરાવે છે

લક્ષ્મી મેળવવાનો તો મેં કદિ વિચાર જ નથી કર્યો. મેં વિચાર કર્યો હતો માત્ર મોટર બનાવવાનો—અને તે પણ સૌથી સારી બનાવવાનો.

જેને લક્ષ્મી મેળવવી છે તેણે, ખરૂં જોતાં તો લક્ષ્મીનો વિચાર સરખો પણ ન કરવો જોઇએ. તેણે બીજાઓ કરતાં સારૂં, કંઇક લોકોપયોગી કામ કરવું, અને લક્ષ્મી આપોઆપ તેને આવી મળશે.

લક્ષ્મી મેળવવાનો પ્રયત્ન જ ન કરવો એ જ લક્ષ્મી પ્રાપ્ત કરવાનો માર્ગ છે.

'જો હું આવતી કાલે ભીખારી બની જાઉં તો ખેદ ન કરૂં. હું ફરી એકડે એકથી શરૂઆત કરૂં અને જે વસ્તુ ખરીદવાની દરેકને જરૂર પડતી હોય એવી કોઇ વસ્તુ હાથ લાગતાં એને આગળ કદિ ન થઈ હોય એટલી સસ્તી કરવા પ્રયત્ન કરૂં.

કામ અને કમાણી બે બેનો મેળ જ ન ખાય. કરવાલાયક કંઇ પણ કાર્ય કમાણી સાથે ભળી જ ન શકે.

કામ વખતે લક્ષ્મીનો વિચાર માણસની શક્તિને ઘટાડે છે જે વેળા હું મોટર બનાવતો હતો તે વેળા મેં જો લક્ષ્મીના સવાલને મારા કામમાં સંડોવ્યો હોત તો હું કાર્ય-ક્ષમ ન થઇ શક્યો હોત.

અથાણું

પ્રામાણિકતા ઉપર લાંબુ વિવેચન કર્યા પછી, છોકરાઓ બરાબર સમજ્યા છે કે નહિ તે જાણવા શિક્ષકે એક છોકરા સામું જોઇ કહ્યું, 'મનુ, તું કનુનો કોટ એક દિવસ પહેરવા માટે લઇ આવે અને ભુલથી કોટના ખીસામાં કનુની પાવલી રહી ગઇ હોય એ તને જડે, તો તું કાંઇ રાખી લે ?'

'નહિ જ, સાહેબ!' મનુએ તરત જ જવાબ આપ્યો.

'બરાબર છે,' શિક્ષકે કહ્યું, 'ત્યારે તું એનું શું કરે?'

'તરત જ વાપરી નાખું, સાહેબ!'

ક્ર

ન્યાયાધીશ—અરધી રાતે કોઇના ઘરમાંથી પૈસાની પેટી ઉપાડી જવી એ કાંઈ ઓછો ગુનોહ નથી.

ગુનેહગાર—સાહેબ, ગયે વખતે આપે મને ધોળે દહાડે ચોરી કરવા માટે શિક્ષા કરી હતી. ત્યારે શું તમારે મને ધંધો જ કરવા નથી દેવો?

ક્ર

ડૉક્ટર—હું તમને ત્રણ ગોળીઓ આપું છું: એક અજીર્ણ માટે, બીજી ઝાડા માટે ને ત્રીજી અશક્તિ માટે.

દરદી—(માથું ખંજવાળતાં) હેં, ડાક્ટર સાહેબ, પેટમાં ગયા પછી એ ગોળીઓને શી રીતે ખબર પડશે કે એમને ક્યાંક્યાં જવાનું છે?

ક્ર

'મોટો થયા પછી તું શું કરીશ?'

'મારે સોલ્જર થવું છે.'

'પણ એમાં તો મરવું પડશે.'

'કોણ મારી નાખે વળી?'

'દુશ્મનો.'

'ત્યારે તો હું દુશ્મન થવાનો જ વિચાર કરીશ.'

ક્ર

શિક્ષક—ચંદુ, વરસના દિવસ કેટલા?

ચંદુ—સાહેબ, સાત.

શિક્ષક—(ગુસ્સે થઇને) અઠવાડિયાનાં નહિ, મુરખ! વરસના પુછું છું.

ચંદુ—હું પણ વરસના જ કહું છું, સાહેબ. જુઓ ગણાવું: સોમવાર એક, મંગળ બે—

શિક્ષક—બેસી જા, બેસી જા.



દરિયામાં જ જીવન ગાળતા નાવિકો જેવો બીજો વહેમી કોઈ વર્ગ નથી. કુદરતનાં તોફાનોની સાથે રોજ જીવનમરણના ખેલ રમનારો કોઇ પણ વહેમી થઇ જાય. ભૂતિયું બહાણુ આવો એક વહેમ છે, જેમાં બધા ખલાસીઓ માને છે.

અમરામ તંડેલની બોલીમાં વ્યાકરણનો નિભાવ થવો મુશ્કેલ છે. અંદરના કેટલાક પ્રયોગો વહાણવટાની બોલીની વિશિષ્ટતાસૂચક છે. વહાણના અમલદારો આ પ્રમાણે હોય છેઃ નાખોદો, મોટો માલમ, નાનો માલમ, તંડેલ, સુકાની, સીરાંગ અને ખલાસી. બતેલો, ધાઉ, એ બધાં જુદીજુદી બાંધણીનાં વહાણો છે. કુવીટ ઇરાકના અખાતનું બંદર છે. ગામટ કાઢવું એટલે વહાણમાં સાંધાઓમાંથી ચુઈ આવતું પાણી વચમાં જમા થયું હોય તે ઉલેચવું. કુવો એ, સઢ જેના ઉપર આધાર રાખે છે એ થંભ. નખિયું જોવડાવવું એ અજ્ઞાન માણસોની 'સાયન્સ' છે. નખ ઉપર તેલનું ટીપું નાખી ભુવાઓ બધું જોઈ શકે છે, ભુવાને બોલાવી વાત કરી લે છે એ નખિયું.

'છોરાઉ, મું પેલેથી જ ચોખો કીધો છે કે આ કાંઇ ઠંડાપોરના ટોપાનથી.' 'શાહબાદ' ફતેહમારીના મોરા પાસે કુંડાળું વળી બેઠેલા નાખવાઓ તરફ ફરી અભરાંમ તંડેલે વાત શરૂ કરી. 'આમાં કાંઇ મીરીમસાલો નથી, પણ જુકો મું પાણુ આ સગી આં ખું એ દીઠો છે તી કઉં છું. તમને એવા ઘણા ય ઉંધમતિયાઓ કેશે કે ભુતિયાં વાણુ ને ઇ બધો ખોટો છે; પણ ઈ ઘરની ઘુંસુંને મું પેઠે પીંજા સાલ દરિયો ખેડવા મેલો તો બધો ખુલાસો થઇ જાય.

'અમે સીસલથી આદન જાતા'તા. વાત જાધ કરતાં આજ પણ મારા મોવાળા ઉભા થઇ જાય છે. ટોપા હોય તો એવી વાન હું સું કામ જાધ પણ કરૂં?' પોતાના હાથની રૂંવાટી ઉભી થઇ છે કે નહિ એ જોવા સારૂ, નીચું નમી જોતા મુસા સુકાનીને મોંયે જોરથી કાંકુ લગાવી અભરામ તંડેલે ચોમેર બધા પર નજર ફેરવી. મુસાના અનુભવ પછી બીજા કોઇએ તંડેલની વાતની સચ્ચાઇ માટે અંદેશો લાવવાનું મોકુફ રાખ્યું.

'છોરાંઉ, તમને સાચી વાત કેવી ઈ મારો ધરમ છે. તમે બધા શીખસો તો સુખી થાસો તેયે જુસાં કેવો પડે છે!

હું તી વખતે સાવ નાંદો. પંછમના એક વાણિયાના બતેલામાં હું ચડ્યો. બતેલાનો નાલો હતો કરીમ, પણ એના જેવો કરમફુટ વાણુ મેં આજ સુધી નાંય દીઠો. એવો અકરમી ધાઉ બીજો કો ન હસે. દરિયામાં જેટલી આફતું વરસે ઇ બધી એના પર વીતી ગઇ'તી. બંધાવ્યો'તો તો અસ્સલ કુવીટના કોઇ આરબે, પણ વીસ સાલમાં પીંછી ઘણી તો બદલાવી ચુક્યો'તો. આમ ઘણે મોટો હતો, પણ એવો હાડમાર થાયો'તો કે જુસાં એનાં પાટિયાં ભેરાં કેમ રેતાં'તા તી જ અલ્લાની મોટી કરામત હતી. એમાં આ મુસાની ઇજાર જેટલાં તો થીગડાં હતાં, અને આપણા સીદીના મગજ જેટલાં તો ગાબડાં હતાં. સજો દી ગામટ કાઢીકાઢીને અમારા તો તડા ભાંગી જાતા'તા.

પણ વાણુ કરતાં બેદ તો એના નાખવા હતા. ચોરાસી બંદરનો ઉકેડો એમાં ચડ્યો'તો. નાખોદો પીંદ્ર ફિરંગી, મોટો માલમ આરબ, નીદો માલમ સીદી, તંડેલ અલિબાગિયો ને ખારવાઉ બધા અસ્સલ દોજખની દેગડીનો ખીચડો હતા. દી આથમે આરબ

બાંગ દે ને સીદી નમાજ પડે ને ઇસાઇ કિતાબમાં મોં નાંખી સુઇ જાય ને ફિરંગી નાખવો દારૂનો બાટલો સજો મોયે માંડી બેસે.

સજો દી કામ પુરા ન પડ્યાં તી તેમ રાતના બધા પીંદપીંદમાં છાકટા થઇ જુગાર રમે ને વઢે ને કોઇ કોઇ વાર તો છરા કાઢી બેસે. મું તો અલ્લાની રોજ બંદગી કરું કે બચ્ચા અભરામ, આ ઉકેડામાં તારી આબરૂ નથી; પણ થઇ ગ્યો ઇ થઇ ગ્યો; અગર જીવતો આદન પોંચું તો પાછો આ બતેલા-માં નો ચડું.

આદનથી હજી ચાર દીને રસ્તે હતા નાં તો ભખેડો વધી પડ્યો. નાખોદાના છોરાને મારીને એની કોટડીમાંથી દારૂ કઢાવી બધા નાખવા છાકટા થઇ ગ્યા'તા. કોરો રયો એક નીંદો માલમ ને બીજો મું. મું એને કયો કે આ વાણ ઉપર જો સેતાનની નજર પડસે તો જરૂર ક્યામતનો દી કાલ જ ઉગાડી દેસે. ઇ કયો કે ઓતરાદો પવન જો વધસે તો તો આજ રાતના જ ક્યામતનો દી ઉગશે. મું કયો આમીન. ને પછે ઇ જઇ સુકાન પર બેઠો ને મું ભંડારિયામાં જઇ જરા તડા સખણા કરતો પડ્યો.

હજી રાત પુરી ભાંગી નો'તી; હયણી માથે આવી નો હસે નાં તો આભમાંથી કડાકા થવા મંડ્યા. વાવડો તો એવો નીકર્યો કે રસા તંગ કરી સઢ લહેરાવ્યા તોય જાણે હમણાં કુવાને ફિંગાવસે! અંધારામાં પાણી તો આ સીદી કરતાં કાળો દેખાય. મુને થ્યો કે દોજખના ફિરસ્તા બધા માથા પર ઉડતા હસે કે કંઇયે બતેલો ભાંગે ને સેતાનની મિજલસમાં આ બધા લાયક બંદાને ખાલસા કરે! હજી મારી આંખ પુરી મીંચાણી નો'તી ને ખ્વાબમાં મું મારી માને પડખે સીરાણ ખાતો'તો નાં તો એક જબરદસ્ત કડાકો થાયો ને મું બેઠો થઇ ગીયો. ભંડારિયાની છત માથામાં જોરથી લાગીને પાછો ખ્વાબમાં જઇ પડતો'તો. પણ નાં તો ઉપર ચીસાચીસ થઇ રહી ને તંડેલે એવી તો દાબી કે નાનાંસુનાં વાણનાં તો રસા છુટી પડે. મુને થ્યો કે થીયું, બતેલો ધસ્યો. મંડમંડ માથે જઇ જોઉં તો નાખવા સૌ જેમતેમ તુતક ઉપર મોંભર ઉંધે કાંધ પડ્યા'તા. બધાના ડોળા કોડા જેવા સફેદ થઇ ગ્યા'તા, જીભ બાર નીકળી પડી'તી ને સૌ નજર વાયાં બાજુ જાણે રસાથી તાટ કીધી હોય તેમ લાગી ગઇ'તી. મું પણ ઇ બાજુ જોયો ને મુંજા પણ હબ્બામ ગળી ગ્યા.

અમારા બતેલા હારે ગલો લગાવીને ભૂનિયો વાણ ચાલતો'તો.

છોરાઉં, તમને ખબર છે જંઇયે ઓલો વોરા વારો મસ્કતનો વા'ણ લાસ ગીયો તંઇયે કારા ખલાસીની ડોશીયે પીરાણામાં નખિયું જોવરાવ્યું'તું ને કારાએ ભુનિયાનું બયાન કીધું'તું? તી મિસાલ સજો ભુનિયો મારી આંખ સામે મું જોયો. ઈ એટલો તો વટમાં હાલતો'તો કે કઇ ઘડીએ મોરા ભટકાશે એમ થાતો'તો. એનું બદન તમામ જુનું હતું. મોરો ધીંગો હતો. કુવો થંભ જેવડો હતો. સુકાનથી મોરા સુધી બિલ-કુલ આ સીદીને પેટે પાડો અવતરે એના જેવો કારો હતો. સઢ પણ કારા ને રસા પણ કારા. સજો કારો.

અમારા બતેલામાં તો કોઇ ઘરેડી પુઠે તો કોઇ રસા પુઠે લપાઇને બેઠા'તા. બધાની ડાબલીઓ તો એવી કચકચે કે જુસાં સુપારીનો ચુરો કરી લ્યો. બીકથી સીદી પણ સઢ જેવા સફેદ થઇ ગ્યા'તા. તંડેલ તો એવો ધ્રુજતો'તો કે જુકો મું પણ ધ્રુજતો નોત તો બેય નીચે પડી ગ્યા હોત.

'અભરામ!' તંડેલે કયો 'યા અલ્લાહ! અભરામ, આ જો, હવે સું થાસે?'

'સું થાય? આજે મગરાંની જમાતમાં જ્યાફત ઉડસે; બીજો સું થાય.' મું એને હીંમત આપવા સારૂ કયો. નાં તો વીજળીનો એવો તો કડાકો થ્યો કે રોજના કડાકા તો એની પાસે ચીપટી મિસાલ લાગે. ભડકાથી આભ તો નીચે ઉતરી પડ્યો. એના ઉજાસમાં અમે નજર કીધી તો સુકાન પાસે એક આદમીનો આકાર બેઠો'તો. પણ એનું બદન રૂપું હાડકાંનું; એના ચેરા પર બે ખાડામાંથી ચાલમના ટાંદા જેવી બે આંખ ઝબકે; મોઢામાં હોઠ નહિ, પેઢાં નહિ;—રૂગા દાંત. એના પગ પાસે બીજું મુર્દું પડ્યું'તું.

'યા અલ્લાહ!' કરી તંડેલ તો મુને બાઝી પડ્યો.

મું પણ ધારજ્યો તો એવો હતો, કે મારી નાંઢી ઉમર છતાં મારા બાલ બધા એકદમ સફેદ થઇ ગ્યા. મુસાને માનવો ન હોય તો જોઇ લ્યે કે આજ



નાખુદો બાલદી લઈ બતેલાની રાંગે ચડયો.

પણ બધા બાલ એવા ને એવા ની દીના સુફેદ પડયા છે. મું તંડેલને આગો નાખવા ધકો દીધો, પણ ઈ તો તેમતેમ મને છોરીની પેઠે બાઝવા મંડયો. મું એને હીમત દેવા ગારો દેવા માંડી; પણ મુંજો જડબો જ બંધ થઈ ગ્યો.

મારી ગારોથી હોય તેમ ભુતિયાના મુરદા સુકાનીએ અમારા સામે એની ટાંઠા જેવી આંખો કાઢી. મારો બદન તો બરફ થઈ ગ્યો. તંડેલના બદન-માંથી તો સંચોડો જીવ જ ઉડી ગ્યો. મું જેટલા ખબર હતા એટલા પીરને બાધ દીધા. જેટલી જબાનમાં મુને ખુદાના નાલા આવડતા'ના ઈ બધા બોલવા મંડયો.

તાં ફિરંગી નાખુદો નીચે આવ્યો. સજ્ન વાણમાં મું જ એક બોલવા જેવો રયો'તો તી મારી પાસે આવ્યો. એના હાથમાં એક બાલદી હતી ને એક કિતાબ હતી. મુને થ્યો કે નસામાં આજ એને કાંઈ દેખાતો નો'તો. એના પાપે તો આ ભુતિયો અમને બથાવતો'તો. ઈ વટ આવીને ઘંટી જેવો મોં રાખીને કયો,

'અભરામ આ ભૂત છે કે સેતાન?'

મું કયો, 'ભૂત.'

'તો મારા દીનની કરામતથી હમણાં એને ફના કરી દઉં છું.' પછી એણે બાલદીના પાણી પર કિતાબ ફેરવી. મું પાસે અદબ વરાવી પોતે અદબ વારી તાં એનો હાથ ખીસામાંની બોતલ પર લાગ્યો. એણે બોતલ કાઢી એમાંથી થોડો દારૂ પાણીમાં નાખ્યો. પછી મને કાંયે કે આ પાણી તલેસમાતી થઈ ગ્યો. વરી વિચાર કરી મુને પુછયો, 'બચ્ચા અભરામ, તોજ્ન દીનમેં પણ કુછ તો લીખા હોસે. આ પાણી જેતરો તલસમાતી થાય ઈતરો કરવો જોઈયે.' મુંને તો કાંઈ ન સુજ્યો, પણ એના કાફર દીન પાસે મારા દીનની ફજેતી ન થાય તી સારૂ મું પણ એના જેવો જ ભારે મોં રાખી થોડોક ડામરનો ફીલ એમાં નાંખ્યો.

નાખુદો બાલદી લઈ બતેલાની રાંગે ચડયો ને રસો ઝાલી આખી બાલદી ભુતિયા ઉપર ફગાવી.

પણ રસો તાટ નોતો, કે કોણ જાણે નાખુદો બહુ તાટ હતો, પણ પાણી પછવાડે બાલટી ને બાલટી પછવાડે નાખુદો,—બધા ભુતિયાના તુતક પર જઇ પડયા. કરામત તો ઈ થઈ કે તુતક ધીંગા લાકડાનો હતો તોય જાણે તુતક વચ્ચે હોય જ નહિ એમ બાલટી ને નાખુદો પાણીમાં જઈ પડયા!

શું કરવો ઈ મુંને સુજયો નહિ. તંડેલ નીચે પડયો પડયો કીયે, 'અભરામ, ઇ સુ થ્યો?' મું કયો 'બધો થ્યો.'

વીજરીનો વરી કડાકો થ્યો ને ઉજાસમાં મું જોયો તો ન મળે ભુતિયો વાણ કે ન મળે નાખુદો. દસ-બાર વામ છેટે બાલટી ઉંધી તરતી'તી!"

...   ...


અભરામ તંડેલે વાત પુરી કરી ચીલમ સળગાવવા જામગરી માગી. નાખવાઓ આપસઆપસમાં આશ્ચર્યથી ભમર ચડાવી અભરામની હીમતનાં વખાણ કરવા મંડયા.

'છોરાઉ, મુંજો કેવો બીજો કાંઇ નથી. તમે બધા જાનવરથી બેદ છો, તો ય તમને સાચી વાત કેવી ઇ મારો ધરમ છે. નાખોદાના પાપે કરીમ બતેલાની સોડમાં ભુતિયો આઝ્યો તી નાખોદાનું ખુલાસો કીધો તંઇયે ગ્યો. તો તમારી ચાલ સુધારવા માટે મેં આજ આ કિસ્સો કયો.—'

એવામા તુતકપરથી મોટા માલમનો અવાજ આવ્યો. 'તંડેલ, વરી નાખવાઓ પાસે તારા ટોપા મારવામાં કામ કોરે કીધો? ચાલ સામો વાવડો ફરે છે; ધામણ તંગ કરી વાધા કર—'

અભરામ પોતાના ઘયડાં છતા કસાએલા અંગો મરડતો ઉભો થયો: 'છોરાઉ, નજર રાખજો—આ બુઢ્ઢાની રહમ ન કરનાર માલમ માટે રાતના ભુતિયો આવે તો જુસાં મને જગાડજો મા. પરબારો હવાલો દઈ દેસો તો જલદી ખુલાસો થઇ જાસે.'

'સુકાની'



પૂછો તંત્રીને

(૧) રણના મુસાફરો સરોવર અને મૃગજળ વચ્ચેનો તફાવત શી રીતે જાણી શકતા હશે?

મૃગજળ છે કે ખરેખર પાણીનું સરોવર, તે જાણવાની ત્રણ રીત છે. મૃગજળ અસ્થિર દેખાય છે અને બરાબર ધ્યાન દઇ જોતાં તેનો આકાર ઘડીએઘડીએ બદલાતો જણાય છે. સરોવરની બાબતમાં આમ બનતું નથી. સરોવરની આસપાસ ઘણુંકરીને વનસ્પતિ હોય છે; જ્યારે મૃગજળની આસપાસ કાંઈ હોતું નથી. વળી આજુબાજુ પક્ષીઓ ઉડતાં હોય તો પણ એ સરોવર છે એમ જાણી શકાય.

(૨) સૂર્ય વાદળાંથી ઢંકાએલો હોય ત્યારે રાતના જેવું અંધારૂં કેમ નહિ થતું હોય?

સૂર્ય વાદળાંથી ઢંકાએલો હોય ત્યારે પણ તે પ્રકાશ તો એટલો જ ફેંકતો હોય છે. આ પ્રકાશનો થોડાઘણો ભાગ વાદળાં સોંસરવો નીકળી જાય છે, એટલે રાતના જેવું અંધારૂં જણાતું નથી.

(૩) આગ બુઝાવવાના બંબાની શોધ પહેલવહેલી ક્યાં થઇ?

અમેરિકાના સિનસિનાટી શહેરમાં આગ બુઝાવવાના બંબાની શોધ ઇ. સ. ૧૮૬૪માં થઇ હતી.

(૪) હવાને આપણે દેખી કેમ શકતા નથી?

હવામાં જેટલા વાયુનું મિશ્રણ છે તેમાંનો એકે રંગીન નથી, એટલે હવાને આપણે જોઇ શકતા નથી.

(૫) હરણ ચમકીને સાંભળે છે ત્યારે એક પગ ઉંચો કેમ લઇ લે છે?

કોઇ ભય આવી પડવાની તૈયારી છે એમ જાણી હરણ ચમકે છે અને નાસી જવા તત્પર થાય છે. એને જીવ બચાવવાનું એકનું એક સાધન પગ હોય છે. એટલે નાસવાની તૈયારીમાં પહેલાં એ પગ ઉંચો લે છે.

નવી ઇનામી હરીફાઈ

તમે અનુભવેલી 'અણીની પળ'નું, કોઇ સાહસ કરતાં અથવા કોઇ અકસ્માતમાંથી, રૂંવાં ખડાં કરે એવા કોઈ પ્રસંગમાંથી—સાક્ષાત મૃત્યુના મોંમાંથી બચ્યા હો એવા તદ્દન ખરા પ્રસંગનું બની શકે તેટલું ટુંકું બ્યાન લખી મોકલો. એ પ્રસંગ તમે જાતે અનુભવેલો હોવો જોઇએ; અથવા તમારી સગી આંખે નજરોનજર જોએલો હોવો જોઇએ. સાંભળેલો, વાંચેલો કે ઘડી કાઢેલો નહિ. શ્રેષ્ઠ નીવડનાર પહેલા ત્રણને ત્રણ ઇનામ: અનુક્રમે રૂા. ૩, ૨ અને ૧ નું. અષાડી અમાસ પહેલાં લખાણ 'કુમાર'ના તંત્રીને પહોંચી જવું જોઇએ.

પન્હાળગઢ અને કોલ્હાપુર

આંબાઘાટથી કોલ્હાપુર જતાં પન્હાળગઢ રસ્તામાં જ આવે. આંબાઘાટથી ૧૧ માઇલ મલકાપુર, ત્યાંથી ૨૨ માઇલ પન્હાળગઢ.

નવ જણાનો સામાન ત્રણ સાઇકલ ઉપર નાખી અમે રસ્તે પડ્યા, ત્યાં તો સૂરજ મહારાજે કોર કાઢી. ચારેક માઇલ ચાલ્યા ત્યાં રાશવા દિ' ચડ્યો. નાનકડી નદીમાં નિર્મળાં નીર વહેતાં હતાં. નાહીધોઇ, નાસ્તા-પાણી કરી લીધાં.

વૈશાખ માસનો સૂરજ તપવા માંડ્યો, પણ અમને જરા ય બીક નહોતી. સડકને બે ય કાંઠે ઘટાદાર વૃક્ષોની છાયા શીતળતા વરસાવતી હતી.

કરમદાં આવ્યાં ને સૌની દાઢ ડળકી. જાણ્યે અજાણ્યે એને વધારે પડતો ન્યાય અપાઇ ગયો. કલાક પહેલાં જ પેટમાં પડેલા 'ઉપહારસિંહે' બંડ ઉઠાવ્યું. એ પગ પછાડીને ચાલતો થઇ ગયો. બે-ત્રણ સંયમી પુરુષો એને માંડ રોકી શકયા.

ભાષાની ગમ્મતમાં રસ્તો કપાઇ ગયો. કરમદાંના લોભે બાર ઉપર એક વગાડ્યો. મલકાપુર ત્રણેક માઇલ રહ્યું. ઝાડની ઘટા અદશ્ય થઇ. પરસેવે નવાઇ ગયા. થાક ઠીક લાગ્યો. માંડ મલકાપુર આવ્યું. મધ-ચોકમાં આવ્યા ત્યાં અમારી ભાગ્યદેવી સરખી એક મોટર ઉપડવાની તૈયારીમાં હતી. શો મીઠો એનો અવાજ! શી તેની સુગંધ! અમને તો જાણે સાક્ષાત ઇશ્વર મળ્યા! સાઇકલોને મોટર સાથે બાંધી દીધી. ચડી બેઠા. પાછલું બારણું દીધું ન દીધું ને મારી મુકી. ડુંગરા વીંધીને સપાટ મેદાનમાં આવ્યા. પન્હાળ-ગઢ ચાર માઇલ દૂર રહ્યો. ટુંકે રસ્તેથી જવાના લોભમાં ત્યાં જ ઉતરી પડ્યા. ખેતરોમાંથી સાઇકલો હાંકીને પાટિલના પગ દુખવા આવ્યા. બંને સાઇકલ ચડાવીને ચાલતાં ઊભા રહી ગયા. તો ય ઉપર ચડાવ્યે રહ્યા.

મહાસાગરમાં કોઇ જબરદસ્ત નૌકા અડોલ ઊભી હોય એવો પન્હાળગઢ દૂરથી લાગે. અને પડખે નાનકડો મછવો બાંધ્યો હોય એમ પાવનગઢ પડ્યો છે. પન્હાળગઢ ઉંચો, મજબુત અને ઘાટીલો છે. અને એના સુડોળ અંગમાં સુંદરતા ને સુવાસ રેડતો એની ચોમેર ફરતો બગીચો છે—ચાનો ને રંગબેરંગી સુગંધી ફૂલોનો. કોલ્હાપુરના મહારાજા બાર માઇલથી એ પુષ્પો પૂજા માટે મંગાવે છે.

શિવાજી મહારાજનો પ્રતાપી સેનાપતિ પ્રતાપ-રાવ ગુજ્જર. પન્હાળગઢને એણે જગમશહુર બનાવ્યો છે. વિજાપુરના બહિલોલખાનને એણે હાથ જીભ કઢાવી તગડી મુકયો. પણ ખાનને જીવતો જવા દેવા માટે મહારાજે પ્રતાપરાવને ઠપકાનાં બે વેણ કહેવડાવ્યાં.

'કાં તો હું નહિ ને કાં તો ખાન નહિ' એવી આકરી પ્રતિજ્ઞા કરીને એ ચાલી નીકળ્યો. ખાન સાથે ખુનખાર લડાઇ થઇ. પ્રતાપરાવે અપ્રતિમ શૌર્ય દાખવી પ્રાણ છાંડ્યા. એ વીરનું જીર્ણ સ્મારક હજી યે પન્હાળગઢની શોભા વધારી રહ્યું છે.

અંગ્રેજ અને પેશ્વા વચ્ચે લડાઇ જામી છે. સામેની ટેકરી ઉપર અંગ્રેજી તોપો મંડાઇ ગઇ છે. એ જંગી તોપોના ગોળા પન્હાળગઢનો કાંકરો ય નથી ખેરવી શકતા અને ટપોટપ ગોરા સૈનિકો પડે છે. પન્હાળગઢનું રક્ષણ લઇને પેશ્વા નિરાંતે બેઠા છે. ગઢના અભેદપણા માટે કોઇને શંકા નથી. ત્યાં તો અચાનક ગઢ તુટ્યો; પેશ્વા પકડાયા; મરાઠા સૈન્ય મરાયું; ગોરાની જીત થઇ!

જે છુપે રસ્તે અંગ્રેજો ગઢમાં પેસી ગયા ને કાચા, તાજા જ ચણાવેલા ભાગ ઉપર તોપનો મારો ચલાવીને ગઢ પાડ્યો, એ છુપો માર્ગ અમે જોયો અને ગઢનો કાચો ભાગ બતાવનાર આપણા જ દેશ-બાંધવની કથા સાંભળી ત્યારે આંખમાંથી અંગારા વરસ્યા.

પન્હાળાગઢ હવા ખાવાનું સ્થળ છે. એજન્ટ ટુ ધી ગવર્નર ત્યાં જ ઉનાળો ગાળે છે. એણે આપણે ખર્ચે ત્યાં બાદશાહી મહેલાતો બાંધી છે, અને એ મહેલની ટોચે ફરકતો ' યુનિયન જૅક ' ભારતવર્ષના ગુલામ જુવાનોની મશ્કરી, સારી આલમને સંભળાવી રહ્યો છે !

ગઢ ઉપર નાનકડું ગામ વસ્યું છે. હારબંધ દુકાનો અને નાનકડી પોસ્ટ ઑફિસ. શિવાજી મહારાજ ઉઘાડી તલવારે ઘોડેસવાર થયા છે, એવું પુતળું પણ એક દેરીમાં છે. એ મોટો રાજમહેલ છે. જુના કાળની એની બાંધણી. ભુલા પડ્યા તો રસ્તો જ ન જડે એવા આડાઅવળા ઓરડા. છ છ ફુટ જાડી ભીંતો. મોટાં તોતીંગ બારણાં. ટુંકામાં, એની વાત જ મુકી દો.

કોલ્હાપુરથી ગોપાળરાવ કુલકર્ણીના બીજા આઠ મિત્રો સામા આવ્યા. અમારી ટોળી જામી પડી. આખો ગઢ ખુંદી નાખ્યો. નીચે પારાશર મુનિની ગુફા જોઇ આવ્યા. રાત્રે મહાલક્ષ્મીના જુનાપુરાણા મંદિરમાં રસોઈ કરી ને બધા સાથે બેસી ખુબ લહેરથી જમ્યા. કોલ્હાપુરથી ભાતભાતના મહારાષ્ટ્રી અથાણાં આવ્યાં હતાં. શાક પણ કોઇકોઇ લાવેલા. ખાઇપીને ચોકમાં જામ્યા. અરસપરસ ઓળખાણ શરૂ થઇ. સામા આવેલ ભાઇઓની ઓળખાણ તો ગોપાળભાઇએ અમને કરાવી દીધી. હવે અમારી ઓળખાણ રહી. શ્રી પાટિલ કુદીને વચ્ચે આવ્યા. મારી સામે આંગળી ચીંધીને કહે, ' હે આડા હાથ દાદા, દો હાથ સમશેર ' અને ' હે કનુ, વિનુ, મનુ, બ . . . ચ્ચુ . . . ' બધા ખડખડાટ હસી પડે. જ્યારે બે પક્ષ ભાષાથી અજાણ હોય ત્યારે કેવી મજા પડે, તે તો અનુભવી જ જાણે. વર્ણવતાં રાત પડે ને આપણે અધવચ જ રહીએ.

રામદાસ સ્વામીની યાદ દેવડાવે એવી લાંબી પહોળી દાઢી, ઉંચો સોટા જેવો આદમી, મીઠું મીઠું હસે; બાર માઇલ સાઇકલ ઉપર આવીને તાવડી ઉપર રોટલી શેકવા બેસી જાય; ૨૫ જણને એકલે હાથે જમાડે; અજાણ્યાં ગુજરાતી બાળકોને જાણીતા કરી લે; એવો એક પુરુષ અમને સત્કારવા આવેલ. એનું નામ દીક્ષિતજી. એ કોલ્હાપુરના મુંગા સેવક, સરસ્વતી વિદ્યાપીઠ જેવી સુંદર સંસ્થાના સ્થાપક અને વિના વેતને કામ કરતા આચાર્ય. ગોપાળભાઇના શિક્ષક તરીકે સૌ એમને ઓળખતા હતા. નજરે જોઇને અમે કૃતાર્થ થયા. બીજે દિવસે સવારમાં દીક્ષિતજી તો કોલ્હાપુર ચાલ્યા ગયા. અગાઉથી તૈયારી કરવા અને ક્યાંક એકાદ ભાષણ કરવાનું હતું તે માટે.

બીજે દિવસે ગઢ જોયો. ૧૨ ફુટ પહોળી દીવાલ. દરવાજો તુટી ગયો છે. એક આખો દિવસ જોયા કર્યું. બીજે દિ' સવારમાં વહેલા ચાલ્યા. ત્રણ માઇલ ઉપર ' જ્યોતિર્બાલા ' કરીને શંકરનું જબરૂં મંદિર છે. દર વરસે અહીં સવા લાખ માણસનો મેળો ભરાય છે. ઘરેણાંની ચોકી કરવા ચાર બંદુકદાર રાખ્યા છે. જરાક દર્શન કરી આગળ વધ્યા. બરાબર ખરે મધ્યાહ્ને કોલ્હાપુરમાં પગ દીધો.

ભાવનગર જેવડું શહેર. શિવાજી મહારાજના સીધા વંશજ રાજ કરે છે. ગામમાં પેસતાં જ મહારાષ્ટ્રીય સંસ્કૃતિની સાક્ષીરૂપ અગાશીઓમાં ને આંગણામાં કુંડાં જોયાં. ગરીબાઈ દેખાડતો અર્ધો પહેરવેશ જોયો. વિદ્યાપીઠમાં ઉતારો કર્યો. રજાના દિવસો હતા.

આજનું ભોજન ખરૂં મહારાષ્ટ્રીય કહેવાય. મહેમાન આવે ત્યારે પતરાવળી, પડિયા જ હોય. મરચું તો માથું ફાડી નાખે એટલું હોય, પણ અમારા માટે ખાસ સગવડ હતી એટલે એ લાભ ન મળ્યો. પુરણપોળીનું જમણ. પણ તમને કોઇ પહેલવહેલી પુરણપોળી ન ખવડાવે. પહેલા ભાત, પાછળ ભાત, વચ્ચે પોળી. ઠીક મજા પડી.

એક ઠેકાણે જમવા ગયા. સુરતનું જમણ મેં જોયું છે. પણ સુરત તો ગુજરાતમાં જ વખણાય; કોલ્હાપુરમાં નહિ. ઓરડામાં રંગોળી પુરી હતી. પાતરામાં પણ કળા દેખાતી. પીરસવામાં પહેલું મીઠું જ હોય. અથાણાંનો પાર નહિ. રોટલી ગોળ નહિ પણ જુદાજુદા આકારની. ઘી ખાય નહિ ને ખાય ત્યારે પડિયામાં લઇને! અમે તો તાજ્જુબ થઇ ગયા ! મહારાષ્ટ્રે ભોજનના પ્રકારો અને ગુણ વધારવામાં ખુબ કાળજી રાખી છે. એ ધુળને ધાન કરીને ખાય છે. શ્રીમંતને ઘેર જમ્યા તેમ ગરીબનું ખાણું પણ ખાધું.

સાંજ પડ્યે અમે કોલ્હાપુરથી દોઢ માઇલ દૂર પાવન આશ્રમમાં જતા. સુતા યે ત્યાં ને જમતા યે ત્યાં. દીક્ષિતજીના પુરુષાર્થનું એ ફળ છે. નાનકડા ઓરડામાં ચાળીસ વિદ્યાર્થીઓ પોતાનો સામાન વ્યવસ્થિત રાખે છે. ફરતી ઓસરીમાં સુઈ જાય છે. આશ્રમનો

આદર્શ બ્રહ્મચર્ય અને વ્યાયામ છે. વજ્રાંગ હનુમાન એમના અધિષ્ઠાતા દેવ છે. બાર નમસ્કારથી માંડીને ૧૨૦૦ નમસ્કાર કરનારા ત્યાં પડ્યા છે. ચાળીસ વિદ્યાર્થીઓની એ સુંદર બોર્ડિંગ છે. દીક્ષિતજી એના ગૃહપતિ છે. એમના જેવા સંયમી છતાં નિરાગ્રહી, બાલબ્રહ્મચારી છતાં રસિક ગૃહપતિ બહુ થોડા હશે. એ જાગૃત ગૃહપતિ છે. એમને શિક્ષણશાસ્ત્રનો ઊંડો અભ્યાસ છે. બાળકોના માનસનો ગાઢ પરિચય છે. આશ્રમનો સામાન્ય કાર્યક્રમ આવો છેઃ પાંચ વાગ્યે ઉઠે ને છ વાગ્યે શૌચ, સ્નાન, પ્રાર્થના કરી કસરત માટે તૈયાર થઈ જાય. યથાશક્તિ વ્યાયામ કરી સાત વાગ્યે અભ્યાસમાં લાગી જાય. નવ–સાડાનવે ગામમાં જાય. પોતાને ઘેર જમી વિદ્યાપીઠમાં અથવા કૉલેજમાં ભણવા જાય. (વિદ્યાપીઠમાં સાત અંગ્રેજી ભણાવે છે.) સાંજે સાડા પાંચ–છ વાગ્યે ઘેરથી ભાતાં લઇ સૌ આશ્રમમાં આવી જાય. રમતગમત ચાલે, પ્રાર્થના થાય. પછી સૌ સાથે વાળુ કરવા બેસે, એ દેખાવ બહુ આકર્ષક હોય છે.

આઠ વર્ષથી માંડીને ચોવીસ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ. મોટે ભાગે ગરીબ માબાપોનાં સંતાનો. કોઈ ભાત ને આમ્ટી (દાળ) લાવે, કોઇ ભાખરી ને શાક લાવે, કોઇ એકલા ચણા લાવે. ઘીનું નામ નહિ. મહારાષ્ટ્રમાં ઘીની બહુ અછત છે;—એટલે કે પૈસાની અછત છે. દુધ પાવળું મળે. એ ગરીબાઈમાં આટલો આનંદ! આવાં મજબુત શરીર! સૌ જમતાજમતા એકબીજાને પીરસે. કોઇ બધાને ફોડવું ફોડવું શાક પીરસે, તો કોઇ આમ્ટી પીરસે. આવી ગરીબાઇમાંથી તિલક મહારાજ જન્મ્યા. આવી ગરીબાઇમાંથી ગોખલેજી મળ્યા. જીવનની શી મીઠી કઠોરતા! બધું યે જોયું. જોઇને ગુજરાતને—શ્રીમંત ગુજરાતને આ બધું જોવા નોતરવાનું મન થઇ ગયું.

અમને બેત્રણ દિ' તો ટોપરાનો શીકરણ (રસ) કેરીનો શીકરણ, તાંજાપોળી, ફણસપોળી, પુરણપોળી એવું જ જમાડ્યું. એટલા ભાવથી તો સગી મા જ જમાડી શકે.

કોલ્હાપુરને પાદર સરોવર કહી શકાય એવડું તળાવ છે. રંકાળા તળાવ. રોજ સવારે ત્યાં નહાવા જતાં અમારી સાથે એક માસ્તર કરીને એક ગાંધીભક્ત, જુના જોગી આવતા. કારીગર છે. લોઢાના સ્ક્રુ બનાવે છે. પંદર રૂપિયા રોજ પાડે છે. પણ છે દાઢીવાળા. નાનપણથી ભક્ત છે. પરણ્યા જ નથી. જર્મન લડાઈ વખતે ભાગી ગએલા. બહુ વિચિત્ર માણસ છે. અમને રોજ બગીચામાં લઇ જઇને નાહ્યા પછી નાસ્તો કરાવે. નાસ્તો શેનો? કેરીનો! છ આનાની ૧૦૦ કેરી! એ તો ત્યાં મોંઘી ગણાય! અમે પણ ખુબ દાઝ કાઢી.

સહ્યાદ્રિના કાળમીંઢને ઘુંટીઘુંટીને સંગેમરમર જેવો લીસો બનાવ્યો. ને એનો મહેલ બાંધ્યો. એ શિવાજી મહારાજનો મહેલ. મહેલમાં એવું અંધારૂં કે માથાં ફુટી જાય. હથિયાર પણ હજી સાચવી રાખ્યાં છે. ઢાલ, તરવાર, બંદુક જુનાં થઇ ગયાં છે તો ય જોનાર ઉપર પ્રભાવ પાડે છે. ઓરડામાં જબરાં નગારાં પડ્યાં છે—લડાઇ વખતે વગાડવાનાં. રાજમહેલની ઉપર સમર્થ ગુરુ રામદાસ સ્વામીનો ભગવો ઝંડો ઝપાટા દઇ રહ્યો છે. દિલ્હીના દીવાને–ખાસ જેટલો જ ભવ્ય દરબાર છે. ત્યાં પેશ્વાનો દરબાર ભરાતો. રાજગઢમાં મહાલક્ષ્મીનું વિશાળ મંદિર છે. એની પૂજા રાજવીઓ ભાવથી કરે છે.

કોલ્હાપુરને પાદર પંચગંગા નદી વહે છે. બારે માસ માથોડા ઉપરવટ પાણી રહે છે. નદીમાં તરવાની ઠીક મજા પડે છે. એને પાંચ નદીઓ મળે છે. કોલ્હાપુરની એ શોભા છે.

કોલ્હાપુરની રાજારામ કૉલેજ સુંદર છે. શહેરમાં બાગ સરસ છે. ગામને પાદર શિવાજી મહારાજનાં બે સ્મારક (બાવલાં) ઉભાં કર્યાં છે. જ્યાંત્યાં હનુમાન અને રામદાસ સ્વામીની ભક્તિ તરી આવે છે. વિદ્યાર્થીઓ તો એ બેની પાછળ ગાંડા.

દસ દિવસ રહી કોલ્હાપુરને છેલ્લા નમસ્કાર કર્યા. અને કૃષ્ણાતીર્થ તથા ગોકાકનો ધોધ જોવા ઉપડ્યા.

રામનારાયણ નાગરદાસ પાઠક

બાપ (દીકરાને)—ભાઈ, આજે આમ ઉદાસ કેમ દેખાય છે?

દીકરો—બાપુ, તમને યાદ છે ને? અમારા માસ્તર માંદા હતા તે—

બાપ—હા; તે શું મરી ગયા?

દીકરો—ના, સાજા થયા!

વા યુ યા ન નો વી ર

જગતનો જબ્બર વિમાની

ઍલન કૉબહામ



માથાં મુકીને વિજય વરનાર જગતના સાહસવીરોની નામાવલિમાં આજે એક નવું નામ ઉમેરાયું છે. મોતના મોંમાં માથું નાખવાનાં એનાં સાહસો, યુદ્ધ-ક્ષેત્રોમાં ઘુમનાર રણવીરો કરતાં કોઇ રીતે ઉતરતાં નથી. પોલાદી બખ્તરને બદલે એ વિમાની ટોપી અને ડાબલા જેવાં ચશ્માં ઘાલે છે; પાણી-પંથા ઘોડાને બદલે ઘરરાટ કરતું પાંખાળું વિમાન પલાણે છે કે જેણે એને દુનિયાના છેડાઓ સુધી મુસાફરી કરાવી છે. અનેક રાજ્યોને જીતી મહાન સમ્રાટ બનવાની એની મહત્ત્વાકાંક્ષા નથી; એને તો હવામાં કેડીઓ પાડવી છે. અને એને બાથ કોની સામે બીડવાની છે? જંગલી ભટકતાં ટોળાંઓની સણસણાટ કરતી ગોળીઓ, વંટોળિયાથી ઉડતાં રેતીનાં વાવાઝોડાંઓ, આકાશમાં ડોકિયાં કરતી ભીષણ પર્વતની હારમાળાઓ ને ઘુઘવાટ કરતાં દરિયાનાં તોફાનો, માણસનો કોળિયો કરી જાય એવાં રાક્ષસી પ્રાણીઓ! પ્રલયની જીભ જેવી અગ્નિશિખાઓ કાઢતા જ્વાળામુખીના મોંમાં ડોકિયાં કરવાનાં તો એનાં સાહસો!

જગતના એ જબ્બર વિમાનીનું નામ સર ઍલન કૉબહામ.

ઍલન કૉબહામ એટલે વાયુયાનનો વીર. ઇગ્લંડથી ઑસ્ટ્રેલિયા અને ત્યાંથી પાછા ઇગ્લંડ,—એમ ૨૮૦૦૦ માઇલની મુસાફરી એણે હમણાં જ વાયુમાર્ગે પુરી કરી છે. તે પહેલાં પણ હિંદ અને દક્ષિણ આફ્રિકાના એણે એવા જ સાહસિક પ્રવાસો કર્યા છે. આમ તેણે બધી મળીને ૬૦,૦૦૦ માઇલની મુસાફરી કરી છે.

સાત જ વરસની વાત છે. ત્યારે તો કૉબહામને કોઈ ઓળખતું યે નહિ. તે વખતે એ લશ્કરી હવાઈદળનો ખીસાંખાલી વિમાની હતો. સ્થિતિ પણ અત્યંત ગરીબ હતી. આજે તે 'બ્રિટિશ સામ્રાજ્યનો નાઇટ કમાન્ડર' કે. સી. બી. ઇ. છે; અને દુનિયાની ઔદ્યોગિક પ્રગતિની દૃષ્ટિએ કામ કરનારા મહાન વિમાની તરીકે એની ગણના થાય છે. સમ્રાટો ને સરમુખત્યારો, રાજાઓ ને પ્રમુખો આજે એને સન્માને છે.

૧૯૧૯માં યુરોપના મહાયુદ્ધ પછી ઈંગ્લંડના વિમાનખાતાના ૨૦,૦૦૦ કામદારોની સાથે કૉબહામને પણ રજા આપવામાં આવી અને એને નોકરી માટે શેરીએશેરીએ ભટકવું પડ્યું. વિમાની ઑફિસની થોડીક જગ્યાઓ હતી; પણ તેમાંની એકે એને મળી નહિ. વિશાળ લંડનમાં અજાણ્યા જેવા એણે ફરવા માંડ્યું.

બીજા માણસોને તો યુદ્ધના જોખમને બદલે ઑફિસની શાંતિ મળવાથી આનંદ થયો; પણ કૉબહામને તેવો આનંદ જોઇતો ન હતો. મિત્રો એને કહેતા કે તારૂં મસ્તક તો હવામાં જ રહેતું લાગે છે. એમને જવાબ મળતો કે 'મને ત્યાં જ વધારે શાંતિ મળે છે!'

અંતે તેણે ભાડુતી વિમાનીનો સ્વતંત્ર ધંધો શોધી કાઢ્યો. પોતાની પાસે જે થોડા પૈસા બચ્યા હતા તે તથા થોડા બીજા ઉછીના લઇને તેણે એક જુનું સરકારી વિમાન ખરીદ્યું અને તેને થાગડથીગડ કરીને પોતાનું કામ ચાલુ કર્યું. તે વેલ્સ, સ્કૉટ્લંડ, પૅરિસ, બર્લિન, વેનિસ અને કોઇકોઇ વાર કૉન્સ્ટાન્ટિનોપલ સુધીનાં ભાડાં ફેરવતો. બે વર્ષમાં તો ઇગ્લંડના ભાડુતી વિમાની તરીકે એની ખ્યાતિ ફેલાઇ ગઇ.

આ પછી તેનાં અદ્ભુત સાહસોની શરૂઆત થઇ. લુશ્યન શાર્પ નામના એક સાહસપ્રિય અને શ્રીમંત અમેરિકને યૂરોપમાં ૧૦,૦૦૦ માઇલનું આનંદ પર્યટન કરાવવાને તેને રાખ્યો.

થોડાં અઠવાડિયાં બાદ નેપલ્સ (ઇટલી)ના એક ખેતરમાં બંને જણા વિમાન પાસે ઉભા હતા. થોડે દૂર જ્વાળામુખી વિસુવિયસ ભભુકતો હતો. તેની તરફ આંગળી ચીંધી શાર્પે કૅાબહામને કહ્યું, 'કૅાબહામ, આપણે એના મુખ પર થઇને વિમાન ચલાવીશું ?'

કૅાબહામ ઘડીક ઝીણી નજરે શાર્પ સામે જોઇ રહ્યો, 'શું કહો છો ? ખરેખર તમે ત્યાં જવાને તૈયાર છો ? બહુ સારું; ચાલો ત્યારે.' અમેરિકનને ખ્યાલ ન હતો કે આ જુવાન વિમાનીનું દિલ તો એવા સાહસ ખેડવાને ક્યારનું તલપી રહ્યું હતું ! થોડી જ વારમાં વિમાન વાયુવેગે જ્વાળામુખી તરફ ઉડવા લાગ્યું.

પ્રલયના યજ્ઞકુંડ સમા એ જ્વાળામુખીના મુખની કિનાર ઉપર થઇને હજી તો વિમાન પસાર થાય છે, ત્યાં તો અંદરથી ઝેરી વાયુનો એક ભયંકર સપાટો એવો તો ધુધવતો નીકળ્યો કે તેણે વિમાનને એક તરણાની પેઠે ૧૦૦૦ ફુટ ઉંચે હવામાં ચડાવી દીધું. ગુંગળાવી નાખનારા એ ઝેરી વાયુના સપાટાથી ઘડીક તો કૅાબહામના હોશકોશ ઉડી ગયા અને થોડી વાર તો એને વિમાનની ગતિ પણ રોકવી ભારે થઇ પડી. પણ મોકાસર એને વિમાનને કાબુમાં લાવવાની યુક્તિ સુઝી અને તે તથા તેનો સોબતી એ જીવલેણ આફતમાંથી ઉગરી ગયા.

એક વખત એક બ્રિટિશ સેનાપતિને યૂરોપ સોંસરા થઇને કૅાન્સ્ટાન્ટિનોપલ પહોંચાડવાની ૧૬૦૦ માઇલની સફર વખતે આલ્પ્સ પર્વતમાં કૅાબહામનું વિમાન નીચાણનાં વાદળાંથી ઘેરાઇને એટલું બધું ઢંકાઇ ગયું કે નાકની દાંડી સામેની ચીજ પણ સુઝે નહિ. વાદળાંમાંથી નીકળવા માટે તેણે વિમાનને નીચે ને નીચે ઉતારવા માંડ્યું, તે ઠેઠ ડાન્યુબ નદી ઉપર પાણીની સપાટીથી માત્ર પચીસ ફુટનું અંતર રહ્યું ત્યાં સુધી ! પણ અહીં બીજી મુસીબત ઉભી હતી. નદીની બંને બાજુએ હજારહજાર ફુટ ઉંચી કાળમીંઢ પત્થરની ભેખડોની સાંકડી ગલી જેવી હારની હાર ઉભેલી. આમાંથી નીકળાય કેમ ? પણ છાતીધડા એ બહાદુરે લેશમાત્ર હીમત ન હારતાં ખુબ સાવચેતી અને ધીરજથી સો માઇલની એ વાંકાચુંકી

ઘેર આવજે રે

મારે ફળિયે તે લીમડાની છાંય છે રે,
એના કોલની કડવાશ લહરાય મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે પોપટજીનું જુથ છે રે,
એને બોલેબોલે રામધુન મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે તે તુલસીનાં વન છે રે,
એને માંજર ધમકતી મ્હેક મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે ગાવડલી માત છે રે,
એની આંખો મીઠી રળિયાત મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે માંડવડાની વેલ છે રે,
એની ડાળે બટમોગરાની રેલ મારી બેન
ઘેર આવજે રે.

મારે ફળિયે તે સાથિયાની ભાત છે રે,
ત્યાં બેસી કરીશું વાત ભાઇબેન
ઘેર આવજે રે.

દેશળજી પરમાર



ગલીમાં થઇને વિમાનને સલામત પાર ઉતાર્યું. આફતના દૂત જેવા એ રાક્ષસી વિમાનને એવડી સાંકડી ગલીમાંથી ક્યાંય અફળાયા વિના સોંસરું કાઢવું એ જેવીતેવી હીમત અને સાહસનું કામ નથી. રજ પણ સરતચુક થઇ કે એ લોખંડી દીવાલ સાથે અથડાઇને પુરચેપુરચા ઉડી જવાનો જ સોદો.

આ અને આવાં બીજાં પરાક્રમોમાં સાહસના જુસ્સા અને અંગત કમાણી ઉપરાંત તેની ખરી મહેચ્છા તો એક બીજી જ હતી. તેને દુનિયાને બતાવી આપવું હતું કે મુસાફરી માટે વિમાન પણ આગગાડી કે મોટર જેટલું જ સલામત અને સસ્તું બનાવી શકાય. ઉપર વર્ણવેલા કૉન્સ્ટાન્ટિનોપલના પ્રવાસ વખતે તેની આ આકાંક્ષા પાર પડવાનાં થોડાં સુચિહ્ન જણાયાં. જોખમભરેલો મુલક છતાં સરેરાશ સો માઇલ નીચે ઉડીને તેણે ૧૬૦૦ માઇલની મુસાફરી એક પણ ભયંકર અકસ્માત વિના પુરી કરી હતી.

લંડનનાં વર્તમાનપત્રો માટે યુરોપના બીજા દેશોનાં શહેરોમાંથી અથવા ગ્રેટબ્રિટનની આજુબાજુને સ્થળેથી સમાચારના ફોટોગ્રાફો વહેલામાં વહેલા લઇ જવાના હોય ત્યારે તે કામ કૉબહામ જ કરી શકતો. સાઉધૅમ્પ્ટન આગળ એક વખત એક અમેરિકન પ્રવાસી ન્યૂ યૉર્ક જનારી સ્ટીમર ચુકી ગયો. કૉબહામે એને ચેરબર્ગ સુધી વિમાનમાં બેસાડીને સ્ટીમર મેળવી આપી. પ્રખ્યાત અંગ્રેજ જૉકી સ્ટીવ ડૉનોહ્યુને ફ્રાન્સની ઘોડાની શરતમાં ઉતરવા ઉતાવળથી પહોંચવું હતું. એને વિમાનમાં બેસાડીને વેળાસર પહોંચાડી દેનાર કૉબહામ સિવાય બીજું કોણ હોય ?

આ બધાં તો એનાં નજીવાં સાહસો ગણાય. વેપારી દૃષ્ટિએ વિમાનની ઉપયોગિતા પુરવાર કરવાની તક તો હજુ હવે આવવાની હતી. ૧૯૨૪માં ગ્રેટબ્રિટન ફરતી ૯૫૦ માઇલની શરતમાં બીજાં નવ વિમાનોને હાર ખવડાવી ૯ કલાકમાં પાછો ફરી એ પહેલો આવ્યો. તે જ વર્ષે ફ્રાન્સ, સ્પેન અને આફ્રિકા સોંસરો જવાઆવવાનો મળીને ૧૨૦૦૦ માઇલનો પ્રવાસ કરવા બદલ તેને ‘બ્રિટાનિયા ટ્રોફી’ આપવામાં આવી.

ત્યાર પછીના બીજા વર્ષમાં કૉબહામે એનાં પંકાએલાં ત્રણ સાહસોમાંનું પહેલું સાહસ પાર ઉતાર્યું; —આવતાંજતાં ૧૭૦૦૦ માઇલની રંગુનની મુસાફરી કરવાનું. આ વખતે એની સાથે બ્રિટિશ વિમાનખાતાના ડાયરેક્ટર સર સેફ્ટન બ્રૅંકર હતા. એમના પ્રવાસનો ક્રમ યુરોપના ઉત્તર ભાગોમાં થઇ, કૉન્સ્ટાન્ટિનોપલ, ત્યાંથી બગદાદ, દિલ્હી, કલકત્તા અને હિંદના મધ્ય ભાગમાં થઇને જવાનો હતો. આ સફર વખતે આજ સુધી કોઇ પણ નહોતું કરી શક્યું એવું મુશ્કેલ સાહસ ખેડવાનો વિચાર કૉબહામને આવ્યો; —દુનિયાના શિખરશિરોમણિ, હિમાલયના માઉન્ટ એવરેસ્ટ ઉપર પહોંચવાનો.

કલકત્તે પહોંચી કૉબહામે પોતાના સોબતીને કહ્યું, ‘જનરલ, એવરેસ્ટ ઉપરથી હિમાલય જોવાની મને બહુ ઇચ્છા છે. કદાચ હું એની ટોચે નહિ પહોંચી શકું, તોપણ પ્રયત્ન તો કરવો છે.’

અને સર સેફ્ટનને કલકત્તામાં ઉતારી દઇ તે ઉપડ્યો. જો કે એ પ્રયત્નમાં તે સફળ ન થયો, તો પણ એનું એક ઉપયોગી પરિણામ આવ્યું. ત્યાં જે જે બન્યું તેનું વર્ણન કૉબહામે પોતાના જ શબ્દોમાં બહુ સુંદર રીતે આપ્યું છે:

‘હું સત્તર હજાર ફુટ ઉંચે ચડ્યો ત્યાં તો વાદળનાં જુથે મને આગળ જતો અટકાવ્યો. પણ મારી મહેનત અફળ નહોતી ગઇ. વાદળાં શરૂ થયાં તે પહેલાં કલ્પનામાં પણ ન આવી શકે એટલો સુંદર દેખાવ મને જોવા મળ્યો હતો. બસો માઇલ દૂર સુધી હું સ્પષ્ટ જોઇ શકતો હતો. મારા આ પ્રયાસે એટલું તો સિદ્ધ કર્યું કે ફોટોગ્રાફ વડે હવામાંથી હિમાલયનો પુરેપુરો દેખાવ લઇ શકાય એમ છે.’

હિંદની મુસાફરીની સફળતા માટે એને ‘બ્રિટાનિઆ ટ્રોફી’નું ઇનામ ફરીથી આપવામાં આવ્યું. આ વિજયથી એનામાં બમણું જોમ આવ્યું ને એણે ઇંગ્લંડથી કેપટાઉન સુધીની, આફ્રિકા સોંસરા, બળબળતી લૂમાં થઇ, એ વિશાળ ખંડને દક્ષિણ છેડે છાપો મારી આવવાની, આવતાંજતાંની ૧૬,૦૦૦ માઇલની મુસાફરીનું બીડું ઝડપ્યું. પહેલી મુસાફરી કરતાં આમાં જોકે એક હજાર માઇલ ઓછા હતા, પરંતુ જોખમો અનેકગણાં વધારે હતાં. ૮૦૦૦ માઇલનો એનો રસ્તો તો પર્વતોની હારો ને અજાણી જંગલી જાતિઓથી વસેલાં ઘાડાં જંગલો ઉપર થઇને જતો હતો, જ્યાં કદિ કોઇએ ફરકવાની સુદ્ધાં હીમત કરી નહોતી.



પૂર્વ ગોળાર્ધને કટિમેખલા બાંધ્યા સમી ઍલને
હવામાં પાડેલી ૨૮૦૦૦ માઇલની કેડી

સૌથી વધુ ભય તો ઇજીપ્તની બાળી નાખે એવી ગરમી અને રેતીના વંટોળિયાનાં ભીષણ તોફાનોનો હતો. એ ભૂમિ પર કોઇ અણધાર્યા કારણે જો ફરજીયાત નીચે ઉતરવું પડે તો કપરામાં કપરા મોતનું જ શરણ; બીજો આરો નહિ. છતાં કૉબહામ જ્યારે એ મુસાફરીએ ઉપડયો ત્યારે એ તો જાણે અઠવાડિયાની સહેલગાહે જતો હોય એમ સામાનની માત્ર બે જ પેટીઓ એણે પોતાની સાથે લીધેલી !

રસ્તામાં વંટોળિયાનાં તોફાને એને એના માર્ગથી કયાં ય દૂર ઉડાડી મુકયો. ૨૦૦૦ માઇલ સુધી તો જંગલોમાં લૂ વરસવાને લીધે હવા એટલી બધી બાફ મારતી હતી કે ૫૦૦૦ ફુટની ઉંચાઇએ પણ એના બાફને લીધે શ્વાસ પણ લેવો મુશ્કેલ પડતો. આશ્રા ૯૦ ડિગ્રી જેટલી માફકસર ગરમીમાં જવા માટે એને એક વાર ૭૦૦૦ ફુટ ઉંચે ચડવું પડયું હતું. અને રેતીના એક વંટોળિયાએ એને ૧૫,૦૦૦ ફુટ જેટલી ભયંકર ઉંચાઇએ ફગાવી દીધેલો. પણ આખરે દક્ષિણ આફ્રિકાની પહેલી સફળ મુસાફરી એણે જગતના ઇતિહાસમાં નોંધાવી તો ખરી જ!

આ મુસાફરીનો થાક ભાગ્યે જ ઉતર્યો હશે ત્યાં તો કૉબહામે એના છેલ્લા અને સૌથી મોટા સાહસ —જતાંઆવતાંની ૨૮૦૦૦ માઇલની ઑસ્ટ્રેલિયાની મુસાફરીની તૈયારી કરી.

આખું ઈંગ્લંડ—અરે દુનિયા આખી, આ અજબ પ્રવાસ ખુબ કુતૂહલ અને રસપૂર્વક ફાટે ડોળે જોઇ રહી. પોતાના આજ સુધીના દરેક સાહસના સાથી મિકૅનિક (સાંચાકામ-કુશળ) મિ. ઇલિયટની સાથે તે ઉપડયો. એણે પૅરિસ વટાવ્યું; પછી નેપલ્સ ને



ઍલન કૉબહામે જોએલી રાક્ષસી ઘરોળી

એથેન્સ; અને હવે આ ઉડનારાઓ ભૂમધ્ય સમુદ્ર ઉપર થઇને બસરા જવા માટે અરબસ્તાનનાં સુક્કાં ભેંઠ રણો પસાર કરતા હતા. એ વખતે એક અણધાર્યો કરુણ બનાવ બની ગયો.

બસરા પહોંચવાને થોડી જ વાર હતી. નીચેના રણમાંથી ધગધગતી રેતીના વંટોળ ઉડીઉડીને આંખને આંધળી કરી મુકતા હતા. એવામાં અચાનક કૉબહામની નજર ઇલિયટ પર પડતાં તે સ્તબ્ધ થઇ ગયો! અસહ્ય વેદના અને મોતની છાયાથી અમળાતો ચામળાતો સફેદ પુણી જેવો એનો ચહેરો જોઇ કૉબહામ વિચારમાં પડયો કે આ ઓચિંતું થયું શું? તેણે વિમાનમાં અહીંતહીં નજર કરી કે કોઇ ગૅસપાઇપ તો નથી ફાટી? ગમે તે હોય, પણ હવે પળ પણ ખોવા જેવી નથી એમ વિચારી કૉબહામે વિમાનની મૉટર પુરપાટ જવા દીધી અને બસરાની શેટ-અલ-અરબ નદીને કાંઠે ઉતરી, પોતાના સાથીને બહાર કાઢી કિનારે લઈ જઇ ત્યાંથી ઇસ્પિતાલમાં પહોંચાડયો. પણ મામલો ખતમ થઇ ગયો હતો.

ઇલિયટની છાતીમાંથી નીકળેલી ગોળી, અને વિમાનના પડખામાં પડેલા ગોળીના વીંધ પરથી સાબિત થયું કે નીચે રણ ઉપર રહેતી ભટકતા આરબોની બેપરવા ટોળીમાંના એક મૂર્ખે માત્ર કૌતુક અને અટકચાળાથી ઉપર ઉડતા વિમાન પર

ગોળી છોડેલી; અને દૈવવશાત્ તે આબાદ ઇલિયટની છાતીમાં જ આવીને ચોંટી!

આંસુભીની આંખે કૅાબહામે પોતાના સાથીને બસરામાં ભૂમિદાહ દીધો અને ઇંગ્લૅંડ તાર કર્યો. ઘડીભર તો આ અણધાર્યાં ને કરુણ સમાચાર કોઇ માની પણ ન શક્યું. બીજો મિકૅનિક આવી પહોંચતાં સુધી કૅાબહામ બસરામાં રોકાયો;—અને પછી એ ફરી ઉપડયો. દિલ્હી, કલકત્તા, રંગુન, સીંગાપોર—એક પછી એક પાછળ મુકી એ આગળ ધપતો ગયો અને ઇસ્ટ ઇન્ડીઝ ટાપુઓ તરફ ઉડયો. અહીં તેણે એવાં બીષણ અને વિચિત્ર પ્રાણીઓ જોયાં જેનું વર્ણન સાંભળતાં આપણને કોઇ પુરાણકાળની દંતકથા જ લાગે.

ડચ ઇસ્ટ ઇન્ડીઝ ટાપુઓમાં બીમા મુકામે એણે રાક્ષસી ઘરોળીઓ જેવાં ત્રણ જીવતાં પ્રાણીઓ જોયાં. આ પ્રાણીઓની પહેલવહેલી શોધ ડચ નિસર્ગશાસ્ત્રી પી. એ. આઉવેન્સે ૧૯૧૨માં કોમોડોમાં કરેલી. વીસેક ફુટની એની લંબાઇ હશે; ને ઘોડા જેવડાં પ્રાણીઓને ફાડી ખાય એવા જબ્બર તો એમના પંજા હતા. એ પ્રાણીઓનું એક બીજું જોરદાર હથિયાર તો એમની જબ્બર ચાબુકો જેવી પુંછડીઓ હતી. એનો એક જ ફટકો માણસનાં હાડકાંનો ચુરો કરી નાખવાને બસ થાય. દોડવામાં તો એમની ઝડપ અતિશય. ત્યાંના વતનીઓ જે આ પ્રાણીઓથી હમેશાં ત્રાસતા રહે છે તેમની પાસેથી કૅાબહામને જણાયું કે એ પ્રાણીઓ ત્યાંનાં જંગલી ટટ્ટુ કે ડુક્કરો મારી ખાઇ જીવે છે. એકાદ ડુક્કરના મુડદા પર જો બે હરીફ ભેગા થઈ જાય તો તેમની વચ્ચે જે જંગી યુદ્ધ ચાલે છે તે બહુ ભયંકર હોય છે!

આવાં બે પ્રાણીઓને ત્યાર પછી પકડીને અમેરિકા લઇ જવામાં આવ્યાં હતાં જેમાંનું એક તો ત્યાં પહોંચ્યા પછી તરત જ મરી ગયું. ત્યાંના વિજ્ઞાનવિશારદો કહે છે કે શુમારે ચારેક હજાર વર્ષ પહેલાંની જાતનાં આવાં પ્રાણીઓની હયાતી પૃથ્વીમાંથી મળી આવવાને લીધે દુનિયાના પ્રાણીવિજ્ઞાનશાસ્ત્રમાં એક ઘણો જ મહત્ત્વનો ઉમેરો થયો છે.

કોમોડોના ટાપુ ઉપર આ વિચિત્ર પ્રાણીઓ જોઈ કૅાબહામ ત્યાંથી આગળ ઉડયો અને છેવટે લખતે ઑસ્ટ્રેલિયાના ઉત્તર કિનારા પર ડાર્વિન બંદરે આવી, ત્યાંથી આખા ઑસ્ટ્રેલિયા ઉપર થઇને દક્ષિણ તરફ વિમાન મારી મુકયું, તે ઠેઠ ઑસ્ટ્રેલિયાના દક્ષિણ તરફના અંતિમ બંદર મેલબોર્ન—પોતાના લક્ષ્ય—પર તે ઉતર્યો. આખા પૂર્વ ગોળાર્ધને જાણે કંદોરો બાંધ્યો હોય એવો ૨૮૦૦૦ માઇલનો આ હવાઈ ચીલો તેણે માત્ર સવા મહીનામાં પાડયો.

વળતી મુસાફરી પણ ઓછી કપરી નહોતી. પિનાંગથી રંગુન આવવા નીકળેલો કૅાબહામ એકાએક અદૃશ્ય થઈ ગયો. એ ત્રણ દિવસો દુનિયાને માટે ભારે ચિંતાના હતા. મદદને માટે તૈયારી થતી હતી ત્યાં તો કૅાબહામ તરફથી સંદેશો આવ્યો કે પોતે સલામત છે. તે ભારે વરસાદના તોફાનમાં સપડાઇ ગયો હતો. પોતાનો એ ત્રાસજનક અનુભવ વર્ણવતાં એ લખે છે કે:

'શુક્રવારે સવારે ૭ વાગ્યે અમે ઉપડયા ત્યારે વરસાદનું એક ભારે તોફાન પાછળ આવતું હતું. અમે ધારેલું કે તે આવી પહોંચે તે પહેલાં તો અમે ઝપાટાબંધ આગળ નીકળી જઇ શાંત હવામાં પહોંચી જઇશું. રંગુન જે ત્યાંથી માત્ર ૬૦૦ માઇલ હતું, ત્યાં પહોંચવું ભારે નહોતું. પણ અમારી ધારણા ખોટી પડી. ચાળીસેક માઇલ કાપ્યા હશે ત્યાં તો અમે એવા ભયંકર તોફાનમાં આવી ફસાયા કે એવું મેં મારી જીંદગીમાં કદિ જોયું નહોતું. જાણે બરછીઓ વરસતી હોય એવા વરસાદે અમને આંધળાભીંત કરી મુકયા. અમે વિમાન પાછું ફેરવ્યું; પરંતુ દુર્ભાગ્યે ત્યાં પણ એટલું જ બીષણ તોફાન ફરી વળ્યું હતું. મહા મુસીબતે અમે એ પ્રલયનાં પુર વચ્ચેથી રસ્તો કરી વિકટોરિયા પોઇંટને અમારે મુકામે પાછા પહોંચ્યા—ન પહોંચ્યા ત્યાં તો ઉપલાં બેને આંટે એવું ત્રીજું ભયંકર તોફાન આવી પહોંચ્યું. કિનારેથી અમને લેવા આવેલી હોડીને લગભગ ડુબાડુબ કરી મુકી અને માત્ર ૧૫૦ ફુટ આવેલા કિનારે પહોંચતાં તો અમારો નાકે દમ આવ્યો.'

ઑસ્ટ્રેલિયા છોડયા પછી એક મહીને અને ઇંગ્લૅંડ છોડયા પછી ત્રણ મહીને, ઑક્ટોબરની પહેલી તારીખે કૅાબહામ ઇંગ્લૅંડને કિનારે ઉતર્યો ત્યારે લોકોએ

(અનુસંધાન આગળ પાન ૨૪૮ના બીજા કોલમને છેડે)

પ્રાર્થના

પ્રાર્થના બે પ્રકારની છે; —બધાંએ ભેગાં મળીને કરવાની, અને એકાંતમાં એકલાએ કરવાની.

સામાજિક પ્રાર્થનામાં આત્મબળ વધારવા કરતાં એકબીજાને હીંમત આપવાનું વિશેષ સામર્થ્ય રહેલું છે; ભક્તિના શાંત આનંદ કરતાં ભક્તિના કેફનો આનંદ એમાં વિશેષ છે. વળી જ્ઞાનની વૃદ્ધિ માટે પણ સામાજિક પ્રાર્થના વિશેષ ઉપયોગી છે.



પ્રાર્થના એટલે એકલી યાચના નહિ. પ્રાર્થના એટલે પોતાના આદર્શ મુજબ પોતાનું જીવન કેળવીને ઇશ્વરને તે સમર્પણ કરવાની ક્રિયા. —કાલેલકર

પણ પ્રાણનિયમન, ચિત્તશુદ્ધિ, એકાગ્રતા, આત્મચિંતન, અને શાંતિ મેળવવા માટે એકાંત પ્રાર્થનાની જરૂર છે. સામાજિક પ્રાર્થનામાં મેળવેલા જ્ઞાનની સફળતા એકાંત પ્રાર્થનામા થઇ શકે છે. આત્માનું બળ એકાંત પ્રાર્થનામાં વધી જાય છે.

માટે એકાંત પ્રાર્થનામાં રોજ થોડો વખત ગાળવાની ટેવ વિદ્યાર્થીએ પાડવી જોઇએ. એકાંત પ્રાર્થના કરવાની રીત ગીતાના છઠ્ઠા અધ્યાયમાં આપી છે, તે ઉત્તમ છે અને સહેલી પણ છે.

પાંચ મિનિટથી અર્ધો કલાક શ્રદ્ધા પ્રમાણે રોજ એકાંત પ્રાર્થનામાં ગાળવો જોઇએ. સવારમાં ઉઠીને તરત અથવા નાહી ધોઇને તરત, અને રાત્રે સુતાં પહેલાં—એ પ્રાર્થના માટે યોગ્ય સમય છે; પણ જેને એ સમય અનુકૂળ ન પડતો હોય, તેને બીજો જે સમય અનુકૂળ લાગે તેનો ઉપયોગ કરવામાં બાધ નથી.

ઉઠતાંવેંત જ જો પ્રાર્થના કરવા માટે વિદ્યાર્થી બેસે તો ઠંડે પાણીએ પોતાના હાથ, પગ અને મોં ધોવાં જોઇએ. શૌચાદિની હાજતવાળાએ ઉઠીને તરત એમાંથી નિવૃત્ત થઇ જવું જોઇએ અને તેવાએ નાહીને જ પ્રાર્થનામાં બેસવું ઠીક છે; કારણકે નહાવાથી પવિત્ર થયા જેવી મનમાં પ્રસન્નતા રહે છે.

રાત્રે પણ પ્રાર્થના કરતાં પહેલાં ઠંડે પાણીએ હાથપગ અને મોં ધોવાં જોઇએ; અને ઠંડે પાણીએ ભીંજવેલા અંગુછાથી બાકીનું શરીર લોહી નાખવું જોઇએ. જેની છાતીને એ સહન થતું ન હોય તેણે કમ્મરથી પગ સુધીનો ભાગ લોહી નાખવો.

પ્રાર્થના કરવા માટે જમીન ઉપર, ઉંચે નહિ એવું અને જમીનની કઠણતાથી અંગ દુખી ન જાય એવું આસન પાથરી બેસવું. સરખી જમીન હોય તે સારી ગણાય, કેમકે એના ઉપર સારી રીતે બેસી શકાય. કામળાનું (અને જો તે ખરબચડો હોય તો તેના ઉપર ધોતિયું બીછાવી) આસન કરવું સારૂં છે. એ ન બને તો પોતાની પથારી ઉપર જ આસન કરવું.

એવા આસન ઉપર 'એક આસને' બેસવું. એક આસને બેસવું એટલે જે રીતે બેઠા હોઇએ તે જ રીતે પ્રાર્થના પુરી થાય ત્યાં સુધી હાલ્યાચાલ્યા વિના બેસી રહેવું. જે મનુષ્ય લાંબા વખત સુધી એક આસને બેસી શકે છે, તેણે આસન જીતેલું કહેવાય છે. આસન જીતનાર દેહનો સંયમ અને પ્રાણનું નિયમન સારી રીતે કરી શકે છે અને એકાગ્ર ચિત્તે એક વસ્તુમાં ધ્યાન આપી શકે છે. માટે આસન જીતવાનો પ્રયત્ન કરવો. આસન ઉપર ટટ્ટાર બેસવું, કે જેથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા પ્રયત્ન વિના બરોબર ચાલે. સિદ્ધાસન કે પદ્માસન ઘણાખરા વિદ્યાર્થીઓને અનુકૂળ આવશે. કોઇ પણ શિક્ષક એ આસન બતાવી શકશે. પણ એ આસનોની પલાંઠી બહુ સાંકડી વાળવી ઠીક નથી, કેમકે તેથી પગમાં ખાલી ચડી આવે છે અથવા દુખી જાય છે. આ આસનોમાં ટટ્ટાર બેસવું અઘરૂં પડતું નથી.

આસનસ્થ થયા પછી નાકના અગ્ર પર બંને આંખો ઠરાવવી. શરૂઆતમાં એમ કરવાથી આંખો દુખી આવે છે એવો અનુભવ થશે, પણ સહેજ અનુભવ મળવાથી એની મેળે આંખો ત્યાં ઠરી શકશે અને દુઃખ નહિ થાય. કેટલાક લોકો નાકના અગ્ર પર ચંદનનું ટપકું કરી દૃષ્ટિ સ્થિર કરે છે, અને કેટલાક ઇશ્વરનું જે સ્વરૂપ પોતાને ગમતું હોય તે

મૂર્તિને તે સ્થળે બેઠેલી ધારે છે;—એટલે રામ, કૃષ્ણ, વગેરે દેવોને, અને તે દેવોનું પણ જેવી જાતનું સ્વરૂપ પોતાને પ્રિય લાગતું હોય તેને જ ત્યાં કલ્પે છે.

આવી રીતે તૈયારી કરીને પોતાના ઇષ્ટદેવનું નામસ્મરણ કરવું. નામસ્મરણમાં છથી બાર અક્ષર સુધીનું નામ કે વાક્ય ઠીક અનુકૂળ આવે છે. ઉદાહરણ તરીકે ' ૐ નમો ભગવતે વાસુદેવાય ', 'શ્રી કૃષ્ણ–શરણં મમ ', ' શ્રી કૃષ્ણ ત્વં ગતિર્મમ ' વગેરે. નામસ્મરણ કરવામાં વિસ્મરણ ન થાય અને અમુક સ્મરણનો નિયમ રહે તેટલા માટે કેટલાક માળાનો ઉપયોગ કરે છે, પણ એની બીજી કશી આવશ્યકતા નથી. જે માળા વાપરે તેણે છાતી આગળ હાથ લાવીને ન ફેરવવી, પણ ગોઠણ ઉપર હાથ ટેકાને ફેરવવી. સ્મરણ કરતાં કોઈ પણ જાતના વિચાર મનમાં ન ઉઠવા દેવાનો પ્રયત્ન કરવો. પોતાને વિચાર ઉઠે છે કે નહિ તે તરફ જાગ્રત રહેવું અને વિચાર ઉઠે કે તરત પોતાને ઈશ્વરચિંતવન કરવું છે, એવો વિચાર લાવી એ વિચારને બંધ કરી દેવો. મન કેટલું ચચળ છે અને એનો નિગ્રહ કરવો કેટલો કઠણ છે, તેનો અનુભવ આ પ્રયત્નમાં ઠીક થશે.

ઘણી વાર એવું થશે કે વિચારને બંધ કરતાં તમે થાકશો, પણ વિચાર ઉઠતાં થાકશે નહિ. એવે વખતે જુદાજુદા લોકો જુદીજુદી રીતે વર્તે છે. કેટલાક તે વખતે ગમે તે વિચારોને બદલે અમુક ઉપયોગી વિચારોમાં મનને જોડે છે. કેટલાક તે વખતે ' હું દેહ નથી, બુદ્ધિ નથી, ઇન્દ્રિયો નથી, પણ શુદ્ધ આત્મા છું ' એવા આત્મચિંતનના વિચારમાં મનને જોડે છે. કેટલાક પોતાના ઇષ્ટદેવનું વર્ણન જે શ્લોકો કે ભજનોમાં હોય, તેમા ધ્યાનને જોડે છે. ઉદાહરણ તરીકે રામ પંચાયતનનું વર્ણન, કૃષ્ણનું ગોપ રૂપે કે ગોવર્ધન ઉઠાવનાર રૂપે વગેરે વર્ણનના ચિંતનમાં મનને જોડે છે. કેટલાક આત્મનિરીક્ષણમાં એટલે પોતે આખા દિવસમાં કરેલાં કાર્યો, વિચારો વગેરેને તપાસવામાં મનને પરોવે છે. વળી કેટલાક એ વખતે પોતાને જે વિચારો આવે છે તે સારા આવે છે કે ખરાબ, પોતાના અભ્યાસ વગેરે નિત્યધર્મોને લગતા જ આવે છે કે બીજી જાતના, એ તપાસવામાં મનને રોકે છે, અને અયોગ્ય વિચારો આવતા હોય તો તે ટાળવા માટે ઇશ્વરપ્રાર્થના કરે છે. મનને જોડવાની આ બધી રીત સારી છે. તેમાંથી જે વખતે જેને જે અનુકૂળ હોય તે લેવી. આ કાંઈ વિચારો બંધ કરી દેવાની રીત—છેલ્લું પગથિયું નથી, પણ ઘણાખરા માટે એ પુરતી અને સારી છે.

ઘણી વાર એવો અનુભવ થશે કે પ્રયત્નો કર્યા છતાં વિચારો આવતા બંધ કરી ન શકાય, અને ઇશ્વરસ્મરણ કે આત્મચિંતનાદિ કાંઇ થઇ શકે નહિ. તે વખતે મુંઝાવું નહિ પણ એકાદ બે ભજન ગાવાં અને એ વિચારો કરનાર પોતે—આત્મા નથી પણ મન છે, એમ મનથી પોતાને જુદા સમજવું અને ધ્યાન પુરૂં કરવું.

કોઇ વાર એવું પણ બને કે વિચાર ઉઠે છે કે નહિ તે સમજાય નહિ; ઇશ્વરસ્મરણ પણ થાય નહિ અને આનંદ જેવું પણ લાગે નહિ; ભજન ગાવાની કે પ્રાર્થના કરવાની પણ રૂચિ થાય નહિ; તે વખતે મુંઝાવું નહિ, કિંતુ એ પણ મનની એક જાતની સ્થિતિ જ છે એમ જાણી, પોતે એથી જુદા પડી, એક નમસ્કાર કરી ઉઠી જવું.

આવી મનની સ્થિતિ થવાનાં કારણ ગીતાના ચૌદમા અધ્યાયમાં આપ્યાં છે; પણ તે નહિ સમજાય તો ચાલશે.

આ રીત યાદ રહે તે માટે ગીતાનો છઠ્ઠો અધ્યાય અવારનવાર વાંચવો.

આવી એકાન્ત પ્રાર્થનાના ફાયદા તમે પોતે જ અનુભવે જાણી શકશો.

કિશોરલાલ ઘ. મશરૂવાળા

(અનુસંધાન પાન ૨૪૫થી ચાલુ)

આભ ફાડી નાખે એવા પોકારોથી એનું સ્વાગત કર્યું, અને વજ્રની સાંકળો જેવી ગણાતી લંડનની પોલિસની લાઇનો તોડીતોડીને લોકોનાં ટોળાં એને વધાવવા ઉલટયાં.

અઠ્ઠાવીસ હજાર માઇલનો હવાઇ પ્રવાસ માત્ર ૩૨૦ કલાકમાં—એટલે દર કલાકે ૮૭ા માઇલ એડીને—કરનાર, વાયુયાનના આ વીરને થોડા જ દિવસ પછી નાઇટ કમાન્ડર ઓફ ધ બ્રિટિશ એમ્પાયરના ખિતાબથી નવાજવામાં આવ્યો.




મહુવાનું સ્કાઉટ સંમેલન

(ભાવનગર સ્ટેટ બૉય સ્કાઉટ્સની બીજી રૅલી)

ગઈ તા. ૧૬મી એપ્રિલની સવારે મહુવાને પાદર વહેતી માલણુ નદીના તટમાં આવેલા એક રમ્ય આંબાવાડિયામાં ભાવનગર સ્ટેટના બધા મહાલોમાંથી પસંદ કરેલા બસોએક સ્કાઉટોએ રૅલી માટે પડાવ નાખ્યો હતો. આંબાવાડિયાની પશ્ચિમમાં નદીનો પાતળો પડી ગએલો પ્રવાહ ધીમેધીમે વહન કરતો હતો અને સામી બાજુ પૂર્વ દિશાને ઢાંકી દેતી, ક્ષિતિજરેખા ઉપર તોરણુ બાંધ્યા સરીખી ખજુરી અને નાળિયેરની ગીચ ઝાડી આવી રહી હતી. એક બાજુ હવાને જલસીકરથી ભરતો અરબી સમુદ્ર ગાજી રહ્યો હતો; બીજી બાજુ કાશ્મીરને પણુ ભુલાવી દે તેવી હરિયાળી ભૂમિ અને આંબાવાડીઓ આવી રહી હતી. છતે ઉનાળે અને ખરે મધ્યાહ્‌ને પણુ ત્યાં ગરમી જેવું તો કાંઇ જ ન હતું. ઉલટું, દરેક ટ્રુપને લખેલી યાદીમાં અમે ધ્યાન ખેંચ્યું હતું કે 'અહીં ઠંડી બહુ જ પડે છે, ઉઘાડા આકાશ નીચે નદીમાં સુવાનું છે માટે સારૂં પાગરણુ લાવવા ચુકશો નહિ.'

નિસર્ગ દેવતાનું સંપૂર્ણુ આનંદઅમૃત પી શકાય એટલા માટે કમિટીએ તા. ૧૬–૧૭–૧૮ એપ્રિલ એવી તો પસંદ કરી હતી કે જેમાં ચૈત્ર સુદી પુનમ આવે. બૉય સ્કાઉટ એસોસીએશનના ચેરમેનની



માલણુ નદીને તટે આંબાવાડિયામાં

ઑફિસ માટે આંબાવાડિયાને એક છેડે તંબુ ઉભો કરવામાં આવ્યો હતો. બાકી તો જુદાંજુદાં ટ્રુપોને આંબાની જુદીજુદી કુંજો વહેંચી આપવામાં આવી હતી. આંબા નીચે રહેવું, રાત્રે નદીના તટમાં સુવું, નદીમાં નહાવું, વીરડામાંથી પાણી પીવું, કાર્યક્રમમાં પહોંચી ન શકાય માટે ઉભા કરેલા એક રસોડે જમવું અને આજુબાજુના વિશાળ જંગલો તથા નદી અને સમુદ્રના તટો ઉપર શરતો અને રમતો ખતમ કરવી એ તા. ૧૬–૧૭–૧૮ એપ્રિલના ત્રણુ દિવસના કાર્યક્રમના મુદ્દા હતા.

અજવાળી દુધ જેવી રાત્રિએ બસો પથારી નદીના તટમાં પડતી. એક બાજુ ખળખળ વહેતો માલણુનો રૂપેરી પ્રવાહ સુતેલા કુમારોના શ્રમિત પદનું પ્રક્ષાલન કરતો હોય તેમ વહેતો, અને બીજી બાજુ ઉંચે આકાશમાંથી ચંદ્ર શીતળ કિરણો પસારી, શ્રમિત કુમારોના ચહેરાઓને માતાના વાત્સલ્ય સમું મીઠું આલિંગન આપતો હોય તેમ ભાન કરાવતો; એક બાજુ ધુંધવાતા કૅમ્પ ફાયરના ભડકા શ્યામ વૃક્ષરાજિમાં અવારનવાર પ્રકાશ ફેંકી અંદર શું છે તે જોવા મથતા, બીજી બાજુ સંત્રી–પહેરો ભરતા કુમારો આ બધાની જોખમદારી પોતાને શિર છે તેવા ખ્યાલથી કલાકે કલાકની 'ઑલ વેલ' બોલાવતા; —આ દૃશ્ય જોઇ કોઇ પણુ વાલી કે માબાપનું હૃદય આનંદના ઉભરાથી છલકાયા સિવાય રહી શકે નહિ.

આ ઉભરાતા બાલસંઘને જોઇ જાણે એમ જ લાગે કે આ માલણુ નદીનો પ્રવાહ નથી, પણુ કિશોર કુમારોના ઉત્સાહની રેલમછેલ છે. મહુવાની



' સબમિટ 'ની રમત

સામી બાજુ એક આદર્શ નાનું જુવાન મહુવા વસી ગયું હોય, ખાખી કપડામા જાણે એક નાનુંસુનું લશ્કર આવી પડ્યું હોય, માનસિક અને શારીરિક સ્ફૂર્તિ જાણે સ્થૂલ સ્વરૂપ લઈ લોકો સમક્ષ હાજર થઇ હોય, સેવા અને સ્વાશ્રયનો જાણે કોઇ પદાર્થ-પાઠ આપી રહ્યું હોય, તેવાં કંઇકંઈ અનેરાં સ્વપ્નો અને ચિત્રો ખડાં થતાં હતાં.

આઠનવ વર્ષની ઉમરના ' કબ્સ 'થી માંડીને વીસ વર્ષ સુધીના 'રોવરો' આ રૅલીમાં ભાગ લેવા આવ્યા હતા. માબાપની શીળી છાયામાંથી કદિ બહાર નહિ નીસરેલ, ગાડીઘોડા સિવાય કદિ નહિ ફરેલ, પોતાનું બધું કામ નોકરથી કરાવવા ટેવાએલ નાનાં 'કબ્સ' જ્યારે આંબા નીચે પોતાનું બધું કામ હાથે કરી બહુ જ આનંદથી રહેતા જણાતા, ત્યારે સ્કાઉટિંગ સ્વાશ્રય કેમ શીખવી શકે તેનો સ્પષ્ટ ખ્યાલ મને આવતો. અને તેવી જ રીતે એસોસીએશનના વૃદ્ધ સભ્યોને કટિબદ્ધ થઇ, કૅમ્પમાં જ રહી સ્કાઉટો જેટલી જ સગવડ ભોગવી, બધો કાર્યક્રમ ફતેહ કરવા દોડાદોડી કરતા નિહાળીને એમ જ થતું કે ' શું સ્કાઉટિંગથી માણસ ફરી જુવાન થતા હશે!' અને સાચી જ વાત છે કે સ્કાઉટિંગને લીધે શરીરથી તો કદાચ નહિ પણ મનથી તો માણસ અવશ્ય જુવાન બને છે.

ત્યાં કઇકઇ રમતો રમાડી અને શા શા કાર્યક્રમ ખતમ કર્યો તેની વિગત કે કયાકયા મહાલોનાં ટૂંપો કઇકઇ સરતો જીતી ગયાં તેના આંકડાની અહીં જરૂર નથી. કૅમ્પ ફાયર ફરતા બે દિવસ કેવાકેવા જલસા, પ્રહસન, ગાયન, વિનોદ કર્યા; રાનમાં ફરી નાળિયેરનાં પાણી કેવાં પીધાં તથા પગીરૂ કાઢતાં ભુલા કેવા પડ્યા એ બધાનો અવર્ણનીય આનંદ અહીં આલેખી શકાતો હોત તો કેવું સારૂં!

તા. ૧૬મીની સવારે બસો સ્કાઉટો ચારચારની હારમાં 'માર્ચ કરતા' સરખા પોષાકમાં રંગબેરંગી ગળાના રૂમાલ (સ્કાર્ફ) તથા વાગનાં બૅન્ડ સાથે શહેરમાંથી પસાર થયા એ દૃશ્ય તો અતિશય સુંદર હતું. આવા દૃશ્યની અસર ગામના બાલજીવન પર કેટલી થાય છે અને તેમના અંતરમાં એ કેવી આકાંક્ષાઓ ને ઉત્સાહ પુરે છે તે તો અનુભવીઓ સારી રીતે જાણે છે.

બધી રમતોમાં કોઇ રમતે ખાસ ધ્યાન ખેંચ્યું હોય તો તે 'સબમિટ' Submitની રમત હતી. આ રમતને ગામડાંમાં 'ભ્રમચી કુંકુ' નામથી ઓળખવામાં આવે છે. આ આપણી જ રમત છે. હું મારા ગામમા ઘણાં વર્ષો સુધી રમેલો. ને રમત મેં જ્યારે અમુક સુધારા સાથે દાખલ કરી ત્યારે સ્કાઉટો તેમ જ સ્કાઉટરોમાં બહુ જ માન પામી. 'રગ્બી ફુટ-બૉલ' બહુ જ મરદાનગીની રમત ગણાય છે; પણ જે જે યુરોપિયન ખેલાડીએ આ રમત રમાતી જોઇ છે તેણે કહ્યું છે કે ' આ રમત ઘણી સરસ છે. શા માટે તમે સર રૉબર્ટ બેડન પોવેલને નથી લખી મોકલતા?' મતલબ કે રમનારનાં શરીરબળ, ચપળતા અને હીંમતને પુરેપુરાં કેળવનારી એ રમત છે.

મહુવાની પ્રજાને સ્કાઉટિંગના જે કેટલાક સુંદર પ્રયોગો કરી બતાવ્યા તેની અસર પ્રજા પર સારી થઇ. ફર્સ્ટ ભાવનગર ટ્રુપના ' ફર્સ્ટ-એઇડ-ડ્રિલ', ફર્સ્ટ સનાતન ટ્રુપની 'ફાયર-બ્રિગેડ-ડ્રિલ' અને શાહેર ટ્રુપના દાંડિયા રાસ ખાસ ધ્યાન ખેંચે તેવા હતા. ઉપરાંત બૅન્ડ સાથે ડ્રિલ, સ્ટાફ-ડ્રિલ, પીરૅમીડ-ફૉર્મેશન તથા સ્કિપિંગ કાંઇ ઓછાં સુંદર ન હતાં.

પ્રામાણિક હરીફાઇમાં જ્યારે ઇનામનો લોભ



ભાવનગર બૉય સ્કાઉટ ઍસોસીએશનના ઑન. સેક્રેટરી
રા. ગોપાળજી ઓ. ઠક્કર



સર પ્રભાશંકર પટ્ટણી

દાખલ થાય છે ત્યારે રમત કરતાં હારજીતની કીમત વધી પડતી ઘણી વાર જણાઈ છે. અમુક ઇનામ ન મળે તો પારાવાર કચવાટ અને કેટલીક વાર તો બીજાના ન્યાય સામે તકરાર અથવા આક્ષેપ કરવાની હદ સુધી પણ આપણે જતા રહીએ છીએ, અને ટ્રુપો વચ્ચેનો ભ્રાતૃભાવ અદૃશ્ય થઇ તેનું સ્થાન ઇર્ષ્યા લે છે. આ દૂર કરવા માટે આ રૅલી વખતે નીચે પ્રમાણે વ્યવસ્થા રાખી હતી. જેનો ન્યાય અપાવો કઠિન તેવાં ઇનામો (જેમ કે 'સારી રીતભાત અને ચપળતા માટેનું ઇનામ') અમે આ વર્ષને માટે દૂર કર્યાં. ત્રણ દિવસના કૅમ્પિંગના ટુંક સમયમાં સારી રીતભાત અને ચપળતા નક્કી કરવાં તે સહેલ નથી. તેનો નિર્ણય તો સ્કાઉટોના હમેશના પરિચયમાં રહેનાર, તેમને અંગત રીતે જાણનાર, તેમની આખા વર્ષની પ્રવૃત્તિને પુરેપુરી પીછાનનાર કોઈ નિષ્પક્ષપાત વ્યક્તિ જ કરી શકે. બીજું એ કે, ઇનામો તો દરેક સરતનાં રાખ્યાં જ હતાં, પણ જુદાજુદા ટ્રુપની જુદીજુદી જરૂરિયાત પ્રમાણે કોને શું આપવું તે બધા સ્કાઉટમાસ્તરોએ આગળથી મળી નક્કી કરી રાખ્યું હતું. દાખલા તરીકે કોઈ ગામડાના ટ્રુપને બગલથેલા અને વૉટર બૉટલની જરૂર હોય ને તેની કીમત ઘણી મોટી હોય, અને તે શરતમાં પ્રથમ ન આવી શકતાં બીજે નંબરે આવ્યું હોય તો તે ઇનામ તેને જ આપવું,—કીમત સામું ન જોવું. આમ કરવાથી અમારાં બીજાં ઇનામ પહેલાં ઇનામ કરતાં ઘણી વાર મોટી કીમતનાં હતાં; પણ કોઇ તે મન પર લાવ્યું નથી.

એક સારી હરીફાઇમા પ્રથમ આવનાર ટ્રુપે માત્ર બાર આનાની કીમતનું ઇનામ ઘણી જ ખુશીથી સ્વીકારી પંદર રૂપિયાનું ઇનામ પોતાનાથી બીજે નંબર આવનારને આપ્યું હતું. આ વ્યવસ્થાથી ભ્રાતૃભાવ વધે છે અને ઉલટું હરીફાઇની કટાકટી બીલકુલ ઓછી થતી નથી. ભવિષ્યના રૅલીઓમાં આ પ્રયોગ કરી જોવા જેવો છે.

આટલું જ લખીને બંધ કરીએ તો કદાચ એમ ગણાય કે મહુવા રૅલી સર્વ રીતે પૂર્ણ હતી. પણ ના; અહીં પણ અપૂર્ણતાઓ હતી જ. અણધારેલી મુસાફરો આવવાથી, ધાર્યા કરતાં વિશેષ સમય અમુક રમતો લેતી હોવાથી, રમત રમાડવાના કાંઇક અમારા દોષથી, નક્કી કરેલ કલાક અને મિનિટ પ્રમાણે કાર્યક્રમ ન જ ચાલતો. કોઇક વાર નહાવાનું મોડું થાય, તો કોઇક વાર ખાવાનું મોડું થાય, તો વળી બીજે વખતે રાત્રે સુવાનું મોડું થાય. આવાંઆવાં કાંઇકાંઇ વિઘ્નોથી નક્કી કરેલ કાર્યક્રમ પુરો કરી શકાયો

(અનુસંધાન પાન ૨૫૪ના પહેલા કોલમને છેડે)



આફ્રિકાના પત્રો

વિક્ટોરિયા સરોવર (કે સાગર ?)ના કાંઠાથી આશરે સો ફુટ દૂર ઉંચી ટેકરી પર સુંદર બંગલો, બંગલાની અને સરોવરની વચ્ચે ઝીણી રેતી પાથરેલો રસ્તો, રસ્તાની બંને બાજુએ ઘટાદાર આંબાઓ, બે બાજુએ સરોવરમાં પ્રતિબિંબ પાડતી નાનીનાની ડુંગરની કરાડો, એક આંબાની નીચે ધાબળા પર પ્રભાતમાં ઉપનિષદ્ વાંચતા નાનાભાઈની બહુ જ નજીક ચરતાં બે બાલહરણો, ચોતરફ મઘમઘી રહેલ ચંપો અને ત્યાં દૂરદૂર આકાશમાં રંગબેરંગી ભાત પુરતી ઉષા!

આવા દૃશ્યની ખાતર તમે આફ્રિકાની મુસાફરીનાં ગમે તે કષ્ટો ન વેઠો કે ?

ગઇ કાલે બપોરના સાડા ત્રણ વાગે અહીં માન્ઝા પહોંચ્યો છું. જીન્જા છોડયાં આજે બરાબર આઠ દિવસ થયા. માન્ઝા આવવા માટે કિસુમુથી જે સ્ટીમર (મેલ નહિ) વિક્ટોરિયા સરોવરનાં બધાં બંદરોએ ફરતી રહે છે તેમાં બેસવું પડે છે. એ સ્ટીમર જીન્જાથી માન્ઝા છસાત દિવસે પહોંચે છે.

હું જીન્જાથી ન ચડતાં, જીન્જાથી નાનજીભાઇ સાથે મોટરમાં એન્ટેબી ગયો હતો અને ત્યાંથી સોમવારે રાતે બેઠો હતો.

એન્ટેબી યુગાન્ડાનું પાટનગર ગણવું હોય તો ગણી શકાય: જોકે લોકો તો કમ્પાલાને પાટનગર ગણે છે. કમ્પાલા હજી હમણાં જ જામ્યું છે. પહેલાં એન્ટેબી બહુ સમૃદ્ધ હતું અને આફ્રિકાના રાજા ગણાએલા શેઠ અલાદિના વિશ્રામનો ત્યાં મોટો વેપાર હતો. હાલ થોડાં વર્ષો થયાં ભાવનગર જામનાં ગોઘાની જેવી દશા થઇ તેવી એન્ટેબીની થઈ છે; ઉજ્જડ બંગલાઓની ઇંટો ખરતી જાય છે, કમાડો કોઇકોઇ ઉઠાવી જાય છે, ચોગાનમાં ઘાસ ઉગી ગયું છે અને લાખની મિલ્કત એક કોડીની થઇ પડી છે.

છતાં હજી યુગાન્ડાનો ગવર્નર એન્ટેબીમાં રહે છે; અંગ્રેજોની સત્તાના સ્થંભો એન્ટેબીમાં ખોડાયા છે. યુગાન્ડાની હાઇકોર્ટ અહીં, પોલિસખાતું અહીં, P. W. D. (જેને લોકો Public Waste Department કહે છે) અહીં, તીજોરી અહીં, યુગાન્ડાની ખેલવણીનું ખાતું અહીં, સારાં મિશનો અહીં, મોટી ઇસ્પિતાલ અહીં અને લશ્કર પણ અહીં.

અહીંનો વેપાર નહિ જેવો છે. અહીં યુરોપિયનો ઉપરાંત ઑફિસોના કારકુનો રહે છે, અને આ કારકુનોમાં ગોઆના લોકોનું પ્રમાણ ઘણું વધારે છે.

આપણા અહીં સાતઆઠ ભાઇઓ છે. મિ. પંડ્યા જેમને ત્યાં મારો ઉતારો હતો તે પોતે કોર્ટમાં કલાર્ક છે અને ઘણો સારો હોદ્દો ભોગવે છે. પોતે બહુ અચ્છા માણસ છે. તેમની ઉમર મારા જેવડી છે અને બી. એ. પણ અમે લગભગ સાથે જ થયા હોઈએ. એ પોતે ગણિતના ખાસ શોખીન હતા અને માર્સ (મંગળ)ના ગ્રહની સાથે પૃથ્વીનો સંબંધ જોડવા માટે રૉયલ ઇન્સ્ટિટયુટ ઑફ સાયન્સે શાંશાં પગલાં લેવાં જોઇએ એ વિષે તેમની જુવાનીમાં તેમણે અનેક કાગળો લખેલા. પણ એન્ટેબીની હાઇકોર્ટે એ બધું પાણી ચુસી લીધું છે. આજ સુધી એન્ટેબીમાં ઘણાં કાર્યોમાં તે પરોપકારબુદ્ધિથી આગળ પડતો ભાગ પણ લેતા, પરંતુ તેમના કહેવા પ્રમાણે તેમને પરોપકારમાં હવે શ્રદ્ધા રહી નથી અને સ્વાર્થ એ જ જીવનનો મુખ્ય મંત્ર રાખવાની તેમની ક્રિમાયત થતી જાય છે. છતાં તેમની પ્રામાણિકતા, તેમનું આતિથ્ય

વગેરે ખરેખર પ્રશંસાપાત્ર જ ગણાય.

અહીં એન્ટેબીમાં આપણા હિંદી ભાઇઓની એક ટેનિસ ક્લબ ચાલે છે. આ ક્લબમાં શનિવારે સાંજે પાંચ વાગ્યે મેં ભાષણ આપ્યું. મિ. પંડયા પ્રમુખસ્થાને હતા. આ ભાષણ ગોઠવવામાં અહીંના ડૉક્ટર સાહેબની ખુબ મહેનત હતી અને આશરે ૪૦-૫૦ ગોઆનીઝ લોકો પણ હાજર હતા.

કોણ જાણે શાથી મારૂં ભાષણ સૌને ખુબ ગમ્યું. ગોઆનીઝોને તો ભારે રસ આવ્યો અને મુક્ત કંઠે મારી પ્રશંસા થઇ.

'એક બીજું ભાષણ જોઇએ.'

બીજે દિવસે ગોઆનીઝ લોકોની (Excelsior Club) એક્સેલ્સિયર ક્લબમાં ભાષણ રાખ્યું. ગોઆનીઝોની સંખ્યા ઘણી એટલે બંને દિવસ મેં તો અંગ્રેજીમાં જ ભરડયું. બીજે દિવસે તો સંખ્યા ખુબ વધી પડી અને ગોઅન સ્ત્રીઓએ પણ સારી હાજરી આપી. બીજા ભાષણમાં પણ બંદા પાર ઉતર્યા ને ખુબ વખાણ ખાટયા.

હવે આ ગોઆનીઝો મારો સત્કાર શી રીતે કરે? તેમણે નાનાભાઇના માનમાં એક જલસો ગોઠવ્યો હતો અને હું તેમનું સંગીત સાંભળવા પધાર્યો. તેમણે ફીડલ હાથ ધરી; તેમના સેક્રેટરી હરઘડી મારી પાસે આવે અને મને ગમે છે કે કેમ તે પુછે અને બાપડાના હોઠ સુકાઇ જાય. પણ નાનાભાઇ સંગીતના 'ખાં' એટલે શી કદર કરે? મેં તો Excellent, Charming, Beautful, એવા થોડાક શબ્દો જીભને ટેરવે જ રાખ્યા હતા એટલે એ ભાઇ આવે કે પકડાવી દઉં. જલસો ઠીક ચાલ્યો અને પછી તો મારૂં સંપૂર્ણ આતિથ્ય કરવા માટે નાચ પણ જામ્યો.

એક સારામાં સારી ખુરશી પર કાઠિયાવાડ-ગુજરાતની ખાદીના પોશાકમાં 'કલારસિક' નાનાભાઇ, પડખે થોડાએક ગુજરાતી મિત્રો અને વચ્ચોવચ્ચ છેલ્લામાં છેલ્લી ફેશનનાં કપડાં પહેરી નાચમાં ઉતરેલાં જોડાંઓ! નાચ ખરેખર સુંદર હતો; રંગુનમાં વીઓના કેફેમાં મેં તેમ જ હરભાઇએ જોએલો તેથી જરાયે ઉતરે નહિ. મારા ગુજરાતી મિત્રોને તો મારે લીધે આ અમુલ્ય લાભ મળ્યો એમ તેઓ કહેતા હતા; કારણ કે આજ સુધીમાં કોઇ દિવસ તેમને એન્ટેબીમાં આ લોકોના નાચમાં નિમંત્રણ મળેલું નહિ. જલસા અને નાચની વચ્ચે વચ્ચે ખાવાપીવાનું તો ચાલુ જ હોય. રાત્રે સાડા આઠ-નવ વાગ્યે સૌની સાથે હાથ મિલાવી હું વિદાય થયો.

સોમવારે ફંડ શરૂ કર્યું. ફંડના કાર્યમાં અહીંના એક ભાઇ મિ. પ્રધાને ભારે શ્રમ લીધો. તેમની સાથે આપણા મિ. કોઠારી તો હતા જ. એન્ટેબીમાં ગોઆનીઝ લોકોએ સારો ફાળો આપ્યો કહેવાય; કોઇ ગોઅને ના તો કહી જ નથી ને! પણ વેપારી લોકોએ ઘસીને ના પાડી. સોમવારે રાત્રે સાડા નવે વાળુ કરીને હું સ્ટીમર પર ગયો.

મંગળ તથા બુધ સ્ટીમરમાં કાઢયા. બુધવારે છેક સાંજના છ વાગ્યે અમે બુકોબા નામના બંદરે પહોંચ્યા. સ્ટીમરમાંથી ઉતર્યા ત્યાં તો રાત પડી ગઇ હતી. અહીં રા. મણિભાઈ નામના એક ટ્રેઝરીના કારકુન છે તે તેમજ ડૉક્ટર સાહેબ મને લેવા સામા આવ્યા હતા. વખત બહુ જ થોડો બાકી હતો એટલે અમે તો બંદર પરથી સીધા ડૉક્ટર સાહેબને ઘેર ગયા. ત્યાં વાળુ કરીને સાદડીઓ તથા ભૃગુ વગેરે લેવાનાં હતાં તે લઇ લીધાં અને નવ વાગ્યે રા. મણિભાઇને ઘેર થોડાએક ભાઇઓની ખાનગી બેઠક બોલાવી નાનું એવું ફંડ પણ કરી લીધું અને તરત જ પાછા બંદરે પહોંચ્યા; કારણકે સ્ટીમર ઉપડી જવાની ધાસ્તી હતી.

બુકોબામાં સ્ટીમર બંદરથી દૂર ઊભી રહે છે એટલે સ્ટીમર અને બંદર વચ્ચે જાઆવ કરવા માટે હોડીઓનો ઉપયોગ કરવો પડે છે. અમે પણ આવી જ હોડીમાં ઉતર્યા હતા અને રાત્રે પણ મણિભાઈ, ડૉક્ટર સાહેબ વગેરેને નમસ્કાર કરી હોડીમાં બેઠા અને સ્ટીમર પર પહોંચ્યા.

પરંતુ સ્ટીમર તો બીજે દિવસ રાત સુધી અહીં જ પડી રહી. બુકોબાનું બંદર આમ નાનું છે પણ ખાળામાં તોફાન ખુબ રહે છે. આસપાસ ચારે તરફ ડુંગરાઓ છે અને સરોવરની કુખમાં પણ મોટા ખડકો છે એટલે સ્ટીમરને અહીં ભારે જોખમ લેખાય છે. બુધવારે રાત્રે એવું તોફાન શરૂ થયું કે માલથી ભરેલા મછવાઓ ક્યાંના ક્યાં ચડી ગયા અને બંદરના માસ્તરને સ્ટીમર પરથી કાંઠે જવું હતું તે જઈ ન શક્યો, એટલે સ્ટીમર પર જ પડયો રહ્યો. તોફાન

બરાબર બાવીસ કલાક રહ્યું. તે દરમ્યાન કૅપ્ટન વગેરેએ તો ખુબ દારૂ ઉડાવ્યો અને દેશી કાળા લોકોના શરીર પર ફાંઓકા દીધે રાખ્યા.

ગુરુવારે રાત્રે દસ વાગ્યે સ્ટીમર ઉપડી. બુકોબા અને માન્ઝા વચ્ચેનું સરોવર, સરોવર ન લાગે પણ મોટો દરિયો લાગે—સમુદ્રના જેવાં મોટાં મોજાં અને કાંઠો તો દેખાય જ નહિ.

સ્ટીમર શુક્રવારે બે વાગ્યે માન્ઝા આવી. ઉતરતાં, ઉતરવાનો પાસ મેળવતાં, કસ્ટમને પતાવતાં લગભગ સાડા ત્રણ થયા અને તરત જ મોટરમાં ઘેર પહોંચ્યા.

અહીં નાકાસેરો ટ્રેડિંગ કંપનીની જીનેરી છે અને તેમાં શિવાભાઇ કરીને મેનેજર છે. તેમને ત્યાં મારો ઉતારો છે. રા. કંચનલાલે તથા મોતીભાઇએ આ બધી ગોઠવણ કરી છે. સાથેસાથે કંપાલા જનરલ એજન્સીની પણ અહીં ઑફિસ છે. તેના મેનેજર રા. ડાહ્યાભાઇના ઉપર પણ ભલામણ હતી અને તે ભાઇ પણ શિવાભાઇની સાથે જ બંદર પર પોતાની મોટર લઇને આવ્યા હતા.

ચાર વાગ્યે આવીને જરા આરામ લીધો અને સાડા પાંચે ડાહ્યાભાઇની ઑફિસે ગયો. ત્યાંથી ૩૫ માઇલ દૂર મઝીન્ઝી કરીને એક ગામ છે ત્યાં તેમની સાથે મોટરમાં ગયો હતો તે રાત્રે અગિયાર વાગ્યે આવ્યો અને જમીને સુઇ રહ્યો.

નાનાભાઇ

નહોતો અને બેત્રણ બાબતો છોડી દેવી પડી હતી. સર પટ્ટણી સાહેબ જેવાએ આપેલી સતત હાજરીથી, તથા સ્કાઉટો માટે સ્ટેટે ખાસ ટ્રેનની કરી આપેલી સગવડથી સ્કાઉટોના ઉત્સાહમાં ઘણો વધારો થયો હતો અને તેની સારી અસર થએલા કામ પર સ્પષ્ટ જણાતી હતી.

ગજાનન ભટ્ટ

આગળ ધપતો જા !

ઉચ્ચાશય અંતરમાં ધારી,
સત્ય મધુર વાણીને સેવી,
દ્વેષમાત્રને સમૂળ ત્યાગી;
આગળ ધપતો જા!
તુજ પર જગ આધાર કરીને
પ્રવાસ નિજનો કરી રહ્યું છે,
તેને નિશદિન સ્મરી સ્મરીને;
આગળ ધપતો જા! (મળેલું)

તમને જોઈએ એવી હવા મળે છે?

મનુષ્યની પહેલી જરૂરિયાત હવા છે. હવા ન હોય ત્યારે આપણે કેટલા અકળાઇએ છીએ ? પાણી કરતાં યે શ્વાસ લેવાને હવા માટે જીવ માત્ર પહેલાં ફાંફાં મારશે. છતાં આપણે તેનું મહત્ત્વ ધ્યાનમાં લાવ્યા વિના હવા વિષે કેટલા બેપરવા અને બેદરકાર રહીએ છીએ ? આપણા ઘરમાં સ્ત્રીઓ અને બાળકો ઘણો વખત ભેજવાળી અંધિયાર જગ્યામાં રહીને ફેફસાંના, દમના અને શરદીના રોગમાં સપડાય છે. તે વિષે જો આપણે બરોબર વિચાર કર્યો હોત તો ઘણા જીવની ઘાત બચી જાત.

મેલી હવાથી જીવની ઘાત તો ઉભી જ છે, તે ઉપરાંત ચાલુ વ્યવહારમાં યે તે બહુ નુકસાન કરે છે. હાથપગમાંથી ઉત્સાહ જતો રહે છે, મન મંદ અને સોગિયું લાગે છે, પરિણામે કામકાજમાં કસ આવતો નથી અને માણસ પોતાની કમાણીમાં પાછો પડે છે, અભ્યાસમાં ઉતરી જાય છે ને શક્તિઓ ગુમાવે છે.

વરસેક થયું હશે. એક દિવસ અમેરિકાના ન્યૂ ઈંગ્લંડની કાપડની મીલનો માલિક રાતોપીળો થતો પોતાની ઑફિસમાં આવ્યો અને સેક્રેટરીને કહ્યું કે મિ. એવર્સનને એકદમ અહીં બોલાવો.

વણાટનો ઉપરી એવર્સન આવ્યો કે તરત જ શેઠે વરાળ કાઢી: 'એવર્સન, તમારા ખાતાનું શું થવા બેઠું છે ? માણસો પગાર લઇને લહેર માણતા દેખાય છે. તમે જાણતા હશો કે ૧૫મી ડિસેમ્બરથી માલની નિકાસમાં ૨૦ ટકા ઉતારો થયો છે. એનું કારણ શું ?'

'સાહેબ, હું જોઉં છું કે દરેક જણ પોતાના કામ પર પુરતું ધ્યાન આપે છે ને કોઇનો વાંક જણાતો નથી. મેં બધી રીતે તપાસ કરી જોઇ છે, પણ માલ કમતી નીકળવાનું કાંઇ જ કારણ મળતું નથી.'

શેઠે હાથ પછાડયા; 'ત્યારે તમે પણ બધું કરી ચુક્યા છો, કેમ? હું પણ આજ કેટલા યે દિવસથી એનો તાગ લાવવા ઉંઘ ખોઇ બેઠો છું. આપણે બંને નિષ્ફળ? હવે ધંધાના સલાહકારોમાંથી કોઇને પુછીએ.'

થોડા દિવસ બાદ વ્યવસ્થાનો એક ઉસ્તાદ આવ્યો. એક કલાક સુધી આખું ખાતું જોઇને તે શેઠને મળ્યો અને કહ્યું કે 'તમને ધંધાના સલાહકારની જરૂર નથી; તમારે હવાપ્રમાણના જ્ઞાતાને પુછવું પડશે. તમારા મકાનમાં ગોંધામણ લાગે છે; હવા



ગરમ ને સુક્કાં લાગે છે.'

ત્રણ દિવસ પછી હવા સમજનાર આવ્યો. તેણે બધી તપાસ કરીને જણાવ્યું કે 'તમારા કામદારો બેધ્યાન અને થાકેલા લાગે છે. તેઓ પોતાનું કામ સંભાળવા ઇંતેજાર હોય છે, પણ તેમનામાંથી ધીરે-ધીરે જીવનપ્રવાહ ઓસરી જતો લાગે છે. આખા દિવસમાં સરેરાશ ગરમી ૮૩ ડિગ્રી જેટલી રહે છે અને જોઇતી ઠંડક પ્રમાણમાં ૩૭ ડિગ્રી જ મળે છે. તમે સરેરાશ ગરમીનું પ્રમાણ ૬૦ કે ૬૪ સુધી લાવી દ્યો અને ઠંડક ૪૫ કે ૪૬ ડિગ્રી સુધી વધારો. પછી તમારી ઉત્પન્ન હતી એટલી આવતાં વાર નહિ લાગે.'

હવા સમજનારની સલાહ પ્રમાણે મકાનના દરેક ખાતામાં નવાં હવાબારાં વધારવામાં આવ્યાં. કેટલાંક જમીન પાસે ને કેટલાંક છાપરાં પાસે. એમ કરી હવાની આવજા બરોબર કરવામાં આવી અને આખો દિવસ ૬૦ કે ૬૪ ડિગ્રી જેટલી ગરમી રહે એવું કરવામાં આવ્યું. કોઇ તરફથી પવનનો ઝપાટો ન લાગે છતાં મંદમંદ વાયુ આવ્યા કરે એવી ગોઠવણ થઇ. પાણીની નળી વાટે ૪૬ ડિગ્રી જેટલી ઠંડક મેળવી. થોડા જ વખતમાં નિકાસના નકશા પર રેખા ઉંચી જવા લાગી, કામદારોની ઢીલાશ ઉડી ગઇ અને શેઠ તથા મૅનેજરના મોં પર પાછું હાસ્ય દેખાવા લાગ્યું.

છેલ્લાં વીસ વર્ષમાં વિજ્ઞાનશોધકોએ હવા વિષેની કેટલીયે માન્યતાઓ સુધારી છે. આપણા ઘરમાં હવા કેવી રીતે આવવી જોઇએ તે વિષે પ્રયોગો કરી તેઓ ચોક્કસ નિર્ણય પર આવ્યા છે.

- તંદુરસ્ત હવા મેળવવી હોય તો તમારા ઘરમાં ગરમીનું પ્રમાણ પાંસઠથી અડસઠ ડિગ્રી ને તેથી અરધોઅરધ પ્રમાણ ઠંડી હવાનું રાખો.
- મકાનને બે પ્રકારની બારીઓ રાખો: મથાળે ને નીચે. સીધા હવાના સપાટા ન આવે એ ખાસ ધ્યાન રાખો. તાજી હવા લો, પણ એ બહારથી આવતી સીધેસીધી નહિ: અંદરની હવા સાથે ભળ્યા પછી જ લો.
- સુઇ રહો બરોબર ફુંફાળી હવામાં, પણ આખી રાત બહારની તાજી હવા છૂટથી આવજા કરે એવી રીતે બારી બારણાં રાખો.
- એક થર્મોમીટર ખરીદી રાખો (બહુ મોઘું નથી મળતું) અને હવાની ગરમી—ઠંડીનું માપ બરાબર જોતા રહો.

દોઢ સો વર્ષ પહેલાં એવું જણાયું કે શ્વાસ મારફતે હવામાંથી ઑક્સિજન શરીરના લોહીમાં ખેંચાય છે અને લોહીમાંથી કાર્બન ડાયોક્સાઇડ શ્વાસ જોડે બહાર નીકળી જાય છે. આ શોધ પરથી જાતજાતના ભુલભરેલા ખ્યાલ બંધાયા હતા. તેમાંનો એક એવો હતો કે ઑક્સિજન ઓછો મળવાથી નહિ, પણ કાર્બન ડાયોક્સાઇડ વધી પડવાથી બંધ હવાવાળા મકાનમાં ગુંગળામણ થાય છે. અનેક પ્રયોગોથી વિજ્ઞાનશોધકોએ આજે એ વાત તોડી પાડી છે અને સાબિત કર્યું છે કે કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ ઘીચ માણસોના ઘરમાં વધવાથી કશું નુકશાન નથી.

તોપણ હવાની યોગ્ય ગોઠવણ વિના મનુષ્યની તબિયત અને સુખાકારી ઉપર ઘણી જ માઠી અસર થાય છે, અને હવા વિનાની જગ્યામાં ઘણાં માણસો વસતાં હોય છે ત્યારે મૃત્યુ પણ નીપજે છે. પણ એ મૃત્યુનું કારણ કાર્બન ડાયોક્સાઇડ નહિ. પરંતુ ગરમ થઈ ગએલી હવાના બાફનું રોકાણ છે. નાટક-શાળામાં, ઑફિસોમાં કે નિશાળમાં ઘણી વાર જે બેભાન જેવી સ્થિતિ જણાય છે તેનું કારણ બફાએલું —ગરમ થઇ ગએલું વાતાવરણ જ છે.

હાલના વિજ્ઞાનમત મુજબ વાતાવરણની ગોઠવણ હવાબારાંથી બરોબર થવી જોઇએ. ફેરનહીટ થર્મોમીટરની ૬૮ ડિગ્રી કરતાં વધારે ગરમ થએલી હવા આરોગ્યને નુકસાનકારક છે. તે ગળા ને નાકનાં પાણી સુકવી નાખે છે, કે જે પાણી જ જાતજાતના રોગોથી આપણને બચાવનારાં છે.

ઓરડાની ગરમી જ્યારે એટલી બધી વધી જાય કે અંદર રહેતાં કે કામ કરતાં માણસોને પરસેવો છુટે, ત્યારે શરીરમાંનું લોહી ચામડી તરફ વધારે ધસી આવે છે ને એટલા પ્રમાણમાં સ્નાયુની શક્તિ ક્ષીણ થાય છે તથા હૃદયને વધારે કામ કરવું પડે છે. આમ હૃદય ઉપર વધારાનો બોજો પડવાથી તે મગજ અને સ્નાયુઓને લોહી પહોંચાડી શકતું નથી કે જ્યાં લોહીની ખાસ જરૂર હોય છે.

ન્યૂ યૉર્કના હવાખાતાના વિજ્ઞાનશોધકોએ ઠરાવ્યું છે કે જ્યાં ૬૬ કે ૬૭ ડિગ્રી જેટલી ગરમી અને ૫૦ ડિગ્રી ઠંડી હવા સામાન્ય રીતે રહ્યા કરતી હોય તેવી જગ્યા આદર્શ ગણવી. શારીરિક શ્રમવાળું કામ ચાલતું હોય તે મકાનમાં તેથી પણ ઓછી ગરમી રાખવી.

આટલા માટે હવા હરતીફરતી રહે અને હર પળે વાતાવરણમાં જરાતરા ફેરફાર થયા કરે તેવી યોજના કરવાની જરૂર છે. આ રીતે શરદી કર્યા વિના શરીરને ઠંડું રાખી શકાશે અને ચામડીને એક જાતનું ચેતન મળ્યા કરશે. સાવ બંધ હવાવાળા સ્થાનમાં આ નથી બનતું. માત્ર હવાબારાંને જ અભાવે નહિ પણ ઘણી વાર સંચાનાં રજીસ્ટરો કે રેડિયેટરોથી પણ હવા તપી જાય છે. હવાનું માપ બરાબર જાળવવાને થર્મોમીટર જેવું બીજું કોઇ સાધન નથી.

રહેવાના ઓરડામાં યોગ્ય રીતે હવા લાવવાની કળાનો મુખ્ય નિયમ એ છે કે, ઓરડામાં ચારેકોરથી હવા જાઆવ કરે એવી બેવડી બારીઓ રાખવી. ભીંતની નીચે બારી હોય તો મથાળે પણ હોવી જોઇએ; જેથી ગરમ હવા પાતળી થતાં ઉપરથી નીકળી જાય અને નવી ઠંડી હવા નીચેની બારીમાંથી આવે. ઘરમાં ઉંચે કે નીચે એકાદ બારી મુકી દીધી એટલે હવાની ગોઠવણ થઈ ગઇ એમ ન માનવું. કોઇ બીજા માર્ગેથી જેટલી હવા ઓરડાની બહાર નીકળશે તેટલી જ બીજી હવા તેમાં પ્રવેશ પામશે. બારી મુકતાં આટલી વાત ભુલશો નહિઃ ઠંડી હવા ગરમ હવા કરતાં ભારે હોય છે એટલે તે નીચેથી જ આવે છે. એક મોટી બારી મુકો તો તેને ઉપરનીચે બે બારણાં રાખજો, જેથી બહારની હવા નીચેથી દાખલ થાય અને અંદરની હવા ઉપરથી નીકળી જાય.

હવાની આવજા માટે આ પ્રમાણે રાખેલી સગવડવાળાં મકાનોમાં વસનારાં સદા નીરોગી, ઉત્સાહી અને સચેતન રહ્યા કરે છે. (અંગ્રેજી ઉપરથી)

આંબો



ચૈત્ર તથા વૈશાખ મહિનામાં આંબાને મ્હોર બેસે છે ને ફળ આવે છે. આંબાની ઘણી જાતો થાય છે: હાફુસ, પાયરી, માલગુબા, દિલપસંદ, ફજલીલેવા, બડા જોડ બંધ, છોટા જોડ બંધ, અમીરકોલા, મોહનભોગ વગેરે. કાઠિયાવાડ, ગુજરાત, ગોવા, વગેરે સ્થળે આંબા થાય છે.

આંબાની જાતો પૈકી હાફુસ, પાયરી અને માલગુબા અતિ સ્વાદિષ્ટ જાતો છે. તેમાં રેસા હોતા નથી અને ચીરો કરીને ખવાય છે. બીજી જાત રસની કેરીઓની થાય છે અને તે મોટે ભાગે કાઠિયાવાડ તથા ગુજરાતમાં થાય છે.

આંબાનાં પાન, મ્હોર, ફળ, છાલ અને મુળ, બધી ચીજો ઉપયોગમાં આવે છે. આંબાની છાલ અને તેનાં મુળ સુગંધી અને સ્વાદમાં તુરાં હોય છે. એ બંને શીત ગુણવાળાં (રક્તને બંધ કરનાર) અને રૂચિ ઉત્પન્ન કરનાર છે. લોહીવા તથા ઝાડા ઉપર તે બંને દવા તરીકે વપરાય છે. આંબાનો મ્હોર પૌષ્ટિક છે અને ભુખ પણ ખુબ લગાડે છે. ઝાડાના રોગ ઉપર તે દવા તરીકે વાપરવામાં આવે છે.

આંબાનાં પાંદડા સ્વાદમાં તુરાં પરંતુ મ્હોર જેટલાં જ ગુણકારી છે અને ત્રિદોષને મટાડે છે.

આંબાના નાના મરવા તુરા અને ખાટા લાગે છે. પાંદડાં કરતાં તેનામાં એક વધારે ગુણ કંઠ સાફ કરવાનો છે.

કાચી કેરી ખાટી હોવાથી વાત, પિત્ત તથા કફ એ ત્રણે રોગો ઉત્પન્ન કરે છે. તેની ગોટલી શીતલ અને પાચક છે અને તેનાથી અતિસાર મટે છે. પાકી કેરીનો રસ ખાવાથી શરીરમાં લોહી વધે છે ને બળ આવે છે. તેનાથી હૃદયને પણ ફાયદો થાય છે. તે જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે, વીર્યની વૃદ્ધિ કરે છે, પ્રમેહ મટાડે છે, મનને આનંદ આપે છે અને શરીરનો વર્ણ સારો કરે છે તોપણ તેનો અતિ ઉપયોગ કરવાથી શરીર બગડે છે. કેરીના રસ સાથે દુધનું અનુપાન વિશેષ લાભકારક છે. આંબાના રસને સુકવી તેની પાપડી બનાવવામાં આવે છે. તેનાથી તરસ, ઉલટી અને વાતપિત્ત મટે છે. આંબામાં આટલા બધા ગુણો હોવાથી તેને કલ્પવૃક્ષ કહેવામાં આવે છે.

બે ભાઈબંધ

બે ભાઈબંધ હતા: સૂરજ ને પવન. બંને એક ટેકરી ઉપર રહે ને મજા કરે. દુનિયાને તેજ આપવાનું કામ સૂરજનું ને પવનનું કામ સૌને જીવાડવાનું. બંને પોતપોતાનું કામ બરાબર કરે.

એ વખતે તો બપોરના સૂરજમાંથી યે ગરમી નહોતી નીકળતી. ચંદ્રથી પણ અનેકગણી વધારે શીતળતા એનામાં ભરી હતી. તે દિ' તો દુનિયા પાપને યે નહોતી ઓળખતીને! સૌમાં બાળકની જ નિર્દોષતા! ને આ બધા ફેરફારનું કારણ, માત્ર એક જ પાપ.

સવારના સોનેરી સૂરજને આખી દુનિયા પૂજતી. એ વખતે એક દુષ્ટ માણસના મનમાં વિચાર આવ્યો, 'ઓહો! આવો સૂરજ મારી પાસે હોય તો કેવું સારૂં! તો દુનિયા આખીને મારી ગરજ પડે. સૌ મારે ત્યાં અજવાળાં લેવા આવે. પણ હીરા, માણેક ને મોતી વગર હું કોઇને આપું જ નહિને! પછી તો મારે ત્યાં ઝવેરાતના ઢગલે ઢગલા!'

એ તો ધીમે પગલે સૂરજ પાસે ગયો. એક વાર ચારેકોર નજર ફેરવી. નજીકમાં કોઇ માણસ જોવામાં આવ્યું નહિ એટલે એણે તો સૂરજને ઉપાડી લીધો. ખીસામાં સંતાડી એ તો ઘેર જાય છે.

સૂરજ તો ખીસામાં પડ્યો-પડ્યો એવો ચીડાય—એવો ચીડાય! ક્રોધમાં એ તો લાલચોળ થઈ ગયો. જાણે બળતો અંગારો!

ને સાચે જ એ તો અંગારો થઈ ગયો. પેલા પાપી માણસનાં વસ્ત્રો ભડભડ સળગી ઉઠ્યાં. પોતે પણ બળીને ખાખ થઇ ગયો. સૂરજ તો દેવ. એ કોપે ત્યારે શું ન થાય?

પવન બહાર ગયો હતો તે પાછો ટેકરીએ આવીને જુએ તો ભાઇબંધ ન મળે! એને એકલો મુકીને સૂરજ કોઇ દિવસ ક્યાં ય જતો નહિ, એટલે પવનને તો ચિંતા થઇ કે ભાઇબંધ ગયો ક્યાં? એકલાં એકલાં એને ગોઠતું નથી.

ત્યાં તો ક્રોધથી અંગારો બની ગએલો સૂરજ દોટ દેતો આવે છે. પહેલાં તો પવન એને ઓળખતો યે નથી. પણ વળી ભાઇબંધનો અણસાર આવતાં નવાઈ પામીને પુછે છે, 'કાં, ભાઇ! અત્યાર સુધી ક્યાં ગયો'તો? ને તારામાં આ ફેરફાર શો?'

સૂરજે એને માંડીને બધી વાત કરી. 'દુનિયામાં હવે પાપે પ્રવેશ કર્યો છે. મારે તો અહીં રહેવું નથી. મને ઉડાડીને તું આભમાં મુકી દે.'

ને પવને તો પછી એવો સપાટો લગાવ્યો કે સૂરજ ઉડીને આભમાં પહોંચી ગયો. એ સૂરજનો કોપ હજી યે શમ્યો નથી. ને આવી પાપી દુનિયામાં આવવાનું તો એને ગમે જ કેમ?

પવનને યે આ પાપી દુનિયામાં ગમતું નથી, પણ પ્રભુનો હુકમ ત્યાં શું કરે? ચેન નથી પડતું એટલે આમથી તેમ ને તેમથી આમ આંટા મારે છે ને નિસાસા નાખે છે. એના નિસાસા તો સૌએ સાંભળ્યા હશે. પ્ર.



તારા! તારા! તારા જેવી
મીઠી મીઠી, આંખ દે!
પંખી મીઠા! તારા જેવી,
ચેતનવંતી પાંખ દે!
સાત સમુદર વીંધી જાઉં,
હસતી આંખે જોતો જાઉં.

મધમાખી તું, તારા જેવી,
મુજને મીઠી ખંત દે!
કોયલ બ્હેની! તારા જેવો,
મીઠો મીઠો કંઠ દે!
વિશ્વતણો મધકોષ ભરૂં,
ચૌદ લોક ટહુકાર કરૂં.

સાગર ઉંડા! તારા જેવો
ધીર, ઘીર, ઘુઘવાટ દે!
વેગી વાયુ! તારા જેવો,
વેગીલો સુસવાટ દે!
વિશ્વ ધ્રુજે સુસવાટ કરૂં,
સાગર શો હું જ્યાં ગરજું.

આશા! ચાલો, બાને કહીએ
રમકડાં તું આવાં દે!
બ્હેની! બ્હેની! ત્યાર પછી તો
જગના રાજા આપણ બે!
બાળક નાનાં હું ને બ્હેન,
તો ના કરત કશાનું ચ્હેન:



ઉ ગ તી પ્ર જા

વઢવાણનું યુવકસંમેલન

'પરસ્પરના પરિચયમાં આવી ભાષણો, વિવાદો અને વાર્તાલાપદ્વારા એકમેકના વિચારોનો વિનિમય કરવો; શારીરિક વિકાસને માટે અખાડા સ્થાપી દેશી અને વિલાયતી મરદાનગી રમતોનો શોખ અને પ્રચાર કરવો; દુષ્કાળ, રોગચાળો, આગ, પાણીમાં ડુબવું વગેરે આફતોમાં સેવા કરવી; કુરિવાજો, અજ્ઞાન, સ્વાર્થ, ગરીબાઇ વગેરે કારણોને લીધે આપણું સામાજીક જીવન અત્યારે છિન્નભિન્ન થઇ ગયું છે, તેને સજીવ કરવું અને વિનાશના મુખમાં ધસી જતી સમાજને બચાવવી; આપણો પહેરવેશ, ખાનપાન, રહેણીકરણી, મરણપરણ, વગેરે સર્વ બાબતો પર વિચાર કરી આપણા સામાજિક જીવનનું નિશ્ચિત સ્વરૂપ કલ્પી તે પ્રમાણે સ્વયં આચરણ કરી સામાજિક પુનર્ઘટનાનું મંડાણ કરવું';—એવા એવા અભિલાષથી વઢવાણનું યુવક મંડળ સ્થપાયું છે. એના ઉપક્રમથી ગઇ તા. ૨-૩-૪ જુનના દિવસોમાં વઢવાણમાં પહેલું યુવક સંમેલન ભરાયું. તેમાં ત્યાંની દાજીરાજ હાઈસ્કુલના જુના નવા વિદ્યાર્થીઓ તથા પ્રજાજનોએ ભાગ લીધેલો. વઢવાણના યુવકપ્રેમી ના. ઠાકોર સાહેબે સંમેલનની યોજનાને પ્રથમથી જ વધાવી હતી. પહેલા દિવસના પ્રમુખ પણ તેઓશ્રી જ હતા, પણ અનિવાર્ય સંજોગોને લઇને હાજર નહિ રહી શકવાથી દીવાન સાહેબ ભીમજીભાઈને પોતાની વતી કામ ચલાવવાની સુચના કરી હતી. તે પ્રસંગે મોકલેલા સંદેશામાં તેઓશ્રીએ યુવાનોને શરીરબળ, બુદ્ધિબળ અને ચારિત્ર ખીલાવવાનો, ત્યાગ અને સેવાનાં કાર્યો કરવાનો, જીવન સાદું અને સરળ બનાવવાનો અને ઉચ્ચ આદર્શ રાખવાનો બોધ આપ્યો હતો.

ભાષણો અને ચર્ચા, રાસ અને સંગીત, શરત અને વ્યાયામ, સિનેમા, લોકસાહિત્ય વગેરેથી કાર્યક્રમ આકર્ષક બન્યો હતો. અ. રામનારાયણ પાઠકનું પ્રેરક, તથા શ્રી. ભીમજીભાઇનું અનુભવપૂર્ણ વ્યાખ્યાન, શ્રી મેઘાણીભાઇનું સૌરાષ્ટ્રના વીર યુગનું તથા શ્રી. ગજાનન પાઠકનું સ્થાપત્ય અને કલાનું વિવેચન, પંડિત ઓંકારનાથજીનો સંગીતનો જલસો, સર ચિનુભાઇની દાર્જીલિંગ તથા જબલપુર વગેરે સ્થળોની ફિલ્મો, રાજકોટ અને અમદાવાદની વ્યાયામમંડળીઓના પ્રયોગો—એ સંમેલનનાં વિશિષ્ટ અંગ હતાં. વ્યાયામમંડળીઓને તો તેમના કામથી સંતોષ પામીને રાજ્ય તરફથી બે સોનાની શીલ્ડ (ઢાલ) અર્પણ કરવામાં આવી.

અ. પાઠકનું સામાજિક પુનર્ઘટના ઉપરનું વ્યાખ્યાન અને તેમાં યે જ્ઞાતિસંસ્થા ઉપરના તેમના વિચાર મનન કરવા જેવા છે. તેમણે કહ્યું કે જ્ઞાતિની સંસ્થાથી ધર્મ તથા સમાજનું કેટલેક અંશે રક્ષણ થયું છે; છતાં તેથી દેશની રાજકીય ઉન્નતિને મોટો ફટકો લાગ્યો છે. આ સંબંધમાં તેમણે પ્રો. જદુનાથ સરકારનો અભિપ્રાય ટાંક્યો કે મહાન શિવાજી મહારાજને હાથે પણ હિંદુ સામ્રાજ્યની સ્થાપના ન થઇ શકી તેનું કારણ આ જ્ઞાતિસંસ્થા હતી.

શ્રી. મેઘાણીભાઈએ સૌરાષ્ટ્રના વીર યુગનું સ્મરણ કરાવ્યું. એ હીપો ખુમાણ અને કલ્યાણમલ, એ દાનો ભગત અને વણવીર ભગત, એ રામવાળો અને દેવરો વગેરેનાં જીવનના ભવ્ય પ્રસંગો વર્ણવીને પુછ્યું કે આમાંના કયા ભોગ અત્યારના યુવકો આપી શકે તેમ છે? વિશેષમાં તેમણે જણાવ્યું કે સૌએ અત્યારે પણ તેમ કરવું જ જોઇએ એમ નથી, પણ નવા યુગના ચણતરમાં જુનાની સુંદરતા લાવવાની જરૂર છે. ચર્ચાપરિષદ્ પણ થઈ હતી. 'સૌરાષ્ટ્રના હાલના સંજોગો જોતાં સૌરાષ્ટ્રની સાંસ્કારિક, બૌદ્ધિક, રાજકીય અને આર્થિક ઉન્નતિ થાય તે માટે સૌરાષ્ટ્રના સત્ત્વશાળી યુવાનોએ સૌરાષ્ટ્રમાં જ રહેવું' એ મતલબનો મુળ ઠરાવ હતો. તેની તરફેણમાં તથા વિરુદ્ધમાં રમુજી દલીલો થઇ હતી. બહાર જવાની તરફેણમાં વધુ મત હતા.

કાઠિયાવાડની યુવાન પ્રજાને પાંખો ફુટી છે તેનું આ સૂચન છે. અમે ઇચ્છીએ છીએ કે એના ઉત્તરોત્તર વિકાસ થઇ એ સબળ પાંખો ફફડાવી પ્રગતિને પંથે ઉડે.

લાલ ટમેટાં

ચૈત્રના અંકમાં ટમેટાં વિષે કેટલીક ઉપયોગી માહીતી આપી છે. સાધારણ ટમેટાં કરતાં ખોરાકમાં પાકાં લાલ ટમેટાં કેટલાં વધુ ઉપયોગી છે તે નીચેની હકીકત ઉપરથી સમજાશે.

ખોરાકમાં લાલ ટમેટાંનો ઉપયોગ અમેરિકામાં બહુ મોટા પ્રમાણમાં થાય છે. ત્યાં ટમેટાંની પેદાશ પણ પુષ્કળ છે. આખી મોસમ ખાધા પછી જે ટમેટાં વધે તેને ડબામાં પૅક કરી રાખી મુકવામાં આવે છે કે જેથી આખું વર્ષ લાલ ટમેટાં ખાવા મળે!

ખોરાકની દૃષ્ટિએ તો ટમેટાં ઘણાં જ સરસ ગણાય છે, કેમકે તેમાં પ્રાણજીવન તત્ત્વ (વિટેમિન્સ) પુષ્કળ જથ્થામાં હોય છે. જે ખોરાકમાં આ પ્રાણજીવન તત્ત્વ હોય તે ખોરાક શરીરને ઘણો જ જરૂરનો ગણાય છે. સાધારણ રીતે પ્રાણજીવન તત્ત્વ હોય છે તો બધાં યે ફળોમાં, પરંતુ ટમેટાં અને નારંગીમાં વધારે પ્રમાણમાં હોય છે. સંતરાં કે નારંગી તો આપણે નાગપુરથી લાવવાં પડે છે; છતાં ઋતુમાં જ્યારે મળે ત્યારે તેનો ઉપયોગ કરવા ચુકવું નહિ,—ખુબ ઉપયોગ કરવો.

ટમેટાં આપણે ત્યાં ઢગલાબંધ થાય તેમ છે. માત્ર આપણું લક્ષ હજી તે તરફ ખેંચાયું નથી. ટમેટાંનું વાવેતર બહુ નફાકારક છે તે ઘણા ખેડુતો જાણતા નથી. આપણે ત્યાં ટમેટાંનું વાવેતર ઓછું થાય છે તેનું કારણ માત્ર એટલું જ છે કે ટમેટાંને એક શાક તરીકે જ ગણવામાં આવે છે. ફળ તરીકે તે કેટલું ફાયદાકારક અને પૌષ્ટિક છે તે આપણામાંના ઘણાખરા જાણતા નહિ હોવાથી ખોરાકમાં તેનો જોઇએ તેટલો ઉપયોગ થતો નથી.

પશ્ચિમના દેશોમાં ખોરાકમાં ફળ અને શાકનો ખુબ ઉપયોગ કરવામાં આવે છે. ત્યાંના એક કુટુંબમાં દરરોજના પાંચથી સાત રતલ ફળ અને લીલાં શાક ખવાય છે; જ્યારે આપણે ત્યાં ભાગ્યે જ માણસ દીઠ પાશેર શાક ખવાતું હશે. તો પછી ફળની તો વાત જ ક્યાંથી હોય? દેશની ગરીબાઇને લીધે આપણા લોકોને ફળ અને શાક બહુ ખાવાં પોસાતાં નથી, અને પરિણામે આપણે ત્યાં ફળ-શાકની પેદાશ પણ બહુ કરવામાં આવતી નથી.

આનું મુખ્ય કારણ એ છે કે આપણા દેશમાં થતી ચીજોની ઉપયોગિતાની જ આપણને પુરી ખબર હોતી નથી. પરિણામે આપણા ખોરાકમાં ફળ-શાક નહિ જેવાં જ હોય છે. અને એ ફળ-શાકના અભાવને લીધે પ્રજાને પ્રાણજીવન તત્વ પુરૂં નહિ મળવાથી, શરીરો વિકાસ તથા પુષ્ટિ પામતાં નથી. અનાજ કરતાં પણ ફળ-શાક વધારે ઉપયોગી છે અને જેટલાં ખાઇ શકાય તેટલાં ખાવાની જરૂર છે.


પાકાં લાલ ટમેટાં તો ખોરાકની દૃષ્ટિએ બહુ જ ઉપયોગી છે, અને તે કંઇ એટલાં મોંઘાં પણ નથી હોતાં. તેનો ઉપયોગ કરવાથી શરીર પણ લાલ ટમેટાંનાં રંગ જેવું થઇ જાય છે. આ કાંઈ પત્રોમાં લખવાની વાતો નથી પણ ખોરાકશાસ્ત્રીઓના અનુભવની વાત છે અને આ લખનારે જાતે પણ અનુભવેલું છે.

કબજીયતવાળા માટે તો ટમેટાં એટલાં સરસ છે કે જો મોસમમાં નિયમિત રોટલી સાથે ખાવામાં આવે તો વિરેચનચૂર્ણ, લૅકસેટિવ પિલ્સ કે ફ્રુટ સેલાઇન (દસ્ત સાફ લાવવાની દવાઓ) વાપરવાની જરૂર જ રહે નહિ. જેમને ટમેટાં એમ ને એમ ખાવાં ન રૂચે તે ટમેટાંની કચુંબર કરી અંદર ખાંડ, તીખાં, મીઠું વગેરે નાખી સ્વાદિષ્ટ બનાવી ખાઇ શકે. પાકાં લાલ ટમેટાં ગમે તેટલાં—પેટ ભરીને ખાવાથી કોઇ પણ જાતનું નુકસાન કરતાં નથી. બાળકોને માટે તો એ ઉત્તમ બાલામૃત છે. તેને તો ખાય તેટલાં ખાવા જ દેવાં.

મુળચંદ ઉ. પારેખ

જ્ઞાનલીલા

વૈશાખની જ્ઞાનલીલાના આવેલા ઉત્તરોમાંથી પુરા સાચા તો ભાઈ છોટાલાલ નરસિંહભાઇ પટેલ (અંભેટા)ના એકના જ છે. ઇનામ એમને મોકલાશે.



ખરા જવાબો નીચે મુજબ:

(૧) કાગળના ટુકડાઓ જોડીને બનાવેલી બતક બાજુમાં.

(૨) કવિતાની કડી આ રહી:

રણનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને!
પરથમ પહેલું મસ્તક મુકી, રાખે વીરનું નામ જોને!

(૩) આ નીચે બાજુએ બતાવ્યા પ્રમાણેના નવ આંકડા કાઢી નાખવાથી બાકી રહેલી રકમોનો સરવાળો થાય:

	× × ×
(૪) પહેલું સુખ તે જાતે નર્યા.	૩ × ×
(૫) કક્કો.	× × ૫
(૬) સાકર, સાગર, મગર, મગજ.	૭ × ૭
(૭) લીંબડો, બકુલ, ડોલર.	× ૯ ૯
	૧ ૧ ૧ ૧

નવા પ્રશ્નો શોધી મોકલનારાઓને પણ યોગ્યતા પ્રમાણે ઇનામ અપાય છે. પરંતુ એ જુના ચવાઈ ગએલા કે બીજે કોઇ સ્થળે પ્રગટ થઈ ગએલા હોવા ન જોઈએ. નવા ઉપજાવી કાઢેલા અથવા આજ સુધીમાં પ્રગટ ન થઈ ગયા હોય એવા સંપાદિત કરેલા, બુદ્ધિને કસે એવા પ્રશ્નો મોકલનારને ઇનામ મળશે. નવા પ્રશ્નો મોકલનારાએ એના જવાબ પણ સાથે જ મોકલવા જોઇએ. નીચેના નવા સવાલોના ઉત્તર અષાડ સુદ પાંચમ સુધીમાં મળી જવા જોઇએ.

નવા સવાલ

(૧) શોધી કાઢોઃ આ નીચે પાંચ ગુંચવાએલી કહેવતો આપી છે; શોધી કાઢોઃ (૧) ધનો પાતેર્ભમા રેલની વાળે તેને રત (૨) ચગ્યું ભાંભ યે તોરૂ (૩) પગર ઉલાણી ગાંટ જતાંએ (૪) મર્શાદ મોના ખોનેન ટાંટાં (૫) ઈશ મોમો ભેંડો ટાનાળા. (૨) આનંદ, સ્વજન, સરસ, તીર, દયાળુ- આ પાંચ શબ્દોમાંથી વધારાના અક્ષરો છેકી નાખી બાકી રહેલા અક્ષરો બરાબર ખરા ગોઠવશો એટલે તેમાંથી એક ધર્મવીરનું નામ નીકળશે.

ગણિતગરૂમતઃ અ એ **બ** ને પુછ્યું કે, 'આપણી ભાઇબંધી કેટલાં વર્ષની જુની હશે?' ત્યારે **બ** એ જવાબ આપ્યો કે, 'મારી જીંદગીનાં ૨/૩ વર્ષ થયાં આપણી ભાઈબંધી ચાલુ છે પણ તું મારા કરતાં બાર વરસ મોટો છે એટલે તેં તારી જીંદગીનાં ૬/૧૧ વર્ષ મારી ભાઇબંધીમાં ગાળ્યાં છે.' તમે એ બંને ભાઈબંધોની ઉમર શોધી શકશો?

ઓળખી કાઢોઃ એક નાન્યેતર જાતિના પ્રવાહીને નારીજાતિનો પ્રત્યય લગાડતાં વનસ્પતિ બની જાય છે; અને તેવી જ રીતે એક નારીજાતિની વનસ્પતિને નરજાતિનો પ્રત્યય લગાડતાં એક ફુલ બની જાય છે તો એ બંને શું હશે?

(અનુસંધાન આગળ પાન ૨૯૨મે)



માધુકરી

શું ભરૂં આભશું બાથ ?
શું કરૂં વજ્રસંપાત ?
કે ઉદધિ ઉંડા ડોળું ?
કે ગગનતારલા તોડું ?
કે કરી ચરણ આઘાત પૃથ્વીના પર્વત સઘળા ફોડું,
જે થકી દેશી—મુજ દેશી તણી દૃઢ દાસ્યશૃંખલા તોડું. —**નર્મદાશંકર બાલાશંકર**

સ્ત્રી સન્માનનો રક્ષણહાર ખડગબહાદુરસિંહ

હાથમાં હાથકડી, પગમાં બેડીઓ અને કેડે દોરડાના બંધનથી બંધાએલો, ચમકતી આંખોવાળો એક ગુરખા યુવાન, તેની નાની પથારી, થોડી ચોપડીઓ ને પાણીનો કુંજો સાથે રાખીને ચાર બંગાળી સીપાઇઓના ખડા પહેરા નીચે કલકત્તાના સીઆલ્ડા સ્ટેશન પર ઉભો હતો. તેને જોવા, અને બની શકે તો તેની સાથે બેચાર વાતો કરવા તેની આસપાસ થોડે અંતરે માણસોનું મોટું ટોળું જમા થએલું હતું. એ ટોળામાંથી એક બંગાળીએ આગળ આવી પોલિસની પરવાનગી લઈ એ ગુરખા જુવાન સાથે તેનાં સુખદુઃખની વાતો કરવા માંડી. એટલાં બંનેનો જ્યાં અણનમ, સખ્ત જેલની સજા જ્યાં અડગ અને જુવાનીનો કાળ આમ કારાવાસની દીવાલો પાછળ બરબાદ થઈ જવાનું વિધિ-નિર્માણ છતાં અત્યંત આશાવાદી, એવા એ જુવાને અતિશય પ્રફુલ્લતાપૂર્વક પેલા બંગાળી સાથે વાતો કરવા માંડી. કલકત્તાની અદાલતમાં જે ગાજતા અવાજે તેણે પોતાની કેફિયત લલકારી ફાંસીના માંચડા ઉપર લટકવાની તૈયારી બતાવી હતી તે જ અવાજે તે બોલ્યો, ' મને ખુનના બીજા ગુનેહગારની જેમ જ જેલમાં રાખવામાં આવે છે; પણ મને તેનું લગીરે દુઃખ નથી. હું તો મૃત્યુને માટે પણ તૈયાર છું. મને માત્ર એટલો સંતોષ છે કે મારો ધર્મ બજાવતાં મને આ જેલની અંધારી કોટડી સાંપડી છે. મને તત્કાળ મુક્ત કરવા દેશભરની જાહેર સંસ્થાઓ અને સમાજો બંગાળ સરકારને નિવેદનો ઉપર નિવેદનો મોકલી રહી છે એ મમતા બદલ હું મારા દેશબાંધવોનો અહેશાન સ્વીકારૂં છું: પણ હું જો નિખાલસપણે મારૂં દિલ વ્યક્ત કરૂં તો મારે કહેવું જોઇએ કે મારા માટે એવી દયાની ભિક્ષા મગાતી જોઈ મને શરમ આવે છે. હું મારા અત્યારના ભાગ્યથી ખુશ છું.'

એ ગુરખા જુવાન કોણ હતો? શા માટે તેની જેલચર્યામાં કલકત્તા—રે, હિન્દુસ્તાનભરનો સુશિક્ષિત સમાજ આટલો બધો રસ લેતો હતો ? શા માટે એક વેપારીને ઉંડો જખમ કરનારા એ ગુનેહગાર પર આટલી પ્રીતિ વરસતી હતી ?

એ ગુરખા જુવાનનું નામ ખડગબહાદુરસિંહ બિસ્તા. કલકત્તા ગુરખા સમાજનો એ મંત્રી. ખડગબહાદુરસિંહ કલકત્તા યુનિવર્સિટીની બી. એ.ની પદવી ધરાવે છે અને જેલની સજા પામ્યા પહેલાં તે કાયદાનો અભ્યાસ કરતો. તે જુવાનની નસોમાં ગુરખાઓનું પ્રતાપી લોહી વહેતું. તેનું જ્વલંત સ્વદેશાભિમાન કેટકેટલા ગુરખા જુવાનોને દૃષ્ટાંતરૂપ બનતું. તેનો જાતિપ્રેમ તેને પોતાના દેહની કે જીવનની પરવા કર્યા વિના, દિવસ અને રાત ગુરખાસમાજની ઉન્નતિની પ્રવૃત્તિમાં મશગુલ રાખ્યા કરતો. નેપાળના આશાવંત યુવક તરીકે-ભાવિ નેતા તરીકે ખડગબહાદુરસિંહનું નામ ગુરખા કોમના ઘેરઘેર જાણીતું બની ગયું હતું.

ગયા જાન્યુઆરી માસમાં કલકત્તાના પોલિસ કમિશનર પાસે, રાજકુમારી નામે સોળ વર્ષની એક ગુરખા જાતિની યુવાન બાળાની અરજી આવી. એ અરજીમાં કોઇ એક પદ્મપ્રસાદ અને હીરાલાલ સામે રાજકુમારીએ પોતાને સતત સતામણી કરવાના ને પોતાને ઉઠાવી લઈ ને ખાનગી રીતે કેદમાં રાખવાના આરોપ મુકેલા હતા. કલકત્તા ગુરખા સમાજને એ અરજીની ખબર પડી. ગુરખા સમાજના પ્રમુખ અને મંત્રીએ એ અરજી સંબંધમાં તપાસ ચલાવવાના કામમાં પોલિસને મદદ કરવાની પોતાની ઇચ્છા પોલિસ કમિશનરને જણાવી. પોલિસ કમિશનરે તેનો હર્ષથી સ્વીકાર કર્યો. ગુરખા સમાજના પ્રમુખે અને મંત્રી ખડગબહાદુરસિંહે રાજકુમારીની અરજી વાંચી એ પ્રકરણની તપાસ ચલાવવા માંડી.

રાજકુમારી, તેની કેફિયત મુજબ, નેપાળના મહૂંમ

મહારાજા સર જંગ બહાદુરની પૌત્રી થાય. તે પોતાના એક ગામમાં નેપાળમાં રહેતી. ત્યાંથી એક દિવસ, તેની જુવાન વય અને તેનું રૂપ જોઇ, તેને એક હરામખોર કાશી ઉઠાવી ગયો. રાજકુમારીએ છુટવા અને બહારની મદદ મેળવવા ખુબ ફાંફાં માર્યાં: પણ એ બદમાશનો ફાંસલો એવો સજ્જડ હતો કે ન તો રાજકુમારી તેમાંથી છુટી શકી કે ન તો બહારની દુનિયાને તેની અવદશાની ખબર પડી શકી. એ બદમાશે રાજકુમારીને ખુબ હેરાન કરી. તેના રૂપનો વેપાર કર્યો, તેના શરીરની દુકાન ચલાવી. નેપાળની રાજકુમારી દૈવના યોગે, બજારી વેશ્યા બની રહી.

આખરે, રૂપવતી સ્ત્રીઓના વેપાર કરનારા એ હરામખોરોએ રાજકુમારીને કલકત્તા આણી. ત્યાં હીરાલાલ અગ્રવાલ નામના એક લક્ષાધિપતિ મારવાડી વેપારીને તેનું વેચાણ થયું. હીરાલાલે અને તેના દુરાચારી મિત્રમંડળે, તેમના વ્યસનને તૃપ્ત કરવા રાજકુમારી ઉપર બની શકે તેટલો અત્યાચાર ગુજારવા માંડ્યો. રાજકુમારીથી એ ન સહી શકાયું. તેણે આ દોઝખમાંથી છુટવાને ખુબ વલખાં માર્યાં; પણ જ્યાં ગમે તે પ્રકારની શયતાનિયત આચરવા નાણાંની છાકમછોળ ઉડતી હોય ત્યાં આ અનાથ, અસહાય બાળા કઇ રીતે છુટકારો સાધી શકે? આખરે બાળાના સુભાગ્યનો ઉદય થતાં, તેની અરજી પોલિસ કમિશ્નર પાસે પહોંચી, અને ગુરખા સમાજને પોતાની રાજપુત્રીની—પોતાની બહેનની આવી અસહાય દશાના ખબર મળ્યા. ખડગબહાદુર પોતાની એ બહેનની મદદે દોડ્યો.

પોલિસની સહાયથી ખડગબહાદુરસિંહે રાજકુમારીની ખાનગી મુલાકાત લીધી. રાજકુમારીને પોતાની ધર્મની બહેન કહીને આશ્વાસન દીધું અને તેના વીતકની બધી કથા તેના મોંએથી સાંભળી. એ વીતકવાર્તા સાંભળીને ખડગબહાદુર કંપી ઉઠ્યો. કલકત્તાનો લક્ષ્મીવંત સમાજ—એ સમાજના અગ્રેસર સમો વેપારી વર્ગ, પોતાની વાસનાતૃપ્તિને અર્થે કુમારીઓને કઇ રીતે ફસાવે છે, તેમને કેવી રીતે વેચાણ લે છે અને પછી તેમના દેહ સાથે કેવા દાનવી દુરાચાર ખેલે છે એ બધું રાજકુમારીને મોંએથી જાણી ખડગબહાદુરના લોહીના બિંદુએ બિંદુમાં આગ વ્યાપી રહી. અને કલકત્તાના એ લક્ષ્મીવંત સમાજને તેમના દુરાચાર સેવનની સગવડ કરી આપનારા, રૂપવતી સ્ત્રીઓને ગામડાંમાંથી પકડી તેનો રીતસર વેપાર ચલાવનારા એક આખા વર્ગની વાત જ્યારે ખડગબહાદુરે સાંભળી, ત્યારે તો એના દેહના અણુએ અણુમાં આ આખા સમાજને સાફ કરી નાખવાનો રોષ વ્યાપી રહ્યો. ત્યાં તો વળી ખડગબહાદુરે રાજકુમારીના મુખથી સાંભળ્યું કે હીરાલાલ અનેક નેપાળી બાળાઓને ફસાવે છે. એટલે ખડગબહાદુરનો બધો રોષ હીરાલાલ ઉપર કેન્દ્રિત થયો. ખડગબહાદુરે નિશ્ચય કર્યો કે 'મારા દેશની પુત્રી ઉપર આવા અત્યાચાર ગુજારનાર શયતાનનો હું જાન લઇશ અને એ રીતે સારી દુનિયાને જાહેર કરીશ કે નેપાળી બાળા ઉપર હાથ નાખવો એ અગ્નિ સાથે રમત છે —એ મૃત્યુને નિમંત્રણ છે. એ રીતે હું મારા દેશના નારીત્વના સ્વમાનની રક્ષા કરીશ ત્યારે જ હું જંપીશ.'

ખડગબહાદુર મરણિયો બન્યો.

આજના હિન્દુ સમાજને જે જીવલેણ રોગ લાગુ પડ્યો છે અને તેના બાહ્ય ચિહ્ન તરીકે જે એક પછી એક ચોંકાવનારા પ્રસંગો પ્રકાશમાં આવતા જાય છે, એ ઉપરથી એમ જ લાગે છે કે હિન્દુ સમાજનાં વિનાશનાં બળો હિન્દુ સમાજની મધ્યમાં જ વસી રહ્યાં છે. આ પાનાંઓ પર પ્રગટ થતો નેપાળી બાળા રાજકુમારીનો કિસ્સો એ કાંઈ અસામાન્ય બનાવ નથી; એ તો રોજની અતિ સામાન્ય ઘટના છે; માત્ર આ કિસ્સો ખડગબહાદુરની વીરતાને પરિણામે વર્તમાનપત્રોમાં ચર્ચાયો એટલી એની વિશેષતા.

પણ આ દાવાનળ આપણે બસ ચુપચાપ, અગર બહુ તો, વિરોધના બે પોલા શબ્દો બોલીને જ જોયા કરીશું? ખડગબહાદુરને તેની જાતિભગિની રાજકુમારીની કથની સાંભળી જે દુ:ખ થયું, જે રોમેરોમ કાળી બળતરા વ્યાપી રહી, તેવું દુ:ખ કે તેવી બળતરા, જ્યાં સુધી આપણને ન થાય ત્યાં સુધી હિન્દુ સમાજની આજની અવદશા કાયમ રહેવા જ સરજાએલી છે.

સ્ત્રીસન્માનના રક્ષણહાર બનવાની, સમાજદ્રોહીઓ સામે કટ્ટર બહારવટું માંડવાની, સમાજસુધારાની અડગ ઝુંબેશ આદરવાની એ લ્હાણ આજના જુવાનોએ જ લેવી જોઇએ. આ કદરૂપા સંસારને સ્વર્ગ બનાવવાની ભાવના સેવવી, સ્વપ્નદૃષ્ટા બનવું, આદર્શ ભક્તિ આચરવી, જીવનને ઉન્નત ઊર્મિઓની એક સળંગ કવિતા બનાવી દેવી, એ યુવાનીનો જ ભાગ્યાધિકાર છે. એટલે, અનર્થ સામે યુદ્ધ માંડવું અને સમાજની ફુલવાડીની રક્ષા કરવી, સમાજમાં નવા આદર્શો અને નવી ભાવનાઓની ભરતી કરવી એ યુવાનોનું કર્તવ્ય છે. ખડગબહાદુરો યુવકસમાજમાંથી જ ઉદ્ભવી શકે. નેપાળના એ યુવકની જેમ સમાજની અવદશા જોઈ ઉગ્રતમ રોષથી સળગી ઉઠે અને બીજા બધા હિસાબોને ઠોકરે મારી, સીધેસીધા કેસરિયાં કરી નાખે એવા ગુજરાતી યુવકો આપણે જોઇએ છે. અને જે દિવસે એવા ગુજરાતી યુવકો—ગુજરાતી ખડગબહાદુરો મેદાને પડશે, તે દિવસથી ગુજરાતમાં નૂતન સમાજરચનાનો પૂનિત પ્રારંભ મંડાશે. (સૌરાષ્ટ્ર)

હીરાલાલના લોહીથી પોતાનું ખંજર રંગવાના ઉમંગભર્યા આવેશે તેનો કબજો લઇ લીધો અને આખરે ખડગબહાદુરે, હીરાલાલ અગ્રવાલને તેના દુરાચરણ માટે, કાયદો તેની જંતુની ગતિએ કંઇ સજા કરે તે પહેલાં પોતે જ તેનો જાન લીધો અને સંતોષ મેળવ્યો કે 'મારી દેશપુત્રીની ઈજ્જત ઉપર હાથ નાખનારને મેં બરાબર સજા કરી છે. હવે કાયદો મને ફાવે તે શિક્ષા ફરમાવે: મને તેની જરા યે પરવા નથી.'

બીજી પ્રભાતે હીરાલાલ અગ્રવાલના ખુનની ઘટના કલકત્તાને લંગલંગે ફરી વળી અને હીરાલાલ જેવાં કાળાં કરતુકોમાં રાત્રિઓ પસાર કરનારાઓ થથરી ઉઠ્યા. કલકત્તાએ, આ ખુનને અંગે અને તેના પરિણામે પ્રકાશમાં આવેલી ચોંકાવનારી હકીકતો જાણીને આગળ ભાગ્યે જ અનુભવ્યો હોય એવો અસામાન્ય સંક્ષોભ અને ફફડાટ અનુભવ્યાં. પોતાના એક કૃત્યનું—જેને કાયદો ખૂન કહી ફાંસીની સજા ફરમાવશે તે કૃત્યનું—આવું અજબ પરિણામ જોઈ, ખડગબહાદુરે ફરીવાર તૃપ્તિ અનુભવી કે 'ધારી અસર થઇ ચુકી છે: હવે કાયદો મને જલ્લાદની છુરી નીચે રહેંસાઇ જવા ફરમાવે તોપણ ચિંતા નથી.'

ખડગબહાદુર ઉપર હીરાલાલના ખુનનો આરોપ મુકાયો. મુકદ્દમો કલકત્તા હાઇકોર્ટ સેશન્સ સુધી પહોંચ્યો. એ લાંબી ક્રિયા દરમ્યાન સમાજની હેવાનિયત ખુબ પ્રકાશમાં આવી. આરોપી તરીકે પોતાની કેફિયત રજુ કરતી વેળા ખડગબહાદુરસિંહે અદાલતને સંભળાવ્યું કે 'એ ગરીબડી બાળા ઉપર ગુજારવામાં આવેલા સીતમો અને અત્યાચારો ગમે તેવા નિષ્ઠુર માણસને પણ એવો ગાંડો બનાવી મુકે તેવા હતા, એ પ્રકારના દુરાચારથી અમારી આખી સ્ત્રીજાતિની એવી ઇરાદાપૂર્વક અને ગંભીર બદનામી કરવામાં આવી હતી, એ સમાજદ્રોહીઓએ અમારા દેશની આખી પ્રજાનું એવું ઘોર અપમાન કર્યું હતું કે એ બધું ચુપચાપ, નીચી મુંડીએ, નામર્દની કાયરતાપૂર્વક બરદાસ્ત કરી લેવાનું હું ન સ્વીકારી શક્યો. અમારી આખી જાતિના નફટાઇપૂર્વક કરવામાં આવેલા એ અપમાનનો મેં મને આવડે તેવો બદલો લીધો છે અને હું તે સ્વીકારું છું. મેં એ મારી ફરજ બરાબર અદા કરી છે કે નહિ એ ફેંસલો હવે અદાલતે આપવાનો રહે છે. હું પોતાનો બચાવ માનું છું કે મેં જે કર્યું છે, અને જેને નીતિ વ્યાજબી ઠરાવે છે તેને કાયદો ગેરવ્યાજબી ઠરાવી શકે જ નહિ: કારણકે જો હું કાયદાનો અર્થ અને ઉદ્દેશ બરાબર સમજતો હોઉં તો, કાયદો અનર્થકારીઓને સજાએ પહોંચાડવા માટે જ અસ્તિત્વ ધરાવે છે. કાયદાનો અને કાયદાના રાજ્યનો એ એક જ ઉદ્દેશ હોઈ શકે.'



ખડગબહાદુરસિંહ

ખડગબહાદુરની આ કેફિયત સાંભળી અદાલત વિચારમાં પડી ગઇ. અદાલતના કાજીઓ, પંચો, વકીલો, ધારાશાસ્ત્રીઓ, શ્રોતૃસમુદાય સૌ ખડગબહાદુરને કાયદાનો અપરાધી ઉચ્ચારતાં પહેલાં ઘડીભર થંભી ગયા. સૌએ જોયું કે વીર ખડગબહાદુર પોતાની જાતિનું અપમાન સાંખી શક્યો નહિ, એટલે તેણે એ અપમાનના આચરનારને સજા નસીહત કરી તેનો જીવ લીધો ને પોતાનું કર્તવ્ય બજાવ્યું. પણ, એ બધું છતાં, કાયદો એ શુભ ઉદ્દેશની, એ ઉચ્ચ ભાવનાની, એ જ્વલંત જાતિપ્રેમની નોંધ ન લઇ શક્યો. તેણે અંતે ખડગબહાદુરને હીરાલાલના ખુનના ગુનાહ માટે નહિ પણ તેને ગંભીર ઇજા પહોંચાડવાનો ગુનેહગાર ગણીને આઠ વરસની સખત જેલની સજા ફરમાવી, અને એ વીરનરને પોતાના એ વીરત્વભર્યા કૃત્ય બદલ આઠ લાંબાં વર્ષો સુધી જેલની ચક્કીમાં પીલાવા હડસેલી દીધો.

ખડગબહાદુરને કાયદે ગુનેહગાર ઠરાવ્યો, પણ પ્રજાએ તો તેને સમાજની નીતિના અને સદાચારધર્મના વિરલ રક્ષણહાર તરીકે જ વધાવી લીધો. ખડગબહાદુરની શબ્દેશબ્દે વીરત્વથી છલકાતી એ કેફિયત હિંદુસ્તાનના ખુણેખુણામાં ગાજી રહી. હિંદુસ્તાનના એકેએક વર્તમાનપત્રે એ વીર ખડગબહાદુર ઉપર અભિનંદનનાં ફુલોની વૃષ્ટિ કરી, અને પ્રજામતના પ્રતિનિધિ તરીકે, એક અવાજે બંગાળ સરકાર પાસે પ્રજા માગણી રજુ કરી કે ખડગબહાદુરને જેલની સજા, એટલે નીતિ અને સદાચારધર્મને જેલની સજા: માટે ખડગબહાદુરને તત્કાળ મુક્તિ મળવી જોઈએ. દેશભરમાં ઠેર ઠેર જાહેરસભાઓ ભરાઇ: એ દરેક જાહેર સભાએ બંગાળ સરકારને ખડગબહાદુરને છોડી મુકવા વિનંતિ ગુજારી. દેશભરની તમામ જાહેર સંસ્થાઓએ, પોતાના રાજકારણી મતભેદો ભુલી, ખડગબહાદુરનો એકદમ છુટકારો કરવા બંગાળ સરકારને પ્રાર્થનાઓ મોકલી. બંગાળની સ્ત્રીઓના પ્રતિનિધિમંડળે ખુદ બંગાળ સરકારના કારોબારી સભ્યની મુલાકાત લઇને, હિન્દના સ્ત્રીત્વના સન્માનની રક્ષા અર્થે કેસરિયાં

કરનાર એ વીરને જેલવિમુક્ત કરવા તેને અનુરોધ કર્યો. એપ્રિલ મહીનાના પહેલા સપ્તાહમાં દેશમાં તમામ સ્થળોએ એક જ સૂર સંભળાતો,—સૌકોઈ એક જ વાત વદતું: 'ગમે તેમ આપણે વીર ખડગબહાદુરને છુટો કરાવવો જ જોઇએ: બંગાળ સરકારે એ વીરની ઉચ્ચતમ ભાવનાને લક્ષમાં લઈ તેને કારાગારમાંથી તત્કાળ મુક્ત કરી તેનું સન્માન કરવું જ જોઇએ.' અને પ્રચંડ પ્રજામત જોઇ, સૌકોઇને એમ જ દીસતું કે ખડગબહાદુર હમણાં જ છુટી જશે. પણ એ વાતને ત્રણ મહીના વીતવા આવ્યાં છતાં યે બંગાળ સરકારે તેને હજી મુક્તિ નથી આપી કે તેને મુક્તિ અપવાનું કંઇ વલણ નથી બતાવ્યું. ઉલટું, એ બહાદુર સમાજસેવકને બીજા સામાન્ય ખુનના કેદીઓના જેવો જ ગણીને, તેની સાથે પણ એવો જ ક્રૂરતાભર્યો વર્તાવ ચલાવી રહી છે.

સરકાર ખડગબહાદુર સાથે ગમે તેવો વર્તાવ ચલાવે, તેને ભલે આઠ વર્ષો સુધી જેલમાં સડવા કરે, પણ હિંદનો સમાજ તો તેને સ્ત્રીસન્માનના બહાદુર સંરક્ષક તરીકે જ સન્માનશે. (સૌરાષ્ટ્ર)

સુભાષચંદ્ર બોઝનો છુટકારો



મૃત્યુનાં ડચકાં ભરતા સુભાષચંદ્રને છુટા કરી તેના સ્વજનોના મોં ઉપર ફેંકવાની નામર્દાઇ આચરીને, સરકારે એ નામાંકિત નરવીરના મૃત્યુની જવાબદારીમાંથી પોતાનો બચાવ કરી લીધાની આત્મઠગાઈ ખેલી. પણ એથી, બીજા સેંકડો બંગાળી નવજુવાન નજરકેદીઓની, જેલની દીવાલો ભેદીને બહાર ધસી આવતી એ કારમી ચીસો નથી શમતી. એ ભુખમરાની કથનીઓ, એ આપઘાતની કહાણીઓ, એ રીબાઇ રીબાઇને જીવનદીપક ઠરી જવાની હૃદયભેદક કથાઓ: એ ભગ્ન આશાઓ અને નિરાધાર કુટુંબોની ડૂસકિયારીઓ હજી યે જેવી ને તેવી જ કાન ઉપર અથડાઈ રહી છે.

ગાંધીજી ભીતિ જાહેર કરે છે કે સરકારની ભ્રામક ચેષ્ટાઓથી અને દયાના ટુકડાઓ ફેંકવાની કળાથી દેશ કદાચ ચુપ થઈ જશે. એ વિચાર અસહ્ય છે, અવિચારણીય છે. દેશને નામે જીવનની કુરબાની કરવા તલસી રહેલા, ભવ્ય સ્વપ્નો અને ભવ્ય મહેચ્છાઓ હૃદયમાં સાચવતા, એ જુવાન દેશભક્તોને દેશ એમ ભુલી શકે જ નહિ. દેશના પ્રાણના એ પ્રાણરૂપ છે: દેશધર્મ બજાવતાં આત્મબલિદાન ધરીને શહીદ બનવાનો જેમનેજેમને કિરતારે ભાગ્યાધિકાર આપ્યો છે એવા ભારતના શહીદો માંહેના એ શહીદો છે. તેમની યાતનાઓમાંથી જ નવી શક્તિ જન્મશે, અને એક દિવસ એવો આવશે જ્યારે તેમનાં હૃદયો સ્વાધીનતાના પાવકથી પ્રજ્વળી ઉઠશે ને જેલની એ અંધારકોટડીઓમાંથી દેશભરમાં નવો પ્રકાશ પથરાશે. ત્યારે સિંહાસનો ધ્રુજી ઉઠશે, સામ્રાજ્યો ડગમગી રહેશે, અને કોઈ ભયંકર રાક્ષસી ચીસ પાડીને જેલના દરવાજાઓ ફટાક ઉઘડી જશે. પૃથ્વી, આકાશ, વાયુ—પ્રભુનાં સરજેલાં સૌ તત્ત્વો—સારો ભારતવર્ષ હર્ષનાદથી ગાજી ઉઠશે. અને એ હર્ષના સૂરોની વચ્ચે ભારતના વિજયદુદુંભિનો સૂર ઉઠશે! પ્રભુ, ભારતનિયંતા, એ સુદિવસ વહેલો મોકલજે!

(સૌરાષ્ટ્ર)

જ્ઞાનલીલા (અનુસંધાન પાન ૨૫૯થી ચાલુ)

શબ્દગોઠવણ: નીચે બાજુએ ગોઠવેલા આંકડાઓના આકાર અને નંબર પ્રમાણે શબ્દો ગોઠવવાથી નીચે મુજબના અર્થો નીકળે છે. એ શબ્દો શોધી કાઢીને ગોઠવી મોકલો.

૧
૨ ૩ ૪
૫ ૬ ૭ ૮ ૯
૧૦ ૧૧ ૧૨
૧૩

૨,૩,૪,=સાથ; ૫,૬,૭,૮,૯,=ગુજરાતના એક રાજાનું નામ; ૧૦,૧૧,૧૨=ગમગીન; ૨=એક સંખ્યા; ૧,૩,૭,૧૧,૧૩=એક પ્રખ્યાત કવિ; ૪,૮,૧૨=શોધ.

શી સગાઇ? ઉંટ ઉપર બેસીને એક જણ જતો હતો ને પાછળ એક બાઈ ચાલતી હતી. કોઇએ બાઇને પુછ્યું કે, 'ઉંટ ઉપર બેસનાર તારે શો સગો થાય?' ત્યારે બાઇએ જવાબ આપ્યો કે, 'એના બાપનો બનેવી તે મારે સગો નણદોઈ થાય.' તો એ બે વચ્ચે શી સગાઇ હશે?

શબ્દસાંકળી: અનુક્રમે છ શબ્દો એવા આપો કે જેના દરેકના છેલ્લા બે અક્ષરોથી શરૂ થઇને પછીનો શબ્દ બનતો જાય અને તે દરેકનો અર્થ અનુક્રમે નીચે પ્રમાણે પ્રમાણે થાય. (૧) મુસાફરી (૨) કર્તવ્ય (૩) એક ધાતુ (૪) રક્ષણ (૫) પુત્ર (૬) શરીરનો એક ભાગ.

ગોઠવી કાઢો: 'ભાવનગર'—આ શહેરના પાંચ અક્ષરમાંથી જેટલા બને એટલા વધારેમાં વધારે નવા શબ્દો ગોઠવી કાઢો. જેમકે ૧,૩=ભાન; ૩,૫=નર એ પ્રમાણે.

મિ. ઓડુબોનને પક્ષીઓ બહુ ગમતાં. એ જેટલાં પક્ષીઓ જોતો તેમનાં સુંદર ચિત્રો દોરી લેતો. આ રીતે તેણે બસોએક ચિત્રો એકઠાં કર્યાં હતાં. એક રાતે ઉંદરોએ એના કબાટમાં દાખલ થઇ બધાં ચિત્રો કરડી ખાધાં. ઓડુબોન ખિન્ન થયો પણ નિરાશ ન થયો. અત્યંત ધીરજ રાખી વર્ષો સુધી જંગલોમાં ફરી એણે બધાં ચિત્રો ફરી વાર દોરી કાઢયાં.

જોડણીની સામાન્ય ભુલો

નિરવ	નહિ	પણ	નીરવ
શ્રાપ	નહિ	પણ	શાપ
જૂદાજૂદા	નહિ	પણ	જુદાજુદા
પત્નિ	નહિ	પણ	પત્ની
હોંશિયાર	નહિ	પણ	હોશિયાર

મંજુ—વિનુ, તને કઇ રીતે મરી જવાનું સૌથી વધારે ગમે?


વિનુ—ઉંઘમાં મરી જાઉં ને સવારે જાગું ત્યારે ખબર પડે કે હું મરી ગયો છું; એ રીતે મરવાનું મને બહુ ગમે!

મચ્છરના ઝીણાઝીણા ચટકાથી બચવા માટે પીળા રંગનાં કપડાં પહેરવાં. મચ્છરને પીળો રંગ બીલકુલ ગમતો નથી, એટલે તે એનાથી દૂર ને દૂર ભાગે છે. રાતા રંગ પર એને બહુ જ પ્રેમ છે. મચ્છરની નજર એટલી બધી તેજાવર હોય છે કે ગમે એવા અંધારામાં પણ તે રંગ પારખી શકે છે. એટલે તમારી તળાઇ, તેની ચાદર, બારીના પડદા, વગેરે હંમેશા પીળા રંગના જ રાખો તો તમને બારે સુખ થઇ જાય.


જીભ ઉપર એક ચપટી મીઠું દસેક મિનિટ રાખી પછી ઠંડા પાણી સાથે પેટમાં ઉતારી જવાથી માથું દુખતું મટી જશે.

તીતીઘોડાના કાન તેના આગલા પગ ઉપર હોય છે.

બાટલીનો બુચ કાઢવાનું



નાહવાની ડોલ વાપર્યા પછી હમેશાં ઉંધી વાળી રાખવાથી તેનું આયુષ્ય બેવડું થાય છે. ડોલમાં રહેલ સહેજ પાણીથી થોડા વખતમાં તેમાં બારીક કાણાં પડી જાય છે.



આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બે આંગળીઓ એકબીજી પર ચડાવી તેની નીચે એક લખોટી આમતેમ ગબડાવો. પછી લખોટીને ગબડતી જ રાખી આંખો બંધ કરી દેશો એટલે એકને બદલે બે લખોટી હોય એમ લાગશે.

દહીં, શ્રીખંડ, છાશ કે કેરીનો રસ ખાટો હોય તો તેની અંદર બેથી ત્રણ રતીભાર સાજીનાં ફુલ (સોડા બાઇકાર્બોનેટ) નાખજો. થોડી જ વારમાં ખટાશ ચાલી જશે.

પેટન્ટ ચામડાના બુટ ઉપર ટરપેન્ટાઇન ચોપડીને લુગડા વતી સાફ કરવાથી તે એકદમ ચકચકિત બની જશે.



અહિંયાં સહસ્રલિંગ તળાવ વિશાળું હતું
અહિંયાં પાટણ જુનું અહીં આ લાંબું સુતું

હજાર હજાર શિવમંદિરોને પોતાના કાંઠા પર ધારીને વિશાળ સહસ્રલિંગ તળાવ પાટણકાંઠે જ્યાં ગુજરાતના ગૌરવનાં મોજાં ઉછાળતું હતું એ જગ્યાએ આજ, ઉપરનો ફોટોગ્રાફ બતાવે છે કે માત્ર સપાટ મેદાન જ રહ્યું છે. વચ્ચે ટેકરી જેવું છે ને તેના પર એક ખંડિયેર છે.